
ESTD. 1969

SHILPA JEWELLERS

A SYMBOL OF LEGACY

મંગળવાર, ૧૪ ઓક્ટોબર ૨૦૨૫
સવારના ૧૧:૦૦ વાગ્યાથી



અમારા નવા શોરૂમના

GRAND OPENING

ના ઉજવણી પ્રસંગે અમારી સાથે જોડાઓ

મંગળ પુષ્ય નક્ષત્રના શુભ દિવસે

ડાયમંડ મેકિંગ ચાર્જિસ પર ફ્લેટ 50% ઑફ

પ્લેન ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 8% થી શરૂ થાય છે

પોલ્કી મેકિંગ ચાર્જિસ પર ફ્લેટ 50% ઑફ

રોઝ ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 14% થી શરૂ થાય છે

એન્ટિક ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 12% થી શરૂ થાય છે

હેરિટેજ ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જિસ 14% થી શરૂ થાય છે

THE TWIN TOWERS, NR SAURASHTRA HIGH SCHOOL,
OFF KALAVAD ROAD, RAJKOT - 360 001

પેલેસ રોડ શોરૂમ ૧૩ થી ૧૫ ઓક્ટોબર સુધી બંધ રહેશે.

TERMS & CONDITIONS APPLY*

## અસરકારક પ્રત્યાયન જ સફળતાની ચાવી

# સંવાદ સેતુ: શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું અસરકારક જોડાણ

### આ ટેકનિક જ જ્ઞાનના પ્રવાહ સાથે અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાને જીવંત બનાવે છે: સફળ શિક્ષક બનવા માટે અસરકારક સંચારના સિદ્ધાંતોનો અમલ કરવો પડે: વિદ્યાર્થીઓને સાચું શિક્ષણ ઈફેક્ટિવ કોમ્યુનિકેશનથી જ આપી શકાય

પ્રત્યાયન કે માહિતી સંચાર એટલે પ્રતિકાત્મક સંદેશાઓ, સુચનાઓ દ્વારા કરવામાં આવતી માહિતીની આપ-લે અને તેનું અર્થઘટન : જે વિદ્યાર્થી પોતાની મુંઝવણ કે મુશ્કેલીઓ તેમના શિક્ષકો અને વાલીઓને સમજાવી શકતા નથી, તેઓ એક પ્રકારની ગુંગણામણ અનુભવે છે અને પરિણામે તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ અને નકારાત્મકતા જોવા મળે છે

આજકાલ વિદ્યાર્થીને ભણતરનો ભાર કે ટ્રેસ લાગે છે. કામનાં સ્થળે પણ દબાણને કારણે કોમ્યુનિકેશન પર નકારાત્મક અસરો પડે છે. માણસને સ્ટ્રેસ ગમે તે રીતે આવી શકે છે. પોતે પોતાની મુશ્કેલી કોઈને સમજાવી ન શકે તો પણ માનવી હોય છાત્ર બધા જ તાણાવમાં આવી જાય છે. આજે તો રોજીંદા જીવનમાં પણ તકલીફ પડી રહી છે, ત્યારે વ્યકિતએ હકારાત્મક વલણ થકી ટ્રેસને ખાળવું જરૂરી છે. જો આમ નહીં કરે તો તે પોતાના કામમાં સંપૂર્ણ ધ્યાન આપી શકતો નથી. ઘણીવાર તમે જોયું હશે કે એક વ્યકિતના ટ્રેસથી બીજાના કાર્યો પર અસર પડે છે. હળવું વાતાવરણ નકારાત્મક અસરોને ઓછી કરે છે.

છાત્રોની મુશ્કેલી સમજીને તેને કાઉન્સેલીંગ (પરામર્શ) દ્વારા માર્ગદર્શન-સમજ-તારણો આપવા જરૂરી છે. પોઝીટીવ કોમ્યુનિકેશનનું વિદ્યાર્થીના જીવનમાં અતિ મહત્વનું કામ કરે છે. આજના યુગમાં તો ટાઈમ મેનેજમેન્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ઈફેકટીવ કોમ્યુનિકેશન વિગેરે હસ્તગત કરવું જ પડશે. વિદ્યાર્થીઓમાં આ સ્કીલ ડેવલપ થતા તે એક બીજા સાથે વિચારોનું આદાન-પ્રદાન સુવ્યવસ્થીત રીતે કરી શકે છે. છાત્રોના કૌશલ્યોમાં સુધારો-ટીચર-મા-બાપ જ કરી શકે છે. આમ જોઈએ તો જીવનના પહેલા દિવસથી જ કૌશલ્યોનો વિકાસ થતો હોય છે. નોકરીના સ્થળે તથા આપણા જીવનમાં રોજે રોજ અસરકારક પ્રત્યાયનની જરૂર પડે છે. બોડી લેંગ્વેજ પણ કોમ્યુનિકેશન સ્કીલમાં આવી જાય છે. ઘણીવાર આપણે શબ્દોને બદલે તેના દ્વારા જ જવાબો આપતા હોય છે. શ્રવણ કથન પણ મહત્વનો પાર્ટ છે. સમજે-વિચારે-બોલે-લખે કે બીજાને સમજાવે આજ હકારાત્મક વલણની ખરી વાત છે. આજકાલ સોશિયલ મીડિયા પણ ઈફેકટીવ મીડિયમ તરીકે છે. ટિવટર એક અસરકારક માધ્યમ બન્યું છે. સામાન્ય માણસથી પોલિટિકલ લોકો પણ પોતાની વાત-વિચારો રજુ કરવા આનો ઉપયોગ કરે છે.




**નોલેજ કોર્નર**

**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

પ્રત્યાયન અથવા માહિતી સંચાર એટલે પ્રતિકાત્મક સંદેશાઓ અથવા સૂચનાઓ દ્વારા કરવામાં આવતી માહિતીની આપ-લે અને તેનું અર્થઘટન. આ માહિતી સંચાર અસરકારક ત્યારે જ કહેવાય છે કે જયારે સંદેશો ઝીલનાર વ્યકિત તે સંદેશાનો મૂળ અર્થ સમજે. પછી ભલે તે સંદેશાઓ શાબ્દિક, અશાબ્દિક અથવા ચિત્રાત્મક હોય. દા.ત. પુસ્તકાલયમાં મોઢા ઉપર આંગળી મુકીને ઉભેલી છોકરીનું ચિત્ર જોઈને વિદ્યાર્થીઓ સમજી જાય છે, કે આ ચિત્ર શાંતિ જાળવો નો સંદેશ આપે છે. પ્રત્યાયનમાં વ્યકિત વાતચીત, હળવી વાતચીત અથવા મતપ્રદર્શન, વકતવ્ય, વિચારોની આપ-લે વિગેરે દ્વારા પોતાના વિચારો બીજા સુધી પહોંચાડવા ઈચ્છે ત્યારે અસરકારક પ્રત્યાયનનું કૌશલ્ય એનામાં હોવું અનિવાર્ય બને છે. જે વિદ્યાર્થીઓ પોતાની મુંઝવણ કે મુશ્કેલીઓ તેમના શિક્ષકો અથવા વાલીઓને સમજાવી શકતા નથી, તેઓ એક પ્રકારની ગુંગળામણ અનુભવે છે અને પરિણામે તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ, નકારાત્મકતા અને હિનતાની લાગણી જેવી મર્યાદાઓ જન્મે છે. આવા નકારાત્મક વલણો તેમના વ્યકિતત્વના વિકાસમાં મોટા અવરોધો ઉભા કરે છે. બીજી બાજુ જે બાળકો ખુબ સરસ રીતે, સ્પષ્ટતાથી પોતાના મંતવ્યો, વિચારો અને લાગણીઓનું પ્રદર્શન કરી શકે છે. તેમજ અન્ય વ્યકિતઓના વિચારો અને લાગણીઓ સમજી શકે છે, તેઓ સરળતાથી બધા સાથે હળીમળીને ઝડપભેર આગળ વધતા જાય છે અને ભવિષ્યમાં એક સફળ વ્યકિત તરીકે ઉભરી આવે છે. આમ, વિદ્યાર્થીઓ માટે આ કૌશલ્ય શીખવું અત્યંત જરૂરી છે. આ કૌશલ્ય શીખવતી વખતે શિક્ષકો તેમજ વાલીઓએ વિદ્યાર્થીઓ/બાળકોને તેમના દષ્ટિકોણથી સમજવા ઘટે છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓની વિવિધ લાક્ષણિકતા, પૂર્વભૂમિકા, વ્યકિતત્વના પાસાઓ, મર્યાદાઓ અને ભાષાકીય જ્ઞાનને ધ્યાનમાં રાખીને તે મુજબ પ્રત્યાયનનું કૌશલ્ય તેમનામાં વિકસાવવું જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓને એવું પ્રોત્સાહન પુરુ પાડવું આવશ્યક છે કે જેનાથી વિદ્યાર્થીઓ સ્વતંત્ર વિચારોનું આયોજન કરે, માહિતી સંચારની જવાબદારી સમજે અને તે નિભાવવા તૈયાર થાય. માહિતીની આપ-લેની જરૂરીયાત, હેતુ અને મહત્વ સમજીને માહિતીનો સંચાર કરે તેમજ સાંભળનાર વ્યકિત અથવા વ્યકિતગણ સમયની માંગને અનુસરે. જેમ કે વિદ્યાર્થીઓ જાતે જ સમજી જાય કે જયારે શિક્ષક અતિ વ્યસ્ત હોય ત્યારે તેમની પાસેથી માર્ગદર્શન લેવા ન જવાય અથવા તો ઘરમાં, જયારે માતા-પિતા અન્ય કામમાં રોકાયેલા હોય ત્યારે ઉજાણીએ જવાનું આયોજન કરવા ન બેસાય.જયારે શિક્ષકો ભણાવતા હોય અને વિદ્યાર્થીઓ પણ તેને સાચા અર્થમાં સમજતા હોય ત્યારે જ તે જ્ઞાન બને છે. આ રીતે, વિદ્યાર્થીઓને સાચું શિક્ષણ અસરકારક પ્રત્યાયન દ્વારા જ આપી શકાય છે. તે માટે જરૂરી છે કે શિક્ષકો વારંવાર વિવિધ રીતે વિદ્યાર્થીઓના પ્રત્યાઘાતો જાણે અને તે મુજબ ભણાવવાની રીતમાં ફેરફાર કરે. જયારે કોઈ અઘરા પાઠ વિદ્યાર્થીઓને ન સમજાતા હોય ત્યારે શિક્ષક વિદ્યાર્થીઓને સમજ પડી છે કે નહીં તેની ખાતરી સવાલો દ્વારા કરીને, તે મુજબ આગળ ભણાવી શકે. વળી, જીવન કૌશલ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને એ સમજાવવું પણ એટલું જ જરૂરી છે કે પ્રત્યાયનમાં શ્રવણ એટલે કે સાંભળવાનું મહત્વ સૌથી વધારે છે.તેમને ધ્યાનપૂર્વક સાંભળતા કરવાથી શિક્ષણ વધુ અસરકારક બની શકે છે. વિદ્યાર્થીઓને આ કૌશલ્ય વ્યકિતગત રીતે પણ આંતર માનવીય સંબંધોમાં જ્ઞાન વિસ્તારવામાં અને સહકાર મેળવવામાં મદદરૂપ થાય છે. જયારે વિદ્યાર્થીઓ પ્રત્યાયનનો વિવેક જાળવતા શીખે છે એટલે કે જયારે તેઓ સમજે છે કે કયાં શું કહેવું, કયારે અને કોની સાથે કઈ રીતે બોલવું ત્યારે તેઓ આપો આપ એક સમજદાર, સફળ અને પ્રતિષ્ઠિત વ્યકિત છે.મનના વિચારો, મંતવ્યો, સંવેદનાઓ અને લાગણીઓના પ્રત્યાયન દ્વારા એક વ્યકિતનો બીજી વ્યકિત વચ્ચે સમજનો સેતુ રચાય છે. એક વ્યકિતએ કરેલ રજુઆત તે જ સ્વરૂપે બીજી વ્યકિત સમજે તો સફળ પ્રત્યાયન થયું કહેવાય. શિક્ષણને અસરકારક બનાવવા શિક્ષક-વિદ્યાર્થી, વિદ્યાર્થી અને શાળા-સમાજ વચ્ચે પ્રત્યાયન થવું અત્યંત આવશ્યક છે.

### શિક્ષણ પ્રક્રિયાને રસમય બનાવવા માટે વ્યક્તિ અને વસ્તુઓ અસરકારક પ્રત્યાયન પૂરું પાડે છે

પ્રત્યાયન લેખીત, મૌખિક, દ્રશ્ય-શ્રાવ્ય, શાંત સ્વરૂપે પણ હોઈ શકે, આજે તમામ ક્ષેત્રો અદ્યતન ટેકનોલોજીથી ધમધમતાં થયાં છે. પ્રત્યાયન માટેના અસંખ્ય સાધનો શોધાઈ રહ્યા છે. કમ્પ્યુટર, ટેલિવિઝન, મોબાઈલ વગેરે સાધનો પ્રત્યાયન માટે આજના સમયની દેન છે. શિક્ષણ પ્રક્રિયાને રસાળ બનાવવા માટે વ્યકિત અને વસ્તુઓ અસરકારક પ્રત્યાયન પુરૂ પાડે છે. પ્રત્યાયનના હેતુઓ ધ્યાનમાં રાખી વિવિધ પ્રવૃતિઓ પણ શિક્ષણને અસરકારકતા બક્ષે છે. કાવ્ય, નાટક, સંવાદો એ પ્રત્યાયનના ઉત્તમ ઉદાહરણ છે. વિજ્ઞાન ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન જેવા વિષયોના સફળ પ્રત્યાયન માટે સ્થાનીક સ્ત્રોત અગત્યનો ભાગ ભજવે છે. વર્ગખંડમાં અધ્યાપન પ્રક્રિયા કર્યા બાદ આપણે મૂલ્યાંકન કરીએ છીએ જે થયેલ પ્રત્યાયનનું માપન છે. જો વિદ્યાર્થી શિક્ષણની પ્રક્રિયા, પ્રવૃતિને સારી રીતે સમજ્યો હશે તો મૂલ્યાંકન પરિણામ ઊંચુ રહેશે. વિદ્યાર્થીના મૂલ્યાકન સાથે સાથે શિક્ષકે કરેલ પ્રત્યાયનનું પણ મૂલ્યાંકન થાય છે.





**શિક્ષક, વિદ્યાર્થી અને શાળા સમાજ વચ્ચે પ્રત્યાયન થવું એ અત્યંત આવશ્ય: પ્રત્યાયન એ બે વ્યક્તિના વિચારોનું પ્રતિબિંબ છે**
**આજકાલ વિદ્યાર્થીને ભણતરનો ભાર કે ટ્રેસ લાગે છે. કામનાં સ્થળે પણ દબાણને કારણે કોમ્યુનિકેશન પર નકારાત્મક અસરો પડે છે**

# અંજાર પોલીસે ગુમ થયેલા મોબાઈલ અને દાગીના માલિકોને પરત કરાવ્યા





**અબતક**
**ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસ સ્ટેશન ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજી ''સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ'' સૂત્રને સાર્થક કરતાં, સી.ડી.આર. અને સી.ઈ.આઈ.આર. પોર્ટલની મદદથી રૂ.૪,૨૦,૦૦૦/- ની કિંમતના ગુમ થયેલા ૨૦ મોબાઈલ ફોન શોધી, સાથે જ ગુનામાં રીકવર થયેલી રૂ.૧,૨૨,૦૦૦/-ની કિંમતની સોનાની ચેઈન પણ મૂળ માલિકને કોર્ટના હુકમ મુજબ પોલીસ ઈન્સપેક્ટર એ.આર. ગોહીલના હસ્તે સુપ્રત કરવામાં આવી હતી. આ કામગીરી અંજાર પીઆઈ એ.આર. ગોહિલ, પીએસઆઇ વાય.પી.ગોહિલ, જે.એસ ચુડાસમા અને સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# દ્વારકાના યુવા રઘુવંશી નિર્મલ સામાણી અને પરેશ ઝાખરીયાનો લોહાણા મહાજન ટ્રસ્ટમા સમાવેશ

### સમાજના ગરબા મહોત્સવમાં વર્તમાન ટ્રસ્ટીઓ દ્વારા સર્વાનુમતે થઈ જાહેરાત

**અબતક**
**મહેન્દ્ર કકકડ, દ્વારકા**

દ્વારકાના ૧૧ હાલારના તિર્થ ક્ષેત્ર દ્વારકા શહેરના સૌથી મોટો જન સમુદાય ધરાવતા લોહાણા રઘુવંશી સમાજના ટ્રસ્ટમાં સમગ્ર હાલાર અને ગુજરાતભરમાં જાણીતા ચહેરાઓનિર્મલ સામાણી તથા પરેશ ઝાખરીયાને ગત રાત્રીના ગૌશાળાના પરિસરમાં હજારો જ્ઞાતિજનો તથા યુવા રઘુવંશીઓ અને વડીલો તથા મહિલા મંડળની ઉપસ્થિતિમાં દ્વારકા લોહાણા મહાજન જે છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત છે. સમાજ લક્ષી સેવાઓનાં સમુદ્ર સમાન ટ્રસ્ટીમાં મહાજનના ટ્રસ્ટીઓ સંજય રાયઠઠ્ઠા, ડો. નીતીન બારાઈ અને હેમલ ગોકાણી એ સર્વાનુમતે બંને અગ્રણીઓને લોહાણા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સમાવેશ કરવાની જાહેરાત કરી હતી.



આગેવાનોના નામોની જાહેરાત વિજય ભાયાણીએ કરતા સમગ્ર પટાગણમાં ગરબા ધુમી રહેલા રઘુવંશીઓમાંઆનંદ ઉત્સાહની હેલ્લી જોવા મળી હતી. ત્યારબાદ બંને યુવાનોનું આવકાર સાથે સન્માન રઘુવંશી સમાજના રમણભાઈ સામાણી તથા ચંદુભાઈ બારાઈ, ઈશ્વર ઝાખરીયા, વિનુભાઈ સામાણી, વામનભાઈ ગોકાણી તથા જેન્તીભાઈ પાબારી, નરેન્દ્રભાઈ કકકડ, તથા અરવિંદ રાયમગીયા વિગેરેએ ઉપસ્થિત થયા હતા.


નવનિયુકત નિર્મલ સામાણી હાલ લોહાણા મહા પરિષદ તથા લોહાણા જ્ઞાતિની અને અનેક વિધ સંસ્થા અને બિલ્ડર્સ તથા અનેક વિધ સામાજીક કાર્યો સાથે જોડાયેલા છે. જયારે પરેશ ઝાખરીયા ૨૦ વર્ષથી પાલીકાના ઉપપ્રમુખ પદે તથા ભાજપ શહેર પ્રમુખ પદે અને પાલીકાના પ્રતિનિધિ રૂપે દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના ટ્રસ્ટી પદે સેવાઓ આપી છે.વર્તમાન તેઓપાલીકાના કારોબારી સમિતિના ચેરમેન પદે તથા દ્વારકા ટુડે સોશ્યલ મીડીયા માધ્યમથી લોક ઉપયોગી સેવાઓ કરી રહ્યા છે.

### બંને નવનિયુકત ટ્રસ્ટીઓના પદભાર માટે રઘુવંશીઓ તથા વડીલ વર્ગની મહત્વની ભૂમિકા

દ્વારકાના લોહાણા મહાજન ટ્રસ્ટના વધુને વધુ વિકાસ માટે નવરાત્રીના ગરબા મહોત્સવ દરમ્યાન લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ સાથે ખાસ કરીને રઘુવંશી યુવાનોએ તથા વડીલોએ પરામર્શ કરી સંયુકત રીતે લેવાયેલો આ નિર્ણય દ્વારકા માટે નહિ પરંતુ સમગ્ર દેશ દૂનીયાના લોહાણા સમાજ માટે પ્રેરણા રૂપ છે. વર્તમાન ટ્રસ્ટી જીતુભાઈ દાવડા અનિવાર્ય કારણોસર ઉપસ્થિત ન હોય પરંતુ તેમના દ્વારા પણ નિમણુંકને સહમતી સાથે પત્રના માધ્યમ થતી શુભેચ્છા પાઠવી હતી.

# ગોંડલ અક્ષર મંદિરમાં બુધવારે થશે મહંત સ્વામી મહારાજની પધરામણી: હરીભકતોમાં હર્ષ

### ૧૫ ઓકટો. થી ૭ નવેમ્બર સુધી મહંત સ્વામી હરીભકતોને આપશે સત્સંગ લાભ



**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના અક્ષર મંદિરે બી. એ. પી. એસ. સંસ્થાના વડા પૂ. મહંત સ્વામી મહારાજ ૧૫ ઓક્ટા બુધવારે આવી રહ્યા છે. પ્રતિ વર્ષ તેમનાં સાન્નિધ્યમાં અક્ષર મંદિર ખાતે દિવાળી અને નુતન વર્ષ નિમિત્તે અન્નકુટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેને લઈને ભક્તોમાં અદમ્ય ઉત્સાહ અને આનંદ જોવા મળી રહ્યો છે. સમગ્ર અક્ષર મંદિરનાં પરિસરને રોશની તેમજ કમાન દ્વારા શણગારવામાં આવ્યું છે. પૂ. મહંતસ્વામી મહારાજ તા. ૧૫/૧૦થી તા. ૭/૧૧ શુક્રવાર સુધી શ્રી અક્ષર મંદિર ખાતે ઉપસ્થિત રહી ભક્તોને વિવિધ ઉત્સવોમાં સત્સંગ લાભ આપશે. પ.પૂ. મહંતસ્વામી સવારે ૬:૦૦ કલાકે ઠાકોરજીની પૂજા દર્શન તેમજ સાંજે ૫:૩૦ કલાકે સત્સંગ સભામાં દર્શનનો લાભ આપશે. મહંત સ્વામી મહારાજના પૂજા દર્શન પૂર્વે પૂ. આદર્શજીવન સ્વામી મહંત ચરીતમ આધારિત કથામૃતનું પાન કરાવશે. આ નિમિતે દેશ-વિદેશથી હજારો હરિભક્તો અક્ષર મંદિર ખાતે ઉમટી પડશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૧૦-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (થય જશે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ટ્રફલ કેક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૮:૩૦ ચાલ જીવી લઈએ
૦૮:૩૦ થી ૧૧:૦૦ પાટડી ઉદાસી આશ્રમ આયોજિત (૧૩.૦૬.૨૦૨૨)ભવ્ય સંતવાણી
૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૧૦-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૪-૧૦-૨૦૨૫ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** આસો વદ આઠમ
**નક્ષત્ર** પુનર્વસુ
**યોગ** સિધ્ધ **કરણ:** તૈતિલ
**સુર્યોદય** ૬.૪૪ **સુર્યાસ્ત:** ૬.૨૨
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧.૫૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૯ | | | | ૮ | | |
| | | | | | | | | ૧ |
| ૧ | | ૭ | | | ૨ | | | ૪ |
| ૨ | | ૪ | ૩ | ૯ | ૮ | | ૬ | |
| | | ૬ | ૨ | | | | ૧ | |
| | ૯ | | ૪ | | ૧ | | | |
| | | | ૮ | | ૭ | | | |
| ૩ | ૬ | | ૯ | ૫ | | | | ૨ |
| | | | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૫ | ૩ | ૧ | ૪ | ૬ | ૮ | ૯ |
| ૪ | ૩ | ૯ | ૬ | ૮ | ૫ | ૭ | ૧ | ૨ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૨ | ૯ | ૫ | ૪ | ૩ |
| ૭ | ૬ | ૩ | ૯ | ૫ | ૧ | ૪ | ૨ | ૮ |
| ૯ | ૪ | ૨ | ૮ | ૭ | ૬ | ૩ | ૫ | ૧ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ | ૫ |
| ૧ | ૮ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ |
| ૫ | ૯ | ૭ | ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૪.૧૦.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, આસો આઠમ, પુનર્વસુ નક્ષત્ર, સિધ્ધ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.
**વૃષભ** (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિધ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે.
**મિથુન** (ક,છ,ઘ) : ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતો માં સારું રહે.
**કર્ક** (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**સિંહ** (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.
**કન્યા** (પ,ઠ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું, હિસાબ રાખવો.
**તુલા** (ર,ત) : અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંતને સમજી શકો, શુભ દિન.
**વૃશ્ચિક** (ન,ય) : ઈષ્ટદેવની આરાધનાથી લાભ થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
**મકર** (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.
**કુંભ** (ગ ,સ,શ) : હિત શત્રુઓથી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખથી કામ કરવું.
**મીન** (દ,ચ,ઝ,થ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિથી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY


# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર
વર્ષ: ૧૪, અંક : ૧૮૫

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia




બંધકોની આપલે વચ્ચે સુખના આંસુ વરસ્યા

## આજે ઈજિપ્તમાં ૨૦ દેશના વડાઓ ગાઝાની શાંતિ વચ્ચે વિશ્વને "શાંતિ" તરફ દોરી જશે?

### ગાઝામાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ઈજિપ્તમાં યોજાઈ રહેલી મહત્વપૂર્ણ બેઠકમાં ભારતીય પક્ષની હાજરી પણ મહત્વની સાબિત થશે કેમ કે ભારતે હંમેશા શાંતિ અને સંયમનું સમર્થન કર્યું છે

**અબતક, નવી દિલ્હી**

ગાઝામાં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે ઈજિપ્તમાં યોજાઈ રહેલી મહત્વપૂર્ણ બેઠકમાં ભારતીય પક્ષની પણ હાજરી રહેશે. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહ ઈજિપ્તના શહેર શર્મ અલ શેખમાં આયોજિત શાંતિ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ગયા છે.ત્યારે આજે ઈજિપ્તમાં ૨૦ દેશના વડાઓ ગાઝાની શાંતિ વચ્ચે વિશ્વને "શાંતિ" તરફ દોરી જશે.

ભારતે હંમેશા શાંતિ અને સંયમનું સમર્થન કર્યું છે. ભારત ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બંને સાથે સારા સંબંધો રાખે છે, જેના કારણે ભારતનું આ શાંતિ પ્રક્રિયામાં ભાગ લેવો મહત્ત્વનો છે.બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર, ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની, ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ પણ આ શિખર સંમેલનમાં ભાગ લેનારા નેતાઓમાં સામેલ છે.ઈજિપ્ત દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ શિખર સંમેલનનો ઉદ્દેશ ગાઝા પટ્ટીમાં યુદ્ધ સમાપ્ત કરવું અને પશ્ચિમ એશિયામાં શાંતિ તથા સ્થિરતા લાવવાના પ્રયાસોને વેગ આપવાનો છે. આ સંમેલન રાષ્ટ્રપતિ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કાના અમલના થોડા દિવસો બાદ યોજાઈ રહ્યું છે.

ગાઝામાં લાંબા સમયથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે હજારો લોકોના મોત થયા છે અને ભારે વિનાશ થયો છે. હવે બંને પક્ષો વચ્ચે શાંતિ કરાર પર ઔપચારિક રીતે હસ્તાક્ષર થવાના છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ માટે ૨૦ સૂત્રીય યોજના રજૂ કરી છે. જેમાં મુખ્યત્વે યુદ્ધવિરામ, સેના પાછી ખેંચવી, બંધકોની મુક્તિ અને ગાઝામાં લાંબા સમય સુધી સ્થાયી શાંતિ જાળવી રાખવાના મુદ્દાઓનો પર ચર્ચા થશે.

ટ્રમ્પે કહ્યું કે અમે બધાને ખુશી મળે તેવું કરીશું. બધા ખુશ છે અને ભલે પછી તે યહૂદી હોય કે મુસ્લિમ હોય કે અરબ દેશો હોય. ઈઝરાયલ બાદ હું ઈજિપ્ત જઈશ અને તમામ શક્તિશાળી તથા મોટા દેશો, ધનિક દેશો અને અન્ય દેશોના નેતાઓ સાથે મુલકાત કરીશું અને આ તમામ લોકો આ સમજૂતિમાં સામેલ થશે.ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું છે કે, આ પ્લાન મધ્ય પૂર્વમાં સ્થાયી શાંતિ સ્થાપવાની સૌથી સારી રીત છે. પરંતુ, હજી અનેક રાજકીય અને સુરક્ષાની સમસ્યાઓ છે જેનો ઉકેલ લાવવાનો બાકી છે.

## દુર્લભ ખનિજનું ખેડાણ કરી આત્મનિર્ભર બનશે ભારત

### ઈલેક્ટ્રિક વાહનો તથા એરક્રાફ્ટ એન્જીનમાં અતિ ઉપયોગી એવા રેર અર્થનો બે મહિનાનો સ્ટોક કરવા સરકારની ઝુંબેશ : આગામી પાંચ વર્ષમાં ૬,૦૦૦ ટન રેર અર્થના ઉત્પાદનનો લક્ષ્યાંક

**અબતક, નવી દિલ્હી**

રેર અર્થ એલિમેન્ટ્સ, જેમાં ૧૭ તત્વોનો સમાવેશ થાય છે, તે ઈલેક્ટ્રિક વાહનો, એરક્રાફ્ટ એન્જિન અને લશ્કરી રડાર જેવા ઉત્પાદનોમાં મહત્વની ભૂમિકા ભજવે છે.ભારત સરકાર દેશમાં રેર અર્થ એલિમેન્ટ્સની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ સ્ટોકપાઈલ નામનો એક વિશેષ કાર્યક્રમ શરૂ કરવાની તૈયારી કરી રહી છે.

એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું, અમે આ કાર્યક્રમ હેઠળ રેર અર્થ એલિમેન્ટ્સનો બે મહિનાનો સ્ટોક બનાવવાનું લક્ષ્ય રાખીએ છીએ, જેમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી પર ભાર મૂકવામાં આવશે. પ્રારંભિક ધ્યાન રેર અર્થ એલિમેન્ટ્સ પર છે, પરંતુ ભવિષ્યમાં અન્ય ક્રિટિકલ ખનિજોને પણ આવરી લેવામાં આવશે.

રેર અર્થ એલિમેન્ટ્સ ૧૭ રાસાયણિક તત્વોનું જૂથ છે, જે તેમના અનન્ય ચુંબકીય અને વિદ્યુતીય ગુણધર્મોને કારણે હાઈ-ટેક એપ્લિકેશન્સ, ખાસ કરીને રેર અર્થ મેગ્નેટના રૂપમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ કાર્યક્રમ દેશમાં રેર અર્થ મેગ્નેટના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસોને પૂરક બનશે. અગાઉ એક અહેવાલમાં જણાવાયું હતું કે એક આંતર-મંત્રાલય પેનલે રેર અર્થ મેગ્નેટના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ૭,૩૦૦ કરોડ રૂપિયાની પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે, જેનો લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં ૬,૦૦૦ ટન ઉત્પાદનનો છે.

રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ્સ મિશન હેઠળ, સરકારે પુરવઠાની વિક્ષેપોને રોકવા અને સ્થાનિક ઉપયોગ માટે ખનિજોની

(અનુ. આઠમા પાને)

### અમેરિકાને ન આપવાની શરતે ભારતને રેર અર્થ દેવા ચીન તત્પર

ચીનએ રેર અર્થ એલિમેન્ટ્સ અને તેની પ્રોસેસિંગ ટેક્નોલોજીના નિકાસ પર નિયંત્રણો વધુ કડક કર્યા છે. આ નિયંત્રણો ખાસ કરીને વિદેશી સંરક્ષણ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગોને લક્ષ્યમાં રાખે છે. ચીન, જે વિશ્વના ૯૦% થી વધુ પ્રોસેસ્ડ રેર અર્થ અને રેર અર્થ મેગ્નેટનું ઉત્પાદન કરે છે, ભારત પાસે ગેરંટી માંગી રહ્યું છે કે તેના દ્વારા સપ્લાય કરવામાં આવેલા હેવી રેર અર્થ મેગ્નેટ યુએસમાં ફરીથી નિકાસ નહીં કરવામાં આવે અને તેનો ઉપયોગ માત્ર સ્થાનિક જરૂરિયાતો માટે જ થશે. અહેવાલ મુજબ, ચીન ઈચ્છે છે કે ભારતને સપ્લાય કરવામાં આવેલા હેવી રેર અર્થ મેગ્નેટ યુએસ સુધી ન પહોંચે. એક જાણકાર વ્યક્તિએ જણાવ્યું કે ચીન યુએસ સાથે હેવી રેર અર્થ મેગ્નેટને લઈને કોઈ ડીલની શક્યતા શોધી રહ્યું છે અને તે ઈચ્છે છે કે સપ્લાયનું ડાયવર્ઝન ન થાય. ભારત સરકારે

(અનુ. આઠમા પાને)

સોનું સદાય કાળ ચમકતું

## વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ તરફથી ૨૦૦ ટન સોનાની અછત વચ્ચે રીલાયન્સ, કલ્યાણ, તનિષ્ક તરફ રોકાણકારોનો ધસારો

### સોનાના ભાવના જબરદસ્ત વધારો થયો, બીજી તરફ લોકો ડિફર્ડ પરચેઝ સ્કીમ તરફ વધુ પ્રમાણમાં વળ્યાં : ડિજિટલ ગોલ્ડની ખરીદી પણ વધી

**અબતક, નવી દિલ્હી**

કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં સોનાના ભાવમાં ૨૩% વધારો થયો છે, અને ગત વર્ષની સરખામણીએ જાન્યુઆરીથી ૫૬%નો વધારો થયો છે. આના પરિણામે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલએ ભારત માટે ૨૦૨૫ના સંપૂર્ણ વર્ષનો વોલ્યુમ અંદાજ ૬૦૦ ટન સુધી ઘટાડી દીધો છે. ૨૦૨૪માં ભારતે ૮૦૨ ટન સોનાનો વપરાશ કર્યો હતો. આમ ૨૦૦ ટન ઓછું સોનું મળવાનો અંદાજ છે. આ દરમિયાન રોકાણકારોનો રીલાયન્સ, કલ્યાણ, તનિષ્ક તરફ ધસારો થયો છે.

ડિફર્ડ પરચેઝ સ્કીમ ગ્રાહકોને હપ્તામાં સોનું ખરીદવાની સુવિધા આપે છે અને કેટલીક યોજનાઓ ડિસ્કાઉન્ટ પણ આપે છે. રિલાયન્સ પાસે જુલાઈના મધ્ય સુધીમાં

(અનુ. આઠમા પાને)



### હાજર નહીં, સોવરિન ગોલ્ડ બોન્ડની ડિમાન્ડ ઊછળતા જ અછત સર્જાઈ

#### સરકારે નવા બોન્ડ જારી કરવાનું બંધ કર્યું : બોન્ડમાં સોનાના સ્પોટ ભાવની સરખામણીએ રોકાણકારોએ ૩૨% સુધીનું પ્રીમિયમ ચૂકવ્યું

રિટેલ રોકાણકારો સરકાર દ્વારા જારી કરાયેલા સોવરિન ગોલ્ડ બોન્ડ્સ તરફ ભારે આકર્ષણ ધરાવે છે. ગયા સપ્તાહે, સોનાના સ્પોટ ભાવની સરખામણીએ રોકાણકારોએ ૩૨% સુધીનું પ્રીમિયમ ચૂકવ્યું હતું, જેના કારણે ખરીદીનો ઉન્માદ વધ્યો છે. જો સોનાના ભાવમાં ઘટાડો થાય તો આ રોકાણકારોને ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

૧૦ ઓક્ટોબરે નેશનલ સ્ટોક એક્સચેન્જ પર સોવરીન ગોલ્ડ બોન્ડસ ફેબ્રુઆરી ૩૨ (૪) સિરીઝ-જે ફેબ્રુઆરી ૨૦૨૪માં જારી થઈ અને ફેબ્રુઆરી ૨૦૩૨માં મેચ્યોર થશે-એ રૂ.૧૫,૨૬૬ પ્રતિ ગ્રામના ભાવે ટ્રેડ થઈ, જે સોનાના સ્પોટ ભાવ કરતાં ૨૬% વધુ છે. તે જ દિવસે, ડિસેમ્બર ૩૧ (૩ રૂ.૧૪,૫૫૬ પ્રતિ ગ્રામના ભાવે ટ્રેડ થઈ, જે ૨૦%નું

(અનુ. આઠમા પાને)

## તાલિબાને ૫૮ પાક સૈનિકોનો ખાતમો બોલાવી ૨૫ ચોકીઓ કબજે કરી

### કોઈપણ અણધારી પરિસ્થિતિનો સામનો કરવા અફઘાનિસ્તાને તેની સુરક્ષા વ્યવસ્થાને હાઈ એલર્ટ પર રાખી

**અબતક, ન્યુ દિલ્હી**

અફઘાનિસ્તાને દાવો કર્યો હતો કે તેમણે ૫૮ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે અને સરહદ પર ઘણી પાકિસ્તાની ચોકીઓ કબજે કરી છે. બંને દેશોની સેનાઓ વચ્ચે અથડામણ અને ગોળીબારના અહેવાલો સાથે પ્રદેશમાં પરિસ્થિતિ તણાવપૂર્ણ રહે છે. અફઘાનિસ્તાને તેની સુરક્ષા વ્યવસ્થાને હાઈ એલર્ટ પર રાખી છે. કોઈપણ અણધારી પરિસ્થિતિનો સામનો કરવા માટે અફઘાન સુરક્ષા દળોની તૈનાતી વધુ મજબૂત બનાવવામાં આવી છે. સ્પિન બોલ્ડક-ચમન સરહદ બંધ થવાથી બંને દેશોના સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને મોટી અસુવિધા થઈ શકે છે, કારણ કે લોકો વ્યવસાય, તબીબી સંભાળ અને પારિવારિક હેતુઓ માટે વારંવાર એકબીજાની મુલાકાત લે છે. બંને દેશો વચ્ચેના તણાવને ધ્યાનમાં રાખીને સરહદ ફરીથી ખોલવાની કોઈ તાત્કાલિક શકયતા નથી.અફઘાનિસ્તાન દ્વારા પાકિસ્તાન દ્વારા અફઘાન પ્રદેશ અને હવાઈ ક્ષેત્રના વારંવાર ઉલ્લંઘનના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે અફઘાન સુરક્ષા દળોએ ૨૫ પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર કબજો કર્યો હતો, જેમાં ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા અને ૩૦ અન્ય ઘાયલ થયા હતા. પાકિસ્તાન તરફથી આ જાનહાનિની તાત્કાલિક પુષ્ટિ કરવામાં આવી નથી.

અફઘાન સંરક્ષણ મંત્રાલયે આ કાર્યવાહીને સફળ અને જવાબી ગણાવી હતી અને જણાવ્યું હતું કે 'અમારું ઓપરેશન મધ્યરાત્રિએ સમાપ્ત થયું.' મંત્રાલયે પાકિસ્તાનને કડક ચેતવણી પણ આપી હતી. મંત્રાલયે કહ્યું હતું કે, "જો પાકિસ્તાન ફરીથી અફઘાન સરહદનું ઉલ્લંઘન કરે છે, તો અમારી સેના દેશનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને તેનો કડક જવાબ આપશે." મુજાહિદે એ પણ સ્પષ્ટતા કરી હતી કે

(અનુ. આઠમા પાને)

## ભારત ક્રૂડની સામે ખેત અને મરીન પ્રોડક્ટ આપી રશીયા સાથે વેપાર સરભર કરશે

### રશિયાથી ભારતની આયાત વધુ અને નિકાસ ઓછી, જેથી વેપાર ખાધ આસમાને, બન્ને દેશો વચ્ચેનો વેપાર બેલેન્સ કરવા સરકારે પ્રયાસો શરૂ કર્યા


**અબતક, નવી દિલ્હી**

ભારતે રશિયા સાથેના વેપાર ખાધને ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે તેના દરિયાઈ અને કૃષિ નિકાસ પરના ૬૫થી વધુ બિન-શુલ્ક અવરોધો ઓળખ્યા છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ અવરોધો ખાસ કરીને દરિયાઈ ઉત્પાદનો અને કૃષિ ઉત્પાદનોની નિકાસને અસર કરે છે. હવે ભારત ક્રૂડની સામે આ પ્રોડક્ટની નિકાસ વધારી વેપાર સરભર કરવાના પ્રયાસો કરશે.

એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું, "ભારત રશિયા સાથે બિન-શુલ્ક અવરોધોનો મુદ્દો ઉઠાવી રહ્યું છે. આમાંના મોટા ભાગના અવરોધો કૃષિ અને દરિયાઈ ઉત્પાદનો સાથે સંબંધિત છે." રશિયાએ તાજેતરના વર્ષોમાં ભારતની કેટલીક આંબળી અને કેળાની જાતો માટે બજાર ખોલ્યું છે, પરંતુ ઝીંગા નિકાસ માટે ભારતીય દરિયાઈ ઉત્પાદન એકમોને મંજૂરી આપવાનો મુદ્દો મુખ્ય ચિંતાનો વિષય છે.

૨૦૨૪-૨૫માં ભારતની રશિયા સાથેની વસ્તુઓની નિકાસ ૪.૮૮ બીલીયન ડોલરની હતી, જેમાંથી ૧૨૩ મિલિયન ડોલરની નિકાસ ફ્રોઝન ઝીંગા અને પ્રોન્સની હતી. ભારતે રશિયા સાથે ૫૯ બીલીયન ડોલરની વેપાર ખાધનો સામનો કરવો પડ્યો હતો, જેને ઘટાડવા માટે આ અવરોધોનું ઝડપી

(અનુ. આઠમા પાને)



તંત્રી લેખ

# એમએસએમઈનો વિકાસમાં સિંહફાળો

ગુજરાતને દેશનું આર્થિક ગ્રોથ એન્જિન બનાવવામાં સૂક્ષ્મ,લઘુ અને મધ્યમ ઉદ્યોગોની ભૂમિકા પાયારૂપ છે.હાલ રાજ્યમાં ૨૭ લાખથી વધુ એમએસએમઈ

એકમો કાર્યરત છે.ગુજરાત અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી બન્યું છે. છેલ્લા ૨૪ વર્ષમાં ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં હરણફાળ ભરીને આજે એક અગ્રેસર રાજ્ય તરીકેની ઓળખ બનાવી છે. ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જેમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો ક્ષેત્રે થયેલી કામગીરી નોંધનીય છે.

આજે એમએસએમઈનો એકમોને ગુજરાતના વિકાસનું એન્જિન માનવામાં આવે છે.એમએસએમઈ એકમો રાજ્યની ઔદ્યોગિક પ્રગતિમાં મોટો હિસ્સો ધરાવે છે. આ એકમો દ્વારા લાખો યુવાનોને રોજગારી પૂરી પાડી રોજગારીનું સર્જન કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકારની ઉદાર ઉદ્યોગ નીતિના અસરકારક અમલીકરણના પરિણામે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાત સરકાર એમએસએમઈનો એકમો માટે વિવિધ સહાય યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૮૦ હજારથી વધુ ક્લેઈમ અરજીઓ થકી રૂ. ૪,૧૦૦ કરોડ કરતાં વધુની સહાય આપી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત૨૦૪૭ના સ્વપનને સાકાર કરવામાં સિંહફાળો આપી રહી છે. આ ઉપરાંત રાજ્યમાં 'ઉદ્યમ રજિસ્ટ્રેશન સર્ટીફિકેટ'ની પ્રક્રિયા અંતર્ગત ૨૭ લાખથી વધુ ઉદ્યમ સાહસિકોની નોંધણી કરવામાં આવી છે.

રાજ્ય સરકાર એમએસએમઈનો માટે અનેક માળખાકીય સુવિધાઓ પૂરી પાડી રહી છે. જે અંતર્ગત રાજ્યમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ૨૦૦થી વધુ ઔદ્યોગિક વસાહતો કાર્યરત છે, જ્યાં એમએસએમઈ એકમોને પ્લોટ, માળખાગત સુવિધાઓ અને સબસિડી પૂરી પાડવામાં આવે છે. એમએસએમઈ એકમોને પ્રોત્સાહન આપવા અને રોકાણને શહેરોની બહાર લઈ જવા માટે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનોનું પણ આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાતે એમએસએમઈનો ક્ષેત્રમાં નવીનતા લાવવા માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પણ ખૂબ મોટો વેગ આપ્યો છે.

'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ એમએસએમઈ' જેવી ખાસ ઔદ્યોગિક નીતિ, વિવિધ મંજૂરીઓ ઝડપથી મળી રહે તે માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ, સબ-કમિટીઓ અને કોન્ક્લેવનું આયોજન, સપ્લાય ચેઈન લિન્કેજ, ગુણવત્તા સુધારણા અંતર્ગત 'ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ' ઝેડ પ્રમાણપત્ર, ઔદ્યોગિક નીતિઓ અને આત્મનિર્ભર યોજના હેઠળ વ્યાજ સહાય, કેપિટલ સહાય અને કોલેટરલ-ફ્રી લોન સહાય જેવી નાણાકીય મદદ પૂરી પાડવામાં આવે છે.

# સુરેન્દ્રનગર: મનપા આયોજીત ત્રિદિવસીય ઝાલાવાડ શોપિંગ ફેસ્ટિવલ - સ્વદેશી મેળાનો મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે પ્રારંભ

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં રહેતા કારીગરો, સખી મંડળો, સામાજીક સંસ્થાઓ અને મહિલાઓ આત્મનિર્ભર બને તેમના થકી બનાવેલ સ્થાનિક ચીજ વસ્તુઓ સહિત ઉત્પાદનોને વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ સાથે રોજગારી મળી રહે તેવા હેતુ થી સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના મેળાના મેદાન ખાતે ત્રિદિવસીય ઝાલાવાડ શોપિંગ ફેસ્ટિવલ સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેનો રાજ્યના પ્રવાસન મંત્રી તેમજ જીલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ સ્વદેશી મેળામાં વણાટ કામ, માટીમાંથી બનતી વસ્તુઓ, પ્રાકૃતિક ખેડૂતો દ્વારા તૈયાર કરવામાં આવેલા અલગ અલગ ઉત્પાદનો, પટોળા, સાડી, ડ્રેસ મટીરિયલ, ગૃહ સુશોભન માટેની વસ્તુઓ, ઘરે બનાવેલ



સાબુ-શેમ્પૂ અને કોસ્મેટીક્સ, વિવિધ ખાદ્ય સામગ્રી, માટી કલા, કાષ્ઠ કલા સહિત અલગ અલગ ચીજ વસ્તુઓના અંદાજે ૭૦ થી વધુ સ્ટોલો રાખવામાં આવ્યા છે.

આ મેળાના દરેક સ્ટીલની તમામ વસ્તુઓ કારીગરો અને સખી મંડળની બહેનો દ્વારા જાતે જ અને માત્ર સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરીને જ બનાવવામાં આવી છે. ઉપસ્થિત મંત્રી સહિતના મહાનુભાવોએ તમામ સ્ટોલની મુલાકાત લઈ જીલ્લાના કારીગરો દ્વારા બનાવેલી સ્વદેશી ચીજ વસ્તુઓની ખરીદી કરવા લોકોને આહવાન કર્યુ હતું.

આ તકે લોકસભાના સાંસદ ચંદુભાઈ શિહોરા, નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, જીલ્લા કલેકટર ડો. રાજેન્દ્રકુમાર પટેલ, મનપા કમિશનર ડો. નવનાથ ગ્વાહણે, જીલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# જુનાગઢ મનપા દ્વારા ૩.૧૧ કરોડના ખર્ચે પાંચ કામોનું ખાતમુહુર્ત - ૪૯ કામોનું લોકાર્પણ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢમાં વિકાસ સપ્તાહ'' અન્વયે મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા અનેક પ્રજાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.જે અંતર્ગત મહાનગર સેવા સદન ખાતે વિકાસ સપ્તાહ - ૨૦૨૫નું લોન્ચિંગ મેયર ધર્મેશભાઈ પોંશીયાના હસ્તે ઈ - તકતીના માધ્યમથી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની ગ્રાન્ટ અંતર્ગત રૂ.૩.૧૧ કરોડના ખર્ચે પાંચ કામોનું ખાત મુર્હુત તેમજ રૂ. ૨૮.૯૫ કરોડના ખર્ચે ૪૯ કામોનું લોકાર્પણ, પી.એમ.જે.એ.વાય. આયુષ્યમાન કાર્ડ અને આભા કાર્ડનું વિતરણ તેમજ પી.એમ.સ્વનીધી યોજના અંતર્ગત સ્ટેજ પરથી જ પ્રતીકાત્મક સ્વરૂપે લાભ એનાયત કરવામાં આવ્યા હતા.

આ તકે કમિશનર તેજસ પરમાર એ જણાવ્યું હતું કે, ''શહેરી વિકાસ વર્ષ - ૨૦૨૫'' અંતર્ગત મહાનગર પાલિકા દ્વારા સીટી બ્યુટીફીકેશન, ડ્રાઈવ પબ્લિક આર્ટ ઈન્સ્ટોલેશન, શહેરમાં આવેલ દીવાલો પર વોલ પેઈન્ટીંગ, આર.આર.આર. સેન્ટરોની મુલાકાત, સફાઈ કર્મચારીઓ અને વર્ગ-૪ કર્મચારીઓના હેલ્થ ચેક અપ કેમ્પ, ભૂગર્ભ ગટરના સફાઈ કર્મચારીઓને સેફટી કીટ વિતરણ, સફાઈ તેમજ મચ્છર જન્ય રોગ માટે જન જાગૃતિ માટે શહેરી નાટક અને રેલીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

મેયર ધર્મેશભાઈ પોંશીયા એ જણાવ્યું હતું કે, જુનાગઢ મહાનગરપાલિકા ધ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી કાર્યક્રમમાં ઈ - લોકાપર્ણ અને ખાતમુર્હુત કરવામાં આવેલ છે.

આ તકે મેયર ધર્મેશભાઈ પોંશીયા, ડે.મેયર આકાશભાઈ કટારા, કમિશનર તેજસ પરમાર, સ્થાયી સમિતિ ચેરપર્સન પલ્લવીબેન ઠાકર, નાયબ કમિશનર ડી.જે. જાડેજા, કલ્પેશભાઈ અજવાણી, ગીતાબેન પરમાર, તમામ કોર્પોરેટરો, મહાનગર પાલિકાના અધિકારીઓ, કર્મચારીઓની ઉપસ્થિતિમાં વિકાસ સપ્તાહ કાર્યક્રમ યોજાયો હતો.

આ સાથે મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા તા.૧૩/૧૦/૨૦૨૫ થી તા.૧૯/૧૦/૨૦૨૫ દરમ્યાન એ.જી. સ્કુલ ગ્રાઉન્ડ, જૂનાગઢ ખાતે ''સ્વદેશ મેળા''નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવા માટે સૌ શહેરીજનોને સ્વદેશ મેળામાંથી ખરીદી કરવા માટે મેયર ધર્મેશભાઈ પોંશીયા દ્વારા અપીલ કરવામાં આવે છે.

# મોરબી: કરુણા એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા ૨૧ હજારથી વધુ પશુ પક્ષીઓને મળ્યુ નવજીવન

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં ગુજરાત સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'કરુણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨' પશુ-પક્ષીઓ માટે દેવદૂત સમાન સાબિત થયો છે. છેલ્લા આઠ વર્ષથી કાર્યરત આ હેલ્પલાઈન થકી ૨૧ હજારથી વધુ પશુ પક્ષીઓને નવજીવન મળ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ સેવાએ તાજેતરમાં સફળતાપૂર્વક ૦૮ વર્ષ પૂર્ણ કર્યા છે.

કરુણા હેલ્પલાઈનના ડો.વિપુલભાઈ કાનાણએ જણાવેલી વિગતો અનુસાર પશુ પક્ષીઓની હર હંમેશ દરકાર માટેની આ સંવેદનશીલ સેવાના માધ્યમથી મોરબીમાં છેલ્લા ૦૮ વર્ષમાં કુલ ૨૧,૮૩૬ પશુ-પક્ષીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી છે. જેમાં ૧૭,૨૯૫ શ્વાન, ૩,૦૬૨ ગાય, ૬૨૮ બિલાડી, કબૂતર સહિત સુરખાબ, ચકલી, પોપટ, બકરી, કાગડા, સસલા અને ઊંટ જેવા વિવિધ જીવોનો સમાવેશ થાય છે.

કરુણા એનિમલ એમ્બ્યુલન્સના પ્રોગ્રામ મેનેજર ડો. મોહમ્મદ સોયબ ખાન દ્વારા નગરના લોકોને શહેરમાં કોઈપણ સ્થળે ઈજાગ્રસ્ત કે બીમાર હાલતમાં પશુ-પક્ષી જોવા મળે તો તુરંત જ ૧૯૬૨ હેલ્પલાઈન નંબર પર ફોન કરી આ સરકારી વિનામૂલ્યે સેવાનો લાભ લેવા અને મૂંગા જીવોને મદદરૂપ થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ટંકારા: આઈસરમાં ૭૦ અબોલ પશુઓને કતલખાને લઈ જતા બચાવી લેતા ગૌરક્ષક

## વાહન રેઢું મુકી ચાલક નાશી છૂટ્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

કચ્છથી જામનગર તરફ કતલના ઈરાદે લઈ જવાતી આઈસર ગાડી મોરબી અને રાજકોટના ગૌરક્ષકોની ટીમ દ્વારા ટંકારા નજીક ઝડપી પાડવામાં આવી હતી. ગાડીમાંથી ૭૦ જેટલા અબોલ ભેંસ વર્ગના જીવ મળી આવ્યા હતા. ગાડીનો ડ્રાઈવર આઈસર રેઢું મૂકી સ્થળ પરથી ફરાર થયો હતો.

મોરબી જીલ્લામાં ગૌરક્ષકોને મળેલ બાતમીને આધારે ફરી એક વખત અબોલ જીવોના જીવ બચી ગયા છે. કચ્છથી જામનગર તરફ કતલના ઈરાદે લઈ જવાતી આઈસર ગાડી નંબર જીજે-૦૨-એટી-૮૨૦૦માં ૭૦ ભેંસ વર્ગના પાડા જીવોને ક્રૂરતાપૂર્વક બાંધેલ હાલતમાં લઈ જવાતા હોવાનું વિશ્વ હિન્દુ પરિષદ અને અખિલ વિશ્વ ગૌ સંવર્ધન



પરિષદના ગૌરક્ષકોને બાતમી મળતાં ટીમ તરત જ મોરબી વિશ્વ હિન્દુ પરિષદ શહેર પ્રમુખ કમલેશભાઈ બોરીચાના માર્ગદર્શન હેઠળ ગૌરક્ષકો રાજપર ચેક પોસ્ટ નજીક વોચમાં હતા ત્યારે આઈસર ગાડી મોરબી બાયપાસ તરફથી પસાર થઈ રહી હતી. ગૌરક્ષકોએ રાજપર ચોકડી પાસે ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ ડ્રાઈવરે ગાડીને ફૂલ ઝડપે ટંકારા તરફ ભગાડી મૂકી અને પીછો કરતા ગૌરક્ષકો પર ગાડી ચઢાવવાનો પ્રયાસ કરી જાનથી મારી નાખવાનો પ્રયાસ પણ કર્યો હતો. ત્યારે આઈસર ગાડી ટંકારા ગામ પાસે છાપરી નજીકના ખંડેર જીનમાં મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. પોલીસને જાણ થતાં મોરબી અને ટંકારા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. ગાડીની તપાસ કરતાં તેમાં ૭૦ અબોલ જીવ હલી ન શકે તેમ બાંધેલા અને ઘાસ-પાણી વિના દયનીય હાલતમાં મળી આવ્યા હતા. આ જીવને તરત જ મુક્ત કરવામાં આવ્યા અને કાયદેસરની કાર્યવાહી બાદ તેમને રાજકોટ પાંજરાપોળમાં મોકલવામાં આવ્યા છે.

# ભાયાવદરમાં પાણી પુરવઠા પ્રોજેક્ટનું કામ પુરજોશમાં : પાણીનું દુઃખ બનશે ભૂતકાળ

## મોજ ડેમથી ધોબીતડ વિસ્તાર અને રામદેવપીરના મંદિર સુધી નવી પાઈપલાઈન નખાઈ

**અબતક, હાર્દિક રાવલ, ભાયાવદર**

ભાયાવદર શહેરમાં હાલમાં નવો પાણી પુરવઠા પ્રોજેક્ટ ઝડપથી ચાલી રહ્યો છે, જેમાં મોજ ડેમ સાઈટ પર નવો ટાંકો અને નવી પાઈપલાઈન નાખવાનું કામ પ્રગતિ પર છે. આ કામગીરીને કારણે પાણી વિતરણમાં કામચલાઉ વિલંબ થયો હતો, જેનો લાભ લઈને વિરોધ પક્ષે 'ગંદુ રાજકારણ' રમવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભાજપ ટીમ અને નગરપાલિકાના સ્ટાફે રાત-દિવસ મહેનત કરીને ઝડપથી રિપેરિંગ કરી પાણી વિતરણ વ્યવસ્થા પૂર્વવત કરી હતી. આ ઉપરાંત, શહેરમાં ૨૦ કરતાં



વધુ વિકાસના કામો (જેમ કે રોડ, ખાતર પ્રોજેક્ટ, બ્યુટીફિકેશન વગેરે) ચાલુ છે. વિરોધ પક્ષ વિકાસ જોઈ શકતો ન હોવાથી, માત્ર વાતાવરણ બગાડવા માંગે છે, પણ તેમાં તેને સફળતા મળતી નથી.

# ઈડર: ઠાકોર સમાજના ૨૦૦ આગેવાનોએ ભાજપ છોડી કોંગ્રેસનો હાથ પકડતા હડકંપ

## ઈડર કોંગ્રેસના વોટ ચોર ગાદી છોડ કાર્યક્રમે રાજકીય રંગ પકડયો

**અબતક, સંજય દીક્ષીતા, ઈડર**

સાબરકાંઠા જીલ્લાના ઈડરમાં તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વોટ ચોર ગાદી છોડ સહી ઝુબેશ તેમજ મિસ કોલ અભિયાન અંતર્ગત અગત્યની મિટીંગ મળી હતી અને પદ યાત્રા કાઢવામા આવી હતી જેમા ઈડર વિધાનસભાની બેઠક પર ભાજપને આજે મોટો ફટકો પડયો છે જેમાં ઈડર પશ્ચિમ વિભાગના ૨૦૦ થી વધુ હોદ્દેદારો અને કાર્યકરો ભાજપ છોડી કોંગ્રેસમાં સામેલ થયા હતા. વિસ્તારમાં કોઈ કામ ન થતા હોવાને લઈ ભાજપ સામે મોટી નારાજગી છેલ્લા કેટલાય દિવસથી જોવા મળી હતી જેથી કાર્યકરો ભાજપનો ભગવો છોડીને કોંગ્રેસનો પંજો ધારણ કરી લીધો હતો જેમાં પૂર્વ તાલુકા પંચાયત ઉમેદવાર ડો.અલ્પેશ ઠાકોર,સોમાજી ઠાકોર ના આગેવાનીમાં ૨૦૦ થી વધુ ઠાકોર સમાજના લોકો વિધિવત રીતે રવિવારે સવારે કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

કોંગ્રેસ જિલ્લા પ્રમુખ રામભાઈ



સોલંકીની હાજરીમાં મોટો કાર્યક્રમ યોજાયો હતો ઈડર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રામજી ઠાકોર અને શહેર પ્રમુખ જીતુ પંચાલ સહિત ઈડર કોંગ્રેસ પરિવારે ઠાકોર સમાજ ના આગેવાનોને આવકારી સ્વાગત કર્યું હતુ જ્યારે ભાજપ પક્ષથી નારાજ કાર્યકરોએ કોંગ્રેસમાં જોડાઈને રેલીમાં સામેલ થયા હતા.

# સોમનાથ: સતીકુંવર ટ્રસ્ટ દ્વારા શ્રવણ તીર્થ યાત્રાના સીનીયર સીટીઝનો માટે જમવાની વ્યવસ્થા કરાઈ

**અબતક,જયેશ પરમાર, સોમનાથ**

સુરત શહેર ના શ્રવણ તીર્થ દર્શને સોમનાથ આવેલા સીનીયર સીટીઝન માટે કાઠીયાવાડી ભોજન નો ટેસ્ટ સાથે સ્વ સોની હીરાબેન સતીકુવર ટ્રસ્ટ મીના બા જાદવ દ્વારા સોમનાથ મહાદેવ મંદિર સીનીયર સીટીઝનો ને શ્રવણ તીર્થ યાત્રા દર્શન રહેવા માટે ની શ્રેષ્ઠ ફરજ બજાવી હતી.

સોમનાથ મહાદેવ ના સાનિધ્ય માં સ્વ પુનમ બેન સોની સ્વ અરવિંદ ભાઈ પ્રભુદાસ ભાઈ સતીકુવર પ્રેરીત સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ દ્વારા



સુરત શહેર ના સીનીયર સીટીઝનો શ્રવણ તીર્થ યાત્રા દર્શને આવતા સોમનાથ માં રહેવા માટે ભાવભેર આયોજન કરાયું હતુ. ગુજરાત પ્રદેશ મહીલા મોરચા મહામંત્રી મીના બેન જાદવ દ્વારા સોમનાથ ડોરમેટરી માં વ્યવસ્થા કરી નવરંગ રેસ્ટોરન્ટ પર જમવાનું કાઠીયાવાડી ભોજન નો લાભ લીધો હતો જેમાં સુરત શહેર ના ૬૦જેટલા સીનીયર સીટીઝનો ને ગીતા મંદિર સોમનાથ ભાલકાતીર્થ બાણ ગંગા દર્શન માટે શ્રેષ્ઠ ફરજ સોની યોગેશ સતીકુવર દ્વારા બજાવી હતી.

# ગાંધીધામ: આદિપુરમાં વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા-કેફી દ્રવ્યોના દુષણ અંગે કરાયા અવગત

## સાયબર ક્રાઈમ પોલીસ-એસઓજીના અવેરનેસ કાર્યક્રમમાં નિષ્ણાંતોએ આપ્યું માર્ગદર્શન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સમાજના સાયબર સુરક્ષા અને કેફી દ્રવ્યના દુષણથી લોકોને અવગત કરવા પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસ તથા એસ.ઓ.જી. ગાંધીધામ દ્વારા પ્રભુ દર્શન હોલ, આદિપુર ખાતે આદિપુર તોલાણી પોલીટેકનિક કોલેજના વિદ્યાર્થીઓ માટે સાયબર સુરક્ષા અને નાર્કોટિક્સ ડ્રગ્સ અવેરનેશ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સાયબર ક્રાઈમ થી સુરક્ષિત રહેવા, શું કરવું શું ન કરવું, ફ્રોડના નવા નવા ટ્રેન્ડ, જેમાં ડિજિટલ એરેસ્ટ, ફ્રોડ, શેરબજારના નામે ઈન્વેસ્ટ ફ્રોડ, ઈન્સ્ટન્ટ લોન ફ્રોડ,વિગેર તથા સોશિયલ મીડિયાના ગુનાઓ અંગે તથા મજબૂત પાસવર્ડ, ટુ સ્ટેપ વેરિફિકેશન રાખવા તથા હેકિંગ અને એ.આઈ. ટૂલના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી સાયબર ક્રાઈમના ગોપાલભાઈ દ્વારા આપવામાં આવી હતી.

નાર્કોટિક્સ ડ્રગ્સ અંગે વિસ્તૃત માહિતી આપી, નો ડ્રગ્સ ઈન ઈસ્ટ કચ્છ અભિયાનમાં પોલીસ ને સમર્થન આપવા અપીલ કરી અને શપથ લેવડાવવામાં આવ્યા,આ કાર્યક્રમ માં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષકો હાજર રહ્યા હતા.

# ગાંધીધામ: વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગ્રીન નવરાત્રીના વિજેતાઓનું કરાયું સન્માન

## ૮.૪૦ કરોડના ખર્ચે ૩૬ રસ્તાના કામો તથા કેટલ પોન્ડના કામોનું ઈ-ખાતમુહુર્ત



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૫ અંતર્ગત વિકાસ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે ડો.બાબાસાહેબ આંબેડકર કન્વેન્સન સેન્ટર ખાતે થીમટીક-ડે પ્રોગ્રામ-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું જેમાં આયુષ્માન કાર્ડ વિતરણ, પી.એમ. સ્વનીધી લાભાર્થીઓને ચેક વિતરણ, ગ્રીન નવરાત્રી વિજેતાઓને પ્રમાણ પત્ર વિતરણ . સ્વચ્છતા હિ સેવા અંતર્ગત વિવિધ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણ પત્ર વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતગત જુદી જુદી ગ્રાન્ટો માંથી અંદાજે ૮.૪૦ કરોડના ખર્ચે જુદા જુદા ૩૬ રસ્તાના કામો તથા કેટલ પોન્ડના કામોનું ઈ-ખાતમુર્હુત ગાંધીધામ વિધાન સભાના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી તથા મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાનીના હસ્તે કરવામાં આવ્યું


# લાઠી-બાબરાના ૬ ગામોમાં પંચાયત ભવનોના નવીનીકરણ માટે ૧.૫૦ કરોડ મંજૂર

## ધારાસભ્ય તળાવિયાના પ્રયાસોથી ગ્રામ વિકાસને મળશે નવી દિશા

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

લાઠી-બાબરા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોને પગલે ગ્રામ વિકાસની દિશામાં સરકાર દ્વારા કુલ ૬ ગ્રામ પંચાયત ભવનોના નવીનીકરણ માટે સી.ડી.પી. ૫ યોજના હેઠળ રૂ. ૧.૫૦ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

ધારાસભ્ય તળાવીયાની પ્રતિબદ્ધતાના પરિણામ સ્વરૂપ, આ ભંડોળનો ઉપયોગ લાઠી તાલુકાના મુળીયાપાટ, કાંચરડી, તાજપર, વીરપુર અને બાબરા



તાલુકાના લાલકા તથા હાથીગઠ એમ કુલ ૬ ગામોના પંચાયત ભવનોને આધુનિક બનાવવા માટે કરવામાં આવશે, આ અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, ''ગ્રામ પંચાયત ભવન એ માત્ર એક ઈમારત નથી, પરંતુ તે ગામના લોકો માટે લોકસંપર્ક અને હક્ક પ્રાપ્ત કરવાનું મુખ્ય મંચ છે. ગ્રામ્ય વિસ્તારોના પાયાના માળખાકીય વિકાસ માટે મેં જે વચન આપ્યું હતું, તેનો આ એક અંશિક અમલ છે.

આ જાહેરાતથી સ્થાનિક ગ્રામજનો અને પંચાયત સભ્યોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. તેમણે ધારાસભ્ય જનક તળાવીયાનો આ વિકાસલક્ષી સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# જુનાગઢમાં ધાર્મિક જગ્યા-ગેરકાયદેસર દબાણો પર તંત્રનું બુલડોઝર ફર્યું

## કલેકટરની કડક કાર્યવાહી: અંદાજિત ૩.૪૦ કરોડ રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી





**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢમાં અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સામે કલેકટર દ્વારા કડકાય હાથ ધરાઈ છે, અને અસામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કુલ ૭ ઈસમોના સરકારી જમીન પર આવેલા દબાણો તોડી પાડી, અંદાજિત ૩ કરોડ રૂપિયાની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી છે. આ સાથે શહેરના મધુરમ વિસ્તારમાં ગેરકાયદેસર દબાણ કરેલી એક ધાર્મિક જગ્યા તોડી પાડી રૂ. ૪૦ લાખની સરકારી જગ્યા તંત્ર દ્વારા ખુલી કરાઈ હતી.

જુનાગઢ શહેરમાં શહેરમાં જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ અસામાજિક તત્વોને કાયદાનું ભાન કરાવવા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જે અંતર્ગત શહેરના અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કુલ સાત જેટલા ઈસમો એ સરકારી મિલકત પર દબાણ કરેલા હતા તેઓના ગેરકાયેદસર દબાણો તોડી પાડવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયાની સૂચના અનુસાર પ્રાંત અધિકારી જુનાગઢ અને મામલતદાર જુનાગઢ શહેર તથા સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ જુનાગઢ દ્વારા અસામાજિક તત્વોના સરકારી મિલકતો પરના દબાણ શોધી કાઢવાની સૂચના મળેલ હતી. જે સંબંધે પોલીસ વિભાગ સાથે મળી અને આવા તત્વોની વિગતો મેળવી તેમના સરકારી જમીન પરના દબાણો શોધી કાઢવામાં આવ્યા હતા. જે અનુસાર કુલ ૨૩૩૫ ચો.મી. જમીન જેની અંદાજિત કિંમત ૩ કરોડ રૂપિયા જેટલી થાય છે જેના પરના દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ કામગીરીમાં જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષકની આગેવાનીમાં પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ હતો અને કાયદો તથા વ્યવસ્થા જળવાઈ રહે તે મુજબ તમામ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ કામગીરીમાં મહાનગર પાલિકા જુનાગઢ, પી.જી.વી.સી.એલ. અને આરોગ્ય વિભાગનો સહકાર લેવાયો હતો. આ સાથે જિલ્લા કલેકટર અનિલ રાણાવસીયા દ્વારા અસામાજિક તત્વોને ચેતવણી આપતા સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે, રાજ્ય સરકાર કાયદો અને વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે કટિબદ્ધ છે, ત્યારે અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમો વિરુદ્ધ આગામી સમયમાં વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## મધુરમમાં ધાર્મિક જગ્યા તોડી સરકારી જમીન ખુલી કરાઈ

જુનાગઢના મધુરમ વિસ્તારના સુદામા પાર્કમાં આવેલ સરકારી જમીન ઉપર ૧૯૦ ચોરસ મીટર જમીનમાં ગેરકાયદેસર રીતે ઊભા કરવામાં આવેલ ધાર્મિક સ્થાન પર વહીવટી તંત્રના અધિકારીઓની ઉપસ્થિતિમાં પોલીસના સખત બંદોબસ્ત અને વિવિધ વિભાગોને સાથે રાખી બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. અને રૂ. ૪૦ લાખની ૧૯૦ ચોરસ મીટર જગ્યા ખાલી કરવામાં આવી હતી.

# ગાંધીધામ: કચ્છ પોસ્ટલ વિભાગને પૂર્વ અને પશ્ચિમ બે પ્રશાંસકીય વિભાગોમાં વહેંચવાની માંગ

## ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ચીફ પોસ્ટ માસ્ટર જનરલ ગણેશ વી.સાવલેશ્વરકરને રજુઆત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના વેપાર, ઉદ્યોગ અને જનહિતના પ્રશ્નોમાં હંમેશા આગેવાની લેતી ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તાજેતરમાં ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ ગણેશ વી. સાવલેશ્વરકરને પત્ર દ્વારા આવેદન પાઠવી ગાંધીધામ પોસ્ટ ઑફિસમાં વરિષ્ઠ નાગરિકો માટે સમર્પિત કાઉન્ટર સ્થાપવાની તથા કચ્છ પોસ્ટલ વિભાગને પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ એમ બે અલગ પ્રશાસકીય વિભાગોમાં વહેંચવાની સત્તાવાર માગણી રજૂ કરવામાં આવી છે.

તેમજ આ પત્રની નકલ પોસ્ટ માસ્ટર જનરલ (રાજકોટ રીજીયન), સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોસ્ટ ઑફિસ (ભુજ ડિવિઝન) તથા સિનિયર પોસ્ટ માસ્ટર, ગાંધીધામ હેડ પોસ્ટ ઓફિસને પત્ર પાઠવવામાં આવી છે.

પત્રમાં જણાવ્યું છે કે, ગાંધીધામ પોસ્ટ ઓફિસમાં હાલ નાની બચત યોજનાઓના વ્યવહારો માટે મોટી સંખ્યામાં નિવૃત્ત તથા વરિષ્ઠ નાગરિકો આવતા હોવાથી, લાંબી કતારો અને અયોગ્ય પ્રક્રિયાઓના કારણે તેમને ભારે તકલીફોનો સામનો કરવો પડે છે.

ઘણા વરિષ્ઠ નાગરિકોને માત્ર હસ્તાક્ષર કે દસ્તાવેજ પ્રક્રિયા માટે કલાકો સુધી રાહ જોવી પડે છે, જ્યારે આવા મોટાભાગના વ્યવહારો ડિજિટલ માધ્યમથી સરળતાથી પૂર્ણ થઈ શકે છે. ગાંધીધામ જેવા શહેરમાં, જ્યાં હજારો નિવૃત્ત નાગરિકો રહે છે, ત્યાં આવી સુવિધા એ સમયની જરૂરિયાત બની ગઈ છે.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લો ભૌગોલિક રીતે વિશાળ તથા ઔદ્યોગિક રીતે ઝડપથી વિકસતો વિસ્તાર છે.

ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ આવતાં અંદાજે ૧૮૦ કી.મી. ની ત્રિજ્યાના વિસ્તારની વસ્તી, ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને પોસ્ટલ કાર્યનો ભાર છેલ્લા વર્ષોમાં ઘણો બધો વધી જવા પામેલ છે.

આ રજૂઆતથી કચ્છની જનતા, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો અને નાના બચત રોકાણકારોમાં આશાવાદ સર્જાયો છે કે, પોસ્ટ વિભાગ તાત્કાલિક જરૂરી સુધારા કરીને વધુ લોકકેન્દ્રિત સેવા પ્રદાનની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરશે.

# ગાંધીધામ બ્લેક ફિલ્મ અને ફેન્સી નંબર પ્લેટ સામે પોલીસની કાર્યવાહી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




આવનાર દિવાળી પર્વના અનુસંધાને ગાંધીધામ શહેરમાં સીટી ટ્રાફિક પોલીસ તંત્ર દ્વારા વિશેષ ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. આ ડ્રાઈવમાં કારમાં બ્લેક ફિલ્મ તેમજ નંબર પ્લેટ સંબંધે સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.બ્લેક ફિલ્મવાળા વાહનો, નંબર પ્લેટ વગરના અને ફેન્સી નંબર પ્લેટવાળા વાહનોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

બોર્ડર રેન્જ ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચનાથી આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

તારીખ ૧૨/૧૦ /૨૦૨૫ ના રોજ ડ્રાઈવ દરમિયાન બ્લેક ફિલ્મ તથા ફેન્સી નંબર પ્લેટ વાળા વાહનો પર એમ.વી એક્ટ એન.સીના કુલ ૧૧૦ કેસ કરાયા તથા સ્થળ ઉપર ૪૨,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો.આ ઉપરાંત કુલ ૭ વાહનો ડીટેઈન કરાયા.

આ કામગીરી પીઆઈ વી.આર.પટેલ, પીએસઆઈ ડી.જે.પ્રજાપતી તથા સીટી ટ્રાફીક શાખાના કર્મચારીઓ તથા ટ્રાફીક બ્રીગેડના જવાનો સાથે રહી કરેલ છે.

# ગોંડલ યાર્ડમાં બાંધકામ ગેટ રીનોવેશનમાં ગેરરીતીની આક્ષેપથી ખળભળાટ

## યાર્ડમાં જીએસટી કૌભાંડ અને ભ્રષ્ટાચારની વિગતો જાહેર કરવા માંગ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માર્કેટ યાર્ડના ચેરમેન તથા ડીરેકટરોને પત્ર પાઠવી વિવાદાસ્પદ નિર્ણયો સાથે ખેડૂત સંસ્થામાં ચાલતી ભ્રષ્ટ કામગીરી અંગે પ્રશ્નો ઉઠાવી પાટીદાર સામાજિક કાર્યકર પીયુષ રાદડિયાએ યાર્ડમાં ચાલતી કામગીરી જાહેર જનતા સમક્ષ મુકવા માંગ કરવામાં આવી છે. વધુમાં યાર્ડમાં વિકાસનાં રુપકડા નામે ભ્રષ્ટાચાર આચરાયા નો આક્ષેપ કર્યો છે.

સામાજીક કાર્યકર પિયુષ રાદડિયાએ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરિયા તેમજ ડીરેકટરોને પત્ર પાઠવી ખેડૂત સંસ્થામાં ચાલતી કામગીરી અંગે મૌન રહેવાને બદલે જાહેર જનતા સમક્ષ મુકવા માંગ કરી છે. પત્રમાં વધુ જણાવ્યું છે કે માર્કેટ યાર્ડમાં પ્રવેશતો મુખ્ય ગેઈટ સારી પરિસ્થિતિમાં હોવાં છતાં પાડી નવો બનાવવા પાછળનું કારણ શું ? કરોડો રૂપિયાના ખર્ચે સોલાર પેનલ લગાડવામાં આવી છે વીજ બીલ રાહત કે બચત થાય છે તે અંગે ખેડૂતો ને ક્યારેય માહીતગાર કરાયા નથી,યાર્ડ માં ચાલતા બાંધકામ સમારકામ અંગેના ટેન્ડરો કોને આપવામાં આવ્યાં ? ખેડૂત સંસ્થા માટે માર્કેટ યાર્ડ દ્વારા બે વખત જમીન ખરીદવામાં આવી પ્રથમ વખત અને બીજી વખતના તફાવત ભાવો અને કોની પાસેથી જમીન ખરીદ કરવામાં આવી? તેમના નામ તેમજ ઠરાવો ઉપરાંત માર્કેટ યાર્ડની આડમાં ૠઌઝ કૌભાંડ ચલાવી રહેલ વ્યકિતઓ સામે પગલાં લેવાયેલા છે કે કેમ? તેવા અનેક આક્ષેપો સાથે મુદાસર વિગતો ખેડૂતોના હિતમાં તેમજ જનતા સમક્ષ ખુલાસો કરવા પત્ર માં જણાવી પિયુષ રાદડિયાએ યાર્ડના વહીવટની ટીકા કરી હતી.



# જસદણના ભાડલા ગામે કાલે મીઠાપીરનો ઉર્ષ ઉજવાશે

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણના ભાડલા ગામ નજીક નારિયેળી ડુંગર વિસ્તારમાં આવેલા હિન્દુ મુસ્લિમ એકતાના પ્રતિક હઝરત મીઠાપીર સાહેબનો ઉર્ષ મુબારક કાલે તા.૧૪ ઓકટો ૨૦૨૫ને મંગળવાર યોજાશે આ અંગે આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે અલ્લાહની બંદગી અને લોકોની સેવા કાજે જીવન ખર્ચનારા મીઠાણી પરિવારના કુળપીર હ.મીઠાપીર સાહેબના ઉર્ષ મુબારક સંદર્ભે સંદલ શરીફ, ગુસ્લપોશી, મિલાદ અને ન્યાઝનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે આ અવસરે મુસ્લિમ બિરાદરો હ.મીઠાપીર સાહેબના મઝાર મુબારક પર આવી સલામી પેશ કરશે આ ઉર્ષ અંગે દરેક મુરીદોને સામાજિક અગ્રણી રફીકભાઈ મીઠાણીએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.


**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૮૩/૨૦૨૫

શ્રી ઉર્વશીબેન મનુભાઈ પંડ્યા
રહે.ઠાડચ, તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, ઠાડચ ગ્રામ પંચાયત કચેરી,
મુ.ઠાડચ, તા.પાલીતાણા, જિ.ભાવનગર ..........સામાવાળા

**વિષય:- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ઉર્વશીબેન મનુભાઈ પંડ્યાનો જન્મ તા.૨૦/૦૮/૨૦૦૩ના રોજ મોજે.ઠાડચ, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, ઠાડચ ગ્રામ પંચાયત કચેરી, મુ.ઠાડચ, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- પાલીતાણા
તારીખ:- ૧૦/ ૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા



**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા, ફાયર & ઇમરજન્સી શાખા માટે ફાયર વાહનોની ખરીદીનું કામ | ૨૩,૫૦૦/- | ૧૨,૦૦,૦૦૦/- | ૧૨ (કરોડ) |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૧૪/૧૦/૨૦૨૫ થી ૨૮/૧૦/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૦૪/૧૧/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(વ.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

માહિતી -રાજ-૧૧૨૬-૨૫-૨૬

ચીફ ફાયર ઓફિસર
મોરબી મહાનગરપાલિકા


# ખંભાળીયા બ્રહ્મ સમાજનો પ્રથમ રાસોત્સવે સમાજની એકતા સુદ્રઢ બનાવી



**અબતક, વીનાયક ભટ્ટ, ખંભાળીયા**

પ્રાચીન શહેર ખંભાળિયા મા મોટી સંખ્યામાં દેવ મંદિરો આવેલા છે એ પ્રમાણ મા બાહ્મણો ની પણ અહિં સારી એવી સંખ્યા છે ચોર્યાસી પૈકી અત્રે સોળ થી અઢાર પેટા જ્ઞાતિઓ ના વસવાટ છે પરંતુ ચોક્કસ સંગઠન ના અભાવ બ્રૃહમ સમાજ માટે એક પ્રશ્નનાથે હતો પરંતુ સમસ્ત બૃહમ સમાજ ની ટીમ ચેતનવંતી બની રહેતા રાસોત્સવ કાયેક્રમ લોચુંબક માફક એકજ ધડાકે બૃહમ સમાજ એકાકાર થયો હતો

અહિં સમસ્ત બૃહમ સમાજ દ્વારા રાસોત્સવના ભવ્યાતીત કાયેકૃમ યોજવા મા આવતા પેટા જ્ઞાતિઓ ના ભેદભાવ ભૂલી દોઢ હજાર લોકો રાજય પુરોહિત વિધાર્થી ભુવન મા ઉમટી પડ્યા હતા અને રાસોત્સવ આનંદોત્સવ બની રહેતા બ્રહમ સમાજ લાગણી ની બૌરછાર ઉડી હતી જે મુજબ વિવિધ જ્ઞાતિ ઓ ના પ્રમુખો નામી અનામી આગેવાનો સ્વયં શોભામા અભિવૃદ્ધિ બન્યા હતા.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **દિયા પંકજભાઈ સિનોજિયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **દિયા પંકજ સિનોજિયા**થી બદલીને **દિયા પંકજભાઈ સિનોજિયા** કરવામાં આવ્યું છે.હવેથી મને **દિયા પંકજભાઈ સિનોજિયા** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું: દિયા પંકજભાઈ સિનોજિયા બ્લોક-40 એ.જી સોસાયટી, શેરી-5 કાલાવડ રોડ નીલ ધાબા રેસ્ટોરન્ટની સામે રાજકોટ ગુજરાત 360005**



**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૫૩/૨૦૨૫

શ્રી માયાબેન જીવરાજભાઈ ચુડાસમા
રહે.હણોલ, તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, હણોલ ગ્રામ પંચાયત કચેરી,
મુ.હણોલ, તા.પાલીતાણા, જિ.ભાવનગર ..........સામાવાળા

**વિષય:- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**


આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી માયાબેન જીવરાજભાઈ ચુડાસમાનો જન્મ તા.૨૨/૦૯/૧૯૯૫ના રોજ મોજે હણોલ, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, હણોલ ગ્રામ પંચાયત કચેરી, મુ.હણોલ, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- પાલીતાણા
તારીખ:- ૩૦/૦૯/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા



**શ્રદ્ધાંજલિ**



**સ્વ. બાવનજીભાઈ મેતલીયા**

પૂર્વ ધારાસભ્ય, પડધરી ટંકારા

લી.

**રામજી હીરાભાઈ મુછડીયા**

ગામ: ઢોકળીયા





॥ દુઃખદ અવસાન બેસણું ॥

**સ્વ. જયંતીભાઇ**
**બાબુભાઇ પાદરીયા**
તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર

દિલગીરી સાથ જણાવવાનું કે શ્રી શૈલેષભાઇ અને હિરેનભાઇના પિતાશ્રી **સ્વ. જયંતીભાઇ બાબુભાઇ પાદરીયા** (ઉ.વ. ૬૭)નું તા. ૧૦-૧૦-૨૦૨૫, શુક્રવારના દુઃખદ અવસાન થયેલ છે પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

~ સદગતનું બેસણું ~


**તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર**
**સાંજે : ૪ થી ૬ સુધી**
સ્થળ : પાદરીયા સમાજ, નવાગઢ.

**તા. ૧૫-૧૦-૨૦૨૫, બુધવાર**
**સાંજે : ૪ થી ૬ સુધી**
સ્થળ : આસોપાલવ લકઝૂરિયા અંબિકા ટાઉનશિપ, રાજકોટ

~ લી ~
શ્રી શૈલેષભાઇ પાદરીયા • શ્રી હિરેનભાઇ પાદરીયા
મો. 98791 24774, 80009 75981

# વેપારી સાથે ૧.૭૨ કરોડની ઠગાઈ

## વિદેશમાં વેપાર કરવાના બહાને વેપારી સાથે છેતરપિંડી આચરનાર ટોળકીના સાગ્રીતને દિલ્હીથી ઉઠાવી લીધો



**અબતક, ઋષિ મહેતા**

મોરબીના વેપારી પાસેથી વિદેશમાં કોકોપીટનો વેપાર કરાવવાના બહાને ઓનલાઈન રૂ.૧.૭૨ કરોડથી વધુની ઠગાઈ કરનાર સાયબર ક્રાઈમ ગેંગના એક સભ્યને મોરબી સાયબર ક્રાઈમ ટીમે દિલ્હીમાં પકડી પાડ્યો છે.

મોરબીમાં કોકોપીટ ઉત્પાદન કરનારા વેપારી દેવેન્દ્રભાઈ નરસિંહભાઈ દેત્રોજા(એવિયર ઈમ્પેકસ) વાળા સાથે રૂ.૧,૭૨,૮૮,૪૦૦/- ની ઠગાઈ થઈ હતી. ફરીયાદીએ પોતાનો વેપાર વિદેશમાં વિસ્તૃત કરવા ગુગલ સર્ચ મારફતે ફ્રેન્ડ ફન્ડામેન્ટલ પ્રા.લી. અને જી.બી.એફ.એસ. વિંગ્સ પ્રા.લી. નામની કંપનીઓ સંપર્કમાં આવ્યા હતા. આ કંપનીઓએ હોંગકોંગની એસેસ ટ્રેડિંગ કંપની સાથે ડીલ કરાવવાના બહાને વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૫ સુધી વિવિધ ચાર્જીસના નામે અલગ અલગ બેંક ખાતામાં રૂ.૧.૭૨ કરોડથી વધુની રકમ પડાવી લીધી હતી. બાદમાં વેપારીને ન તો કોઈ ડિલિવરી મળી, ફરિયાદીએ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ભારતીય અને વિદેશી વ્યક્તિઓ તથા તેમના મળતીયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. મોરબી સાયબર ક્રાઈમ પીઆઈ એન.એ. વસાવાના નેતૃત્વમાં પીએસઆઈ વાય.પી. વ્યાસની ટીમ દિલ્હીમાં પહોંચી અને ફ્રેન્ડ ફન્ડામેન્ટલ પ્રા.લી. કંપનીમાં કામ કરતા એક કર્મચારી આરોપી ધનંજય પ્રદીપ શર્મા ઉવ.૨૩ને કસ્ટમર સપોર્ટ ઓપરેટર તરીકેની ભૂમિકામાં સંડોવણી બદલ ઝડપી પાડ્યો હતો.

ઓનલાઈન સાયબર ક્રાઈમ કરનાર ટોળકીની મોડસ ઓપરેન્ડીમાં આ ગેંગનો મુખ્ય માસ્ટરમાઈન્ડ પારસ સિંઘાલ, નકલી કંપનીઓ બનાવી બીબીએ તથા બીસીએ માં અભ્યાસ કરતા યુવકોને સ્ટાફમાં રાખી વેપારીઓને વિદેશી ટ્રેડના લાલચથી ફસાવતો હતો.

# વાંકાનેર: વિકાસ સમાહની ઉજવણી ફળી: લાખોના વિકાસ કામોના મુહુર્ત સાથે કરાયા લોકાર્પણ

## ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની ઉપસ્થિતિમાં ૨૪ વર્ષના શાસનની ઉજવણી

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેરમાં વિકાસ સપ્તાહ અંતર્ગત નગરપાલીકા દ્વારા આયોજીત ૨૪ વર્ષ સુશાસન અને સેવા અંતર્ગત કાર્યક્રમમાં ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની વિશેષ ઉપસ્થિતિમાં યોજોલ હતો. આ કાર્યક્રમમાં વાંકાનેર શહેરમાં પૂર્ણ થયેલ કામનું લોકાર્પણ અને નવા મંજૂર થયેલા વિવિધ કામોનાં ખાતમૂહુર્ત કરવામાં આવેલ હતા. વડાપ્રધાન આવાસ યોજનામાં મંજૂર થયેલા લાભાર્થીઓનાં આવાસોનાં પ્રણામ પત્રો આપવામાં આવેલ હતા.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, પાલીકા પ્રમુખ ડીમ્પલભાઈ સોલંકી, ઉ.પ્રમુખ હર્ષિતભાઈ સોમાણી, ચીફ ઓફીસર ગીરીશભાઈ સરૈયા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ મેઘાણી, પાલીકા પૂર્વ પ્રમુખ ધર્મેન્દ્રસિંહ જાડેજા, રમેશભાઈ વોરા, ચેતનગીરી ગોસ્વામી, કાઉન્સીલર પ્રદીપભાઈ પઢીયાર, જીજ્ઞેશભાઈ નાગ્રેચા, ઉપરાંત પાલીકા કર્મચારી ગણ, મ્યુનીસીપલ સંચાલીત ગર્લ્સ સ્કુલ કર્મચારીઓ તથા લાભાર્થી ભાઈઓ બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, ઉપરાંત પાલીકા પ્રમુખ ઉ.પ્રમુખ ચીફ ઓફીસર સહિતનાઓના હાથે લાભાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. અને થયેલા વિકાસ કામો અને મંજુર થયેલા કામોની વિશેષ જાણકારી ઉપરોકત મહાનુભાવોએ જનતાને જાણકારી આપી હતી.

# વાંકાનેર: જુગારની મહેફિલ માણતા પાંચ પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરમાં નવા રાજા વડલા ગમે જવાના માર્ગ ઉપર રેલ્વે ગરનાળા બાજુમાં વાડીની બાજુમાં ખુલ્લા ખરાબામાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તિના જુગારની મજા માણી રહેલા મુકેશભાઈ ભોગીલાલ શાહ , રફીકભાઈ અબુભાઈ કાફી , પ્રવિણભાઈ મૂળજીભાઈ ગેડીયા , જયેશભાઈ ઉર્ફે ભુરાભાઈ હરગોવીંદભાઈ મજેઠીયા તથા મહમદભાઈ કરીમભાઈ લાખા વાળાની રોકડા રૂ.૧૬,૭૦૦/-સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે.

# હળવદ: ટેન્કર અને ટ્રેલર વચ્ચે અકસ્માતમાં એકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર જી.આઈ.ડી.સી. સામે ટેન્કર અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટેન્કર ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં ચલાવી આગળ જઈ રહેલા ટ્રેલરના પાછળના ભાગમાં અથડાવતા, ટેન્કરમાં ક્લીનર સાઈડ બેઠેલ સહ-ચાલકને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. હાલ સમગ્ર અકસ્માત મામલે ફરિયાદી ટ્રેલર વાહન ચાલકે હળવદ પોલીસ સમક્ષ ટેન્કર ચાલક આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ફરિયાદ અનુસાર, તા. ૧૨ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ રાત્રે હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર આવેલ જી.આઈ.ડી.સી. સામે રોડ પર ટેન્કર રજી. નં. જીજે-૩૯-ટીએ-૮૫૦૧ અને ટ્રેલર રજી. નં. જીજે-૩૯-ટીએ-૧૭૨૨ વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. જે અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, મુસાભાઈ કાળુભાઈ બેલીમ રહે. દશાડા જી.સુરેન્દ્રનગર, પોતાના હવાલાનું ટેન્કર પુરઝડપે અને બેફીકરાઈથી હંકારી રહ્યો હતો. તે દરમિયાન રોડ ઉપર આગળ જતા ટ્રેલરના પાછળના ભાગે ટેન્કર ટકરાયુ હતું. અકસ્માત એટલો જોરદાર હતો કે ટેન્કરના ખાલી ભાગમાં બેસેલા સહ-ચાલક નવીનભાઈ રામજીભાઈ મિયાત્રા રહે. અંતરજાળ તા. ગાંધીધામ જી. કચ્છ વાળાના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. અકસ્માતની ઘટના અંગે ફરીયાદી હીરાભાઈ જેસંગભાઈ મિયાત્રા ઉવ.૬૫ રહે. અંતરજાળ જી. કચ્છ વાળાએ હળવદ પોલીસ મથકમાં આરોપી ટેન્કર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દુકાન સામે ટેબલ રાખવા બાબતે વૃદ્ધ ઉપર હુમલો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના શોભેશ્વર રોડ ઉપર જીલ્લા પંચાયત કચેરી નજીક બનેલી ઘટના મુજબ દુકાન સામે રાખેલ ટેબલને લેવા બાબતે વૃદ્ધને લાકડી તથા ઢીકા પાટુ વડે બેફામ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચાર ઈસમો વિરુદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી શહેરના સામાકાંઠે શોભેશ્વર રોડ ઉપર જીલ્લા પંચાયત કચેરી પાસે રહેતા ભાગવતદાસ સરજુદાસ રામાવત રામાનંદી ઉવ.૬૦ એ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ભોજાભાઈ કરમણભાઈ ભરવાડ, મનીષભાઈ ભોજાભાઈ ભરવાડ, રાણાભાઈ મલાભાઈ રાતડીયા તથા એક અજાણ્યો માણસ સહિતના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદીએ આરોપી ભોજાભાઈ ભરવાડની દુકાન સામે ટેબલ રાખ્યું હોય જે ટેબલ લેવા બાબતે ગત તા.૧૦/૧૦ના રોજ ચારેય આરોપીઓએ ફરિયાદી વૃદ્ધને અપશબ્દો આપી લાકડી તથા ઢીકાપાટુ વડે બેફામ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમગ્ર બનાવમાં ફરિયાદીને શરીરે મૂંઢ ઈજાઓ પહોંચી હતી. હાલ બી ડિવિઝન પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મનપા દ્વારા ત્રણ સ્થળોએ સી.સી. રોડના કામો પૂર્ણ

**અબતક, ઋષિ મહેતા**



મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના માર્ગ ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારણા લાવવા માટે હાથ ધરાયેલા વિવિધ સી.સી. રોડના કામોમાં તાજેતરમાં ત્રણ મહત્વપૂર્ણ વિસ્તારોના પ્રોજેક્ટ પૂર્ણ થયા છે. જેમાં ૧૫માં નાણાપંચ ગ્રાન્ટ હેઠળ ચિત્રકૂટ સોસાયટી શેરી નં. ૧, ૨ અને ૩ માં સી.સી. રોડનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આઉટગ્રોથ ગ્રાન્ટ હેઠળ કેદારીયા હનુમાનથી સેન્ટમેરી ફાટક સુધી સી.સી. રોડનું કામ પૂર્ણ થયું છે. જ્યારે રોડ રીસર્ફેસીંગ ગ્રાન્ટ હેઠળ ચામુંડાનગર વિસ્તારમાં સી.સી. રોડનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ બધા પ્રોજેક્ટોનો હેતુ શહેરના રસ્તાઓને વધુ સુલભ, ટકાઉ બનાવવા સાથે નાગરિક સુવિધામાં વધારો કરવાનો છે


# વાંકાનેર નજીક મોટર સાયકલમાં દેશી દારૂની હેરાફેરી કરતા એક પકડાયો

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન જોધપર ગામના પાટીયા પાસે વાંકાનેર બાઉન્ડ્રી તરફથી મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-એલક્યુ-૭૮૨૦ ઉપર આવતા એક શખ્સને રોકી તેની પાસે રહેલ થેલાની તલાસી લેતા તેમાંથી ૩૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૬,૦૦૦/- વેચાણ કરવાને ઈરાદે મળી આવ્યો હતો. જેથી તુરંત આરોપી અજયભાઈ સવશીભાઈ સાઢમીયા ઉવ.૨૫ રહે. અકાળા તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર વાળાની અટકાયત કરી હતી, આ સાથે પોલીસે મોટર સાયકલ સહિત રૂ.૩૬,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આયુષ હોસ્પિટલમાં ડાયાબીટીસ ફુટની સફળ પ્લાસ્ટિક સર્જરી

## આયુષ હોસ્પિટલના ડો. આશિષ હડિયલની પ્લાસ્ટિક સર્જરીથી ડાયાબીટીક ફુટના દર્દીનો પગ કપાતો બચ્યો



**અબતક, ઋષિ મહેતા**

મોરબીની આયુષ હોસ્પિટલમાં ડાયાબિટિક ફૂટથી પીડાતા દર્દી પર કરવામાં આવેલી સફળ પ્લાસ્ટિક સર્જરી બાદ દર્દીનો પગ કાપવાનું ટળી ગયું છે. અન્ય મોટા શહેરોની હોસ્પિટલોમાં પગ કાપવાની સલાહ આપવામાં આવી હોવા છતાં, ડો. આશિષ હડિયલની કુશળ સારવારથી દર્દી હવે સંપૂર્ણપણે સાજો થઈ ગયો છે.મોરબીમાં એક દર્દી, જે છેલ્લા ઘણા વર્ષોથી ડાયાબિટિસથી પીડાતા હતા, તેઓ છેલ્લા ૮ વર્ષથી ડાયાબિટિક ફૂટ જેવી ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. પગમાં બનેલો ઘાવ લાંબા સમયથી ન ભરાતો હોવાથી ચેપ વધી રહ્યો હતો. અગાઉ આ દર્દીએ અમદાવાદ તથા અન્ય મોટા શહેરોની હોસ્પિટલોમાં તપાસ કરાવી હતી, જ્યાં તેમને ઘાવ ગંભીર હોવાથી પગ કાપવાની સલાહ આપવામાં આવી હતી. આ સ્થિતિમાં દર્દી અને પરિવારજન નિરાશ થઈ ગયા હતા. જે બાદ મોરબીની આયુષ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં પ્લાસ્ટિક સર્જન ડો. આશિષ હડિયલએ તાત્કાલિક નિદાન કરી જરૂરી સર્જરી હાથ ધરી હતી. આધુનિક ટેકનિક અને પ્લાસ્ટિક સર્જરી દ્વારા ઘાવની યોગ્ય સફાઈ, ચેપ નિયંત્રણ અને ત્વચા ટ્રાન્સ પ્લાન્ટની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ દર્દીનો ઘાવ સંપૂર્ણપણે સાજો થઈ ગયો છે અને પગ બચી ગયો છે.

# જયશ્રી માનવ સેવા ટ્રસ્ટ દ્વારા બુધવારે મેડિકલ કેમ્પ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં માનવસેવાને જીવનધર્મ રૂપે સ્વીકારનાર જયશ્રી માનવ સેવા ટ્રસ્ટ, મોરબીની પ્રમુખ જયશ્રીબેન સાગરભાઈ વાઘેલાના જન્મદિવસના પ્રસંગે એક અનોખી સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. સમાજના દરેક વર્ગના લોકો સુધી આરોગ્ય સેવા પહોંચે તે હેતુથી ટ્રસ્ટ દ્વારા તારીખ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી પ્રધાનમંત્રી આવાસ યોજના, દલવાડી સર્કલ પાસે, મોરબી ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશર (બી.પી.)નું નિદાન ડો. ચાર્મીબેન આદ્રોજા (યોગીકૃપા ક્લિનિક) દ્વારા કરવામાં આવશે. નિદાન કરાયેલા દર્દીઓને જયશ્રીબેન સાગરભાઈ વાઘેલા પરિવાર તરફથી ૩ દિવસની દવા સંપૂર્ણ ફ્રી આપવામાં આવશે. સાથે સાથે તાવ, શરદી, ઉધરસ જેવી સામાન્ય તકલીફો માટે પણ ચકાસણી કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે.

# જલારામ ધામ ખાતે મહેતા પરિવાર દ્વારા ભક્તજનોને મહાપ્રસાદ અપાયો



**અબતક, ઋષિ મહેતા**

મોરબીના જલારામ ધામ ખાતે વિવિધ પ્રકારની માનવસેવા સાથે ચાલતા સદાવ્રતમાં દરરોજ સૈંકડો લોકોની જઠરાગ્નિ તૃપ્ત થાય છે. આ સેવાયજ્ઞ અંતર્ગત સાધ્વીજી નમ્રદર્શિતાશ્રીજી મ.સા.ની ૧૦૬મી આયંબિલની ઓળીની પૂર્ણાહુતી પ્રસંગે વિશેષ ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપ્રસાદ મોરબીના જશવંતીબેન પ્રતાપરાય મહેતા પરિવાર દ્વારા સેવા ભાવથી યોજાયો હતો. આ પ્રસંગે જતીનભાઈ મહેતા, જયેશભાઈ ટોળીયા, જતીનભાઈ શેઠ, ચેતનભાઈ શેઠ, હેતભાઈ શેઠ સહિતના જૈન સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પોતાના હસ્તે મહાપ્રસાદ પિરસી ભક્તજનોની જઠરાગ્નિ તૃપ્ત કરી હતી.

મોરબી મહેતા પરિવારના આ પ્રેરણાદાયી સેવાકાર્ય બદલ જલારામ ધામના ગીરીશભાઈ ઘેલાણી, હરીશભાઈ રાજા, પ્રતાપભાઈ ચગ, ભાવીનભાઈ ઘેલાણી, ચિરાગભાઈ રાચ્છ, વિપુલભાઈ પંડિત સહિતના આગેવાનો દ્વારા પરિવારને હાર્દિક અભિનંદન પાઠવાયા હતા.

કલ્યાણ એજયુ-ચેરી. ટ્રસ્ટ-જિલ્લા પંચાયત મોરબીના ઉપક્રમે

# વાંકાનેરની ચિત્ર સ્પર્ધામાં બાળ કલાકારોની પ્રતિભા થઈ ઉજાગર: વિજેતાઓને ઈનામો અપાયા

## બાળકોને જીવનમાં જવલંત સફળતાના મહાનુભાવોએ આપ્યા આશિર્વાદ





**અબતક,લીતેશ ચંદારાણા, વાંકાનેર**

મોરબીમાં જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં ૫૦૦થી વધુ બાળ ચિત્રકારોએ એક એકથી ચડીયાતા ચિત્ર દોરી પ્રદર્શન સ્પર્ધાને ભવ્ય બનાવી હતી.

કલ્યાણ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, તથા જિલ્લા પંચાયતના સહયોગથી ૭ સપ્ટેમ્બર રવિવારે યોજાયેલી જિલ્લા સ્તરીય ડ્રોઈંગ સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહ મોરબીના સરસ્વતી શિશુ મંદિર ખાતે ભવ્ય રીતે યોજાયો હતો.

કાર્યક્રમમાં મોરબી જિલ્લાભરના ૫૫૦થી વધુ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જિલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, સાર્થક વિદ્યા મંદિરના સંચાલક કિશોરભાઈ શુક્લા, સૌરાષ્ટ્ર ઓઈલ મિલ એસો. ના પ્રમુખ નવનીતભાઈ,

તથા કલ્યાણ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગૌરવભાઈ જાની અને

ટ્રસ્ટના તમામ તથા ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનો દ્વારા બાળકોની પ્રતિભાને વધાવીને તેમને ભાવી સફળતાની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. બાળકોની સર્જનાત્મક ડ્રોઈંગનું પ્રદર્શન પણ યોજાયું હતુ. જેને બાળકોના કલાત્મક પ્રયત્નોની પ્રસંશા કરી.

કાર્યક્રમના અંતે ટ્રસ્ટના પ્રમુખ ગૌરવભાઈ જાનીએ એક મહત્વપૂર્ણ સામાજિક જાહેરાત પણ કરી હતી. કે આ આવનારી દિવાળી પર ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ, કપડાં અને આનંદના પળો પહોંચાડવા માટે ટ્રસ્ટ વિશેષ સેવા અભિયાન શરૂ કરી રહ્યું છે.

તેમણે સમસ્ત નાગરિકોને અપીલ કરી કે પોતાના ઉપયોગમાં ન આવતા કપડાં, રમકડાં અથવા અન્ય વસ્તુઓ સ્વચ્છ રીતે ભેગી રાખી કલ્યાણ ટ્રસ્ટ સુધી પહોંચાડે.

# વાંકાનેર: કોળી સમાજની વાડીનું મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે લોકાર્પણ

## વાંકાનેર પંથકના કોળી સમાજની પ્રથમ વાડી સમાજની એકતા માટે બનશે આશિર્વાદ: દાતા જીજ્ઞાસાબેન મેર

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેરના કોળી સમાજ માટે એક મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ પ્રસંગની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના નજીક થાન રોડ પર આવેલ પવિત્ર સ્થળ માંધાતા ધામ, ભગવાન માંધાતાદેવ અને સંતશ્રી વેલનાથબાપુના મંદિર પ્રાંગણ ખાતે વાંકાનેરમાં સૌપ્રથમ વાર તૈયાર થયેલ કોળી સમાજવાડી કેબિનેટ મંત્રી અને અખિલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કાળાસર જગ્યાના મહંત વાલજીભગત તેમજ મુખ્ય અતિથિ તરીકે પૂર્વ સાંસદ દેવજીભાઈ ફતેપરા અને ચુવાડીયા કોળી સમાજના ગુજરાત પ્રદેશ પ્રમુખ ધર્મેશભાઈ જીંજવાડીયા ઉપસ્થિત રહ્યાં હતાં. કોળી સમાજ વાડીના સ્થાપક અને મુખ્ય દાતા જીજ્ઞાસાબેન મેરના જણાવ્યા મુજબ આ સમાજવાડીએ કોળી સમાજની એકતાનું પ્રતિક છે. કોળી સમાજની આ નવનિર્મિત વાડી સમાજના સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક કાર્યો માટે એક મંચ પૂરો પાડશે. આ સાથે સમસ્ત કોળી સમાજના તમામ ગામના સરપંચો, આગેવાનો અને સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા જય માંધાતા અને જય વેલનાથના નાદથી માંધાતા ધામના શુત્ર શ્રદ્ધા સાથે એકતાનું પ્રતિકને સાર્થક કર્યુ હતું.

આ લોકાર્પણ કાર્યક્રમના આયોજકોમાં જીજ્ઞાસાબેન મેર, વાઘજીભાઈ ડાંગરોચા, ચતુરભાઈ મકવાણા, કાળુભાઈ કાકરેચા, રતિલાલભાઈ અણીયારીયા, ભગવાનજીભાઈ મેર, રાજુભાઈ ભૂવા મેર, દામજીભાઈ ધોરીયા, જિતેન્દ્રભાઈ ધરજીયા, રમેશભાઈ સારલા, ગોરધનભાઈ સરવૈયા, મગનભાઈ રાઠોડ, જયંતિભાઈ સાબરિયા, રાજુભાઈ માલકિયા, લાલજીભાઈ રાઠોડ, સંજયભાઈ જાડા, પ્રેમજીભાઈ વીંજવાડીયા, પ્રભુભાઈ, સુખદેવભાઈ ડાભી અને દેવાભાઈ વિંજવાડીયાએ જહેમત ઉઠાવી હતી.

## ભાવનગર: વોન્ટેડ તસ્કર ત્રણ વર્ષે ઝડપાયો



**અબતક આનંદ રાણા સિહોર**

ભાવનગર જિલ્લામાં ઘર ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીઓનેસહિતની ઝડપી પાડવા જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયએ આપેલી સુચના ના પગલે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમ પેટ્રોલિંગમાં તેહતી તે દરમિયાન બાતમી મળી હતી કે, વરતેજ પોલીસ મથકમાં ત્રણ વર્ષ પહેલા ઘર પરફોડ ચોરીના ગુનામાં સંદોવાયેલો નાસતો ફરતો દાહોદનો કિશન સમરસિંઘ મોહનિયા નામનો શખ્સ વરતેજ ચોકડીએ ઉભો છે. એલસીબી ની ટીમ વરતેજ ચોકડી પહોંચી કિશન મોહનિયાને દબોચી લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# જૂનાગઢ: ગુજશીટોકનો આરોપી કરશન મોદી પોલીસ કસ્ટડીમાં

## બંગલા ગેંગ સામે ૪૬ ગુના નોંધાયેલા: ચાર પૈકી એકની ધરપકડ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં ગુજરસીટોકના પકડાયેલા આરોપીને તેના જ ઘર પાસે પોલીસ દ્વારા રીકન્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું. ત્યારે આરોપી શખ્સે જણાવ્યું હતુ કે, ‘‘ભૂલ થઈ ગઈ, કોઈ ગેંગ બનાવવી નહીં, દુનિયામાં સૌથી મોટો બાપ પોલીસ છે‘‘,

અસામાજિક પ્રવૃત્તિઓ કરી, લોકોમાં ધાક જમાવી, ગુંડાગર્દી કરી, ભય ફેલાવતા તત્વો સામે લાલ આંખ કરી કાયદાનું ભાન કરાવવા કમર કસી છે. ત્યારે ગત તા. ૯ ના રોજ જુનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લામાં લગભગ ૪૬ જેટલા ગુના આચરી ચૂકેલા પાંચ શખ્સોની બનેલ બંગલા ગેંગ સામે ગુજસી ટોક કલમ હેઠળ જુનાગઢ જિલ્લા પોલીસ વડા



સુબોધ ઓડેદરાની સૂચના અને માર્ગદર્શન નીચે જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. જેમાં પાંચ પૈકી જુનાગઢનો કરસન દલાભાઈ મોરી પોલીસની પકડમાં આવી ગયો હતો, અને પોલીસે તેમને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરતા, કોર્ટે ચાર દિવસના કરસન દલાભાઈ મોરીના રિમાન્ડ મંજૂર કરેલ હતા, ગુનાઓનું રીકન્ટ્રકશન કરાવ્યું હતું, ’મારી ભૂલ થઈ ગઈ, કોઈ ગેંગ બનાવી નહીં, દુનિયામાં સૌથી મોટો બાપ પોલીસ છે’ તેમ બે હાથ જોડી જાહેરમાં બોલી રહ્યો હતો.

જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં પાંચ શખ્સો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરાયો હતો, જે ગુનેગારો સામે ગુનો દાખલ થયો છે તેવા પાંચ શખ્સોએ એક બંગલા ગેંગ બનાવી ખૂનની કોશિશ, ખૂન, લુટ, રાયોટીંગ સહિતના કુલ ૪૬ જેટલા ગંભીર ગુનાઓ પોલીસ દફતરે નોંધાયા છે. ત્યારે આ ગુન્હાની તપાસ હાલ જૂનાગઢ ગ્રામીણ ડી.વાય.એસ.પી. કરી રહ્યા છે.

આ સાથે જિલ્લા પોલીસવડા સુબોધ ઓડેદરાએ વધુમાં જણાવ્યું હતું કે, તપાસના ભાગરૂપે આજે આરોપીઓના રહેઠાણ સહિત તમામ જગ્યાએ પોલીસની વિવિધ ટીમ બનાવી સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું, જે દરમિયાન ગુનાને સમર્થન આપતા અનેક દસ્તાવેજો મળી આવતા પોલીસે પંચનામુ કરીને કબજે લીધા છે. આ સાથે ગુજસિટોકના પાંચેય આરોપીઓની ગુનાહિત પ્રવૃત્તિઓમાં ધાકધમકી આપીને પડાવેલી મિલકતો, તેમની સાથે અન્ય કોણ કોણ સંકળાયેલું છે, આર્થિક સપોર્ટ કોણ કરે છે, તે સાથે બેંક એકાઉન્ટ અને ફાયનાન્સિયલ ટ્રાન્ઝેક્શન સહિતની તમામ બાબતો એ પોલીસની તપાસ ચાલુ છે.

### જુનાગઢ પોલીસ વડાનો લોકોને સંદેશ



જુનાગઢ પોલીસ વડા સુબોધ ઓડેદરા એ જુનાગઢ શહેર તથા જિલ્લાના લોકોને એક સંદેશો પાઠવી ખાતરી આપી છે કે, જો આ ગુનેગારોએ ક્યાંય પણ ધાકધમકી આપીને મિલકત પડાવી હોય કે હેરાન કર્યા હોય તો જરા પણ ડર રાખ્યા વગર, પોલીસ પાસે આવો. જુનાગઢ પોલીસ પીડિતોની સાથે રહેશે અને આરોપીઓ, ગુનેગારો સામે કાયદેસરની કાર્યવાહી કરશે.

# ભુજના સામત્રામાં પતિને જીવતો સળગાવી મોતને ઘાટ ઉતારાયો

## પ્રથમ પત્નીના ઘરેણા પરત માંગતા વૃધ્ધ પર કેરોસીન છાંટી દિવાસળી ચાંદી હત્યા નિપજાવી: પત્ની સામે નોંધાતો ગુનો

**અબતક,ભૂજ**

ભુજ તાલુકાના સામત્રા ગામે ભુજમાં લીધેલાં મકાનના રૂપિયા ભરવાની ના પાડતાં પત્નીએ પતિને કેરોસીન છાંટી દીવાસળી ચાંપી સળગાવી દઈને હત્યા કર્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.ઊલટી ગંગા સમાન આ ચર્ચાસ્પદ બનાવ અંગે સતે માનકૂવા પોલીસને જી.કે. જનરલ હોસ્પિટલમાં દાઝેલી.હાલતમાં ચાલતી સારવાર દરમ્યાન સામત્રાના ૬૦ વર્ષીય ધનજીભાઈ ઉર્ફે ખીમજીભાઈ વિશ્રામભાઈ કેરાઈએ નિવેદન આપી નોંધાવેલી ફરિયાદ મુજબ આજથી ચાર વર્ષ પૂર્વે તેમની પ્રથમ પત્ની લક્ષ્મીબેનનું અવસાન થયું હતું અને દોઢેક વર્ષ પૂર્વે મહેસાણા થી કૈલાસબેન





કનુસિંહ ચૌહાણ સાથે લગ્ન કર્યા હતા. પ્રથમ પત્નીના દાગીના તેણે લઈ લીધા હતા. ફરિયાદી ધનજીભાઈ અવાર - નવાર તે દાગીના માગતા,પરંતુ તે ન આપી ઝઘડો કરતી હતી. આ બાદ આરોપી પત્ની કૈલાસબેને ભુજમાં મકાન લીધું હતું, જેના રૂપિયા ભરવા માટે પણ અવાર-નવાર ઝઘડો કરી મારી નાખવાની ધમકી આપીને માનસિક ત્રાસ આપતી હતી.

ગઈકાલે તા.૧૧/૧૦ના સાંજે પત્ની કૈલાસબેને ભુજમાં લીધેલાં મકાનના રૂપિયા ભરવા માટે ફરિયાદી પાસે રૂપિયા માગ્યા હતા. જેની ના પાડતાં આરોપી પત્નીએ ઘરના આંગણામાં આવેલા ગેરેજમાં હાથ પકડી લઈ ગઈ હતી અને કહ્યું કે, રૂપિયા નહીં આપે તો જીવતો નહીં મૂકું અને ગેરેજમાં રાખેલી કેરોસીન જેવું પ્રવાહી ફરિયાદી પર છાંટી દીવાસળી ચાંપી ફરિયાદી ધનજીભાઈને સળગાવી દઈ ગેરેજના નાના દરવાજામાંથી બહાર નીકળી બહારથી દરવાજો બંધ કરી દીધો હતો. ફરિયાદીએ રાડારાડ કરતાં ફરિયાદીનો દીકરો તથા પાડોસીઓએ આવી દરવાજો ખોલી સળગતા ફરિયાદી પર કપડું નાખી સારવાર અર્થે જી.કે. જનરલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. માનકૂવા પોલીસે હત્યા પ્રયાસ સબબની કલમો તળે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી અને તપાસકર્તા ઈન્ચાર્જ પીઆઈ પી.સી. ગોહિલે આરોપી કૈલાસબેનની અટક કરી લીધી હતી. દરમ્યાન આજે સાંજે સારવાર દરમ્યાન ધનજીભાઈ એ હોસ્પિટલમાં દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો છે.

# હરીપર (પાળ)ગામમાં મામૂલી રકમના મામલે બે જૂથ વચ્ચે મારામારી

## બંને પક્ષના એક એક વ્યક્તિઓ ધવાયા: મેટોડા પોલીસ દ્વારા તપાસ નો ધમધમાટ

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લામાં દિવસે અને દિવસે મારામારીના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે હરીપર પાળ ગામે રહેતા બે જૂથો વચ્ચે મારામારી થતા બંને પક્ષોને એક એક વ્યક્તિઓને ઈજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર આવશે ખસેડવામાં આવ્યા હતા આ બનાવ અંગે મેટોડા પોલીસે તપાસની હાથધરી છે આ અંગે મળતી માહિતી મુજબ ભાવેશભાઈ ગોવિંદભાઈ વાળા ઉંમર વર્ષ ૨૪ વર્ષે યુવાન ઉપર નાજાભાઇ ખીમજીભાઈ રાતડીયા કોઈ કારણોસર માર મારતા ભાવેશભાઈને પ્રથમ મેટોડા ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા

જ્યારે સામા પક્ષે નાજાભાઇ ખીમજીભાઇ રાતડીયા ઉંમર વર્ષ ૨૫ વર્ષે યુવાન પર ભાવેશભાઈ ગોવિંદભાઈ વાળાએ નાજાભાઇ ખીમજીભાઈ રાતડીયા ને માર મારતા નાજાભાઇ ખીમજીભાઈ રાતડીયા ને રાજકોટ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા આ બનાવવા અંગે પૈસાનીની લેતી દેતી બાબતે ઝઘડો થયાનુ પ્રાથમિક માહિતી મળેલ છે બંને પક્ષના એક એક વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી આ બનાવ થી મેટોડા પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરી છે એવું જાણવા મળેલ છે

## ગારીયાધારના નાના ચારોડીયામાં જુગાર રમતા ત્રણ પકડાયા, બે ફરાર



ગારીયાધાર તાલુકાના નાના ચારોડીયા ગામે જુગાર રમાતો હોવાની એલસીબીને મળેલી બાતમીના આધારે પીએસઆઈ પી.ડી.ઝાલા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા લલીતસિંહ બળવંતસિંહ ગોહિલ, જેસંગભાઇ સોમાભાઇ ગોહિલ, કાળુ નારાયણ બાબરીયાની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી ૧૦,૨૭૦નો મુદ્દામાલ કબ્જે કરી નાશી છૂટેલા રામદેવસિંહ કેશુભા ગોહિલ અને શાંતુભા મનુભા ગોહિલની શોધખોળ હાથ ધરવામાં આવી છે. **- તસવીર : આનંદ રાણા, સિહોર**

## મોરબી: ઈન્સ્ટાગ્રામ ઉપર હથિયાર સાથેના ફોટા-વિડિયો અપલોડ કરનાર યુવક ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી એસ.ઓ.જી. ટીમે ઈન્સ્ટાગ્રામ ઉપર બારબોર હથિયાર સાથેના ફોટા અને વિડિયો પોસ્ટ કરી સમાજમાં ભય ફેલાવનાર યુવક સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. તપાસ દરમ્યાન હથિયારના પરવાનેદારની પણ અટક કરવામાં આવી છે.

મોરબી જીલ્લા પોલીસવડા દ્વારા જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સોશિયલ મીડિયા પર હથિયાર દર્શાવતા ફોટા અને વિડિયો પોસ્ટ કરનાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ અનુસંધાને મોરબી એસ.ઓ.જી. ટીમના પીઆઈ એન.આર. મકવાણાના માર્ગદર્શન હેઠળ ટીમ સતત સોશિયલ મીડિયા પર નજર રાખી રહી હતી. તે દરમ્યાન ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. gordhaniyoak2697 પરથી એક યુવક દ્વારા બારબોર હથિયાર સાથેના ફોટા અને વિડિયો અપલોડ કરેલા હોવાનું સામે આવ્યું હતું. આ માહિતી મળતા એ.એસ.આઈ. મુકેશભાઈ જોગરાજીયાની ટીમે ખાનગી બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગોરધનભાઈ વેરશીભાઈ સરાવાડીયા નજીકથી ઝડપી લેવાયો હતો. પુછપરછ દરમ્યાન આશરે એક મહિના પહેલા તેણે પોતાના સગા અલુભાઈ શામજીભાઈ ઉડેચા લાયસન્સ ધરાવતા હથિયાર સાથે ફોટા પાડી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં પોસ્ટ કર્યા હતા. જેથી મોરબી એસઓજી પોલીસે હથિયાર કિ.રૂ.૧૫,૦૦૦/- તથા વીવો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ. ૫,૦૦૦/- સહિત કુલ ૨૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# અંજાર: સોશિયલ મીડિયા પર બંદુક સાથેની હીરોગીરી યુવકને ભારે પડી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સોશિયલ મીડિયા પર રોબ જમાવવા યુવાનો કંઈક ગતકડાં કરતા હોય છે, આવો જ એક પ્રયાસ અંજારના સમીર કુંભાર નામના યુવાને કર્યો હતો, પરંતુ પોલીસે સમજદાર બતાવતા તેને કાયદાનુ ભાન કરાવ્યું હતું. જોકે પોલીસે આક્રમક વલણ ન દાખવતા યુવાનને સમજાવ્યો હતો.

વાસ્તવિક પડકારોનો સામનો કરવાને બદલે સોશિયલ મીડિયાની આભાસી દુનિયામાં ચોવીસે કલાક જીવી રહેલા આજના યુવાઓ ઈન્સ્ટાગ્રામ,ફેસબુક



યુટ્યુબ,સ્નેપચેટ જેવા પ્લેટફોર્મ્સ પર વટ પડાવવાના ચક્કરમાં ક્યારેક મોટી મુસીબતમાં ફસાઈ જતા હોય છે. આવા જ એક કિસ્સામાં પૂર્વ કચ્છના અંજાર તાલુકાના સમીર કુંભાર નામના યુવાનને ફિલ્મી અંદાજમાં નકલી બંદૂક સાથે પોસ્ટ કરેલી રીલ વાયરલ કરવી ભારે પડી છે. પોલીસે તેને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી છે.પુછપરછ કરતાં તેના હાથમાં નકલી રિવોલ્વર હોવાનું અને તે રિલ્સ બનાવતો હોવાનું જણાવતાં તેને સોશિયલ મીડિયા પર વાઈરલ થવા સીન-સપાટા કરવાની હરકતોથી બચવાની તાકીદ સાથે કાયદો સમજાવતાં યુવાને માફી માગી હતી.

આ કામગીરી પીઆઈ એઆર ગોહિલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# ગોંડલમાં એક રાત બંધ રહેલા મકાનમાં તસ્કરોના પરોણા : રૂ. ૯૦ હજારની મતાની ચોરી

## પતિ બહારગામ હોય પત્ની નજીકમાં જ માવતરે રાત્રિ રોકાણ કરવા ગઈ તી : સવારે પરત ફરતા રોકડ-ઘરેણાંની ચોરી થઈ ગયાની જાણ થઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલમાં મંગલમ પાર્ક-૨ ખોડીયારનગરમાં માત્ર એક રાત માટે બંધ રહેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવી અહીંથી રોકડ રૂ.૮૦ હજાર તથા ચાંદીના દાગીના સહિત રૂ.૯૦ હજારની મત્તા ઉસેડી ગયા હતાં. બાજુમાં આવેલા ઘરમાંથી પણ તસ્કરો હાથફેરો કરી ગયાનું માલુમ પડયું હતું. આ અંગે ગોંડલ બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલમાં મંગલમ પાર્ક-૨ ખોડીયારનગરમાં રહેતા કુંજનબેન કિશનભાઈ સોલંકી(ઉ.વ ૨૪) નામની પરિણીતાએ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તે અહીં પતિ અને બે સંતાનો સાથે રહે છે. ગઈ તા.૧૧/૧૦ ના સવારના સુમારે તેમના પતિ કિશનભાઈ કામ સબબ બગદાણા ધામ ગયા હતાં. સાંજના પાંચેક વાગ્યા આસપાસ પરિણીતા ઘરની પાછળ રહેતા તેના પિતા બહારદુરભાઈ મકવાણાના ઘરે બાળકોને લઈને ગયા હતાં. જ્યાં રાત્રીના રોકાયા બાદ સવારે ઘરે આવતા ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો અને દરવાજાનો નકુચો નીચેના ભાગે તુટેલ હતો. અંદર રહેલા કબાટનો દરવાજો પણ ખુલ્લો હતો અને સામાન વેરવિખેર હાલતમાં પડયો હતો. જેથી ચોરી થયાની શંકા ગઈ હતી.

બાદમાં પરિણીતાએ તેના માતા રૂપાબેન મકવાણાને ફોન કરી બોલાવ્યા હતાં. બાદમાં ઘરમાં તપાસ કરતા તાજેતરમાં મકાનનો દસ્તાવેજ કરાવ્યો હોય જે બાદ વધેલી રોકડ રકમ રૂ.૮૦ હજાર તથા ચાંદીના સાંકળા, ચાંદીનું મંગળસૂત્ર, સહિત કુલ રૂ.૯૦ હજારની મત્તા ચોરી થયાની માલુમ પડયુ હતું.દરમિયાન પરિણીતાને જાણ થઈ હતી કે, તેમના વિસ્તારની બાજુમાં આવેલી સાંઈધામ સોસાયટીમાં પણ શાંતીલાલભાઈ કરશનભાઈ સરવૈયાના મકાનમાં ચોરી થઈ છે. પરિણીતાએ એક રાત માટે બંધ રહેલા મકાનમાંથી રૂ.૯૦ હજારની મત્તા ચોરી થયા અંગે ગોંડલ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કર ટોળકીના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

### ભાડલામાં આધેડ વેપારીના મકાનમાંથી રૂ.૭ હજારની રોકડની ચોરી

ભાડલા ગામે કમળાપુર રોડ પર રહેતા વેપારી નિલેશભાઈ છગનભાઈ ડોબરીયા(ઉ.વ ૫૦) ના મકાનનો આંકડિયો તોડી તસ્કરે અંદર પ્રવેશ કરી અહીંથી રોકડ રૂ.૭ હજારની ચોરી કરી હતી. જે અંગે વેપારી દ્વારા ભાડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

**બાજુના રહેણાંકમાં પણ તસ્કરો ત્રાટક્યાં : ગોંડલ બી ડિવિઝન પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ**


# કાંગશિયાળીના ઔદ્યોગિક ઝોનમાંથી રૂ. ૭.૭૫ લાખની નકલી જંતુનાશક દવાઓ સાથે વેપારી ઝબ્બે

## જગતના તાતને અડધા ભાવે તૈયાર થતી દવાઓ ધાબડી ત્રણેક માસથી ઠગાઈ આચરતો’તો : આસામ તરફ ભાગી ગયેલા રાવકીના શખ્સનું નામ ખુલ્યું

**અબતક, રાજકોટ**

જગતના તાતને ડુપ્લીકેટ જંતુનાશક દવા પધરાવવાના કૌભાંડનો રૂરલ એસઓજીની ટીમે પર્દાફાશ કર્યો હતો. કાંગશીયાળી ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંથી નકલી જંતુનાશક દવાના જથ્થા સાથે વેપારીને પકડી પાડી કુલ રૂ.૭.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયેલ અમરેલીના શખ્સને ત્રણ મહિનાથી માલ સપ્લાય કરનાર રાવકીના વેપારીને પણ પોલીસે સકંજામાં લઈ નકલી જંતુનાશક દવાના મૂળ સુધી પહોંચવા કવાયત આદરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા ગેરકાયદેસર પ્રવૃતિ કરતા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં લાયસન્સ ધરાવતી કંપનીના ડુપ્લીકેટ નામથી ખેત ઉત્પાદકની જતુનાશક દવાનું વેચાણ કરતા શખ્સો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની સુચનાથી એસઓજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન કંપનીના નોડલ અધિકારી પ્રેમ દયારામ શર્માને આપેલ હકિકત આધારે કાંગશીયાળી ગામની સીમમાં આવેલ ગ્લોબલ



ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારના પ્લોટ નં.૧ નં.૧૧ ના સેઈડમાંથી દર્શન જયેશ ગઢાદરા (ઉ.વ.૧૯) (રહે. મોણેકારા સોસાયટી, અમરેલી) પાસેથી કાયદેસર કંપનીમા બનતી ખેતીની જતુનાશક દવાઓની ડુપ્લીકેટ દવાઓના જથ્થો રૂ.૭,૭૫,૧૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતુ કે, પકડાયેલ આરોપી છેલ્લા ત્રણ મહિનાથી રાવકીના જંતુનાશક દવાના વેપારી પાસેથી ડુપ્લીકેટ જંતુનાશક દવા મંગાવીને ખેડૂતો સાથે છેતરપીંડી આચરતો હતો. અડધા ભાવે બનતી દવામાં બંને શખ્સો પોતાનું કમીશન રાખી વેપાર કરતાં હતાં. પોલીસે રાવકીના શખ્સને પણ સકંજામાં લઈ વધું તપાસ આદરી હતી.

જે અંગેની કાર્યવાહી એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ કે.એમ.ચાવડા, એએસઆઈ વિપુલ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ શીવરાજભાઈ ખાચર, પ્રહલાદસિંહ રાઠોડ, મયુરભાઈ વિરડા, અનિરૂધ્ધસિંહ જાડેજા, નૈમીષભાઈ મહેતા સહિતના સ્ટાફે કરેલ હતી.

ઝડપાયાયેલા શખ્સ પાસેથી યુનાઈટેડ ફોસ્ફરસની ફોસ્કીલ મોનોકોટો, સાફ કાર્બ ગમફરશળ, સીજેંટા ઈન્ડીયાની ઈસબીયોન, સ્કોર, બાયર ક્રોપસાઈસની રાઉન્ડઅપ હરબીસાઈડ, નાટિયો સાયટેમિક ફંગીસાઈડ નામની નકલી દવાઓ મળી આવી હતી.

**રૂરલ એસઓજીની ટીમે કુલ રૂ.૭.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો : નકલી જંતુનાશક દવાના મૂળ સુધી પહોંચવા કવાયત**

# પ્રાંતિજ શહેર ભાજપ પ્રમુખ યુવતીને ભગાડી ગયો

## લગ્નની લાલચે પુત્રીને લઈ ગયો હોવોના પરિવારજનોએ આક્ષેપ

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના રાજકારણમાં એક ચકચારી કિસ્સો સામે આવ્યો છે જેમાં પ્રાંતિજ શહેર ભાજપના પ્રમુખ કુશવ બ્રહ્મભટ્ટ એક યુવતીને લઈને ફરાર થઈ જતા મામલો ગરમાયો છે. એક જવાબદાર પદ પર બેઠેલા નેતા આ રીતે યુવતીને ભગાડી જતા સ્થાનિક તેમજ જિલ્લાના રાજકારણમા ખળભળાટ મચી ગયો છે. આ બનાવની જાણ થતા જ યુવતીના પરિવારજનો પોલીસ મથકે પહોંચ્યા હતા.

આ અંગે સૂત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર પ્રાંતિજ શહેર ભાજપના પ્રમુખ કુશવ બ્રહ્મભટ્ટ સામે આક્ષેપ લાગ્યા છે કે તે યુવતીને ભગાડી ગયો છે યુવતીને બ્લેકમેલ કરીને ભગાડી ગયાનો પરિવારનો આક્ષેપ છે. યુવતીના પરિવારજનો સહિતના લોકો પ્રાંતિજ પોલીસ મથકે રજૂઆત કરવા માટે પહોંચ્યા



હતા અને અમારી દીકરી પરત લાવો તેવી પોલીસ સમક્ષ આજીજી કરી હતી.જ્યારે પ્રાંતિજ ભાજપના પ્રમુખ યુવતીને ભગાડીને લઈ ગયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે ત્યારે ભોગ બનનાર પરિવારજનોએ બે દિવસથી તેમની પુત્રી મળી આવી ન હતી જેના કારણે પરિવારજનોએ પોલીસ સ્ટેશનનો ઘેરાવો પણ કર્યો હતો અને પોલીસ યુવતીને શોધી રહી નથી તેવો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે તો પોલીસે આશ્વાસન આપ્યું છે કે તમારી દીકરીને શોધી લાવીશું પણ પોલીસ ભાજપના આ પ્રમુખને શોધતી નથી તેવો આક્ષેપ યુવતીના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે ત્યારે દીકરી પરત આવી જાય તેવી માગ પોલીસ સમક્ષ પરિવારજનોએ કરી છે.

પોલીસે આ મામલે અરજી લીધી છે પણ અરજીના આધારે કામગીરી કરતી નથી તેવો આક્ષેપ પણ પરિવારજનોએ કર્યા છે પરિજનોનું કહેવું છે કે પ્રાંતિજ ભાજપના પ્રમુખનું મોબાઈલ લોકેશન કાઢવામાં આવે તો સત્યતા સામે આવશે એક દીકરી ગુમ થઈ જાય ત્યારે પરિવારજનો પર શું વિતતી હોય તે તો પરિવારના લોકો જ જાણે પરંતુ સાબરકાંઠા પોલીસ અને પ્રાંતિજ પોલીસ આ કેસનું નિરાકણ લાવે તે જરૂરી છે પરંતુ હાલતો આ મામલે સ્થાનિક કક્ષાએ પક્ષની છબી ખરડાતા નીચું જોવા જેવું થયું હોય તેવું લાગી રહ્યું છે અને આગળના સમયમાં પક્ષને નુકશાન પહોંચાડે તો નવાઈ નહીં.

# જામનગર ક્રાઈમ ડાયરી

## જે જે જશોદાનાથ સોસાયટીમાં ખાતર પાડતા તસ્કરો: લૂંટ પણ ચલાવી

### એકી સાથે ૮ જેટલા મકાનમાં ચોરી, ફળિયામાં સૂતેલા વૃદ્ધાને ડૂમો આપીને બેફામ માર મારી ચલાવી લૂંટ



**અબતક જામનગર**

જામનગરમાં બેફામ બનેલા તસ્કરો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેમ વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જે જે જશોદાનાથ સોસાયટીમાં ગત રાત્રે રાત્રે એક સાથે આઠ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. આરોપીઓ લાખોની મતા ઉસેડી ગયા હતા. આ દરમિયાન ફળિયામાં સૂતેલા વૃદ્ધાને ડૂમો આપીને બેફામ માર માર્યો હતો. લૂંટ ચલાવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

જામનગરના રણજીતસાગર રોડ પર આવેલ જે જે જશોદાનાથ સોસાયટીમાં તસ્કરોએ ખાતર પાડ્યું હતું. ગત રાત્રે એક કાર અને બાઈકમાં આવેલા બે શખ્સોએ આઠેક મકાનમાં હાથફેરો કર્યો હતો. આ વિસ્તારમાં રહેતા યાજ્ઞિક દિનેશભાઈ ભંડેરી એ જણાવ્યા પ્રમાણે ગત રાત્રે પોતાની સોસાયટીના આઠ મકાન માં ગયા હતા અને કબાટ માં થી રોકડ તથા ઘરેણા વગેરે ની ચોરી કરી લઈ ગયા હતા.આ દરમિયાન એક મકાન માં ઘર ના ફળિયા માં ઊંઘી રહેલા વૃદ્ધા ને કોઈ હથિયાર વડે ડૂમો આપવામાં આવ્યો હતો. અને બેફામ મારા મારી ને ઈજા કરી ને તેમની પાસે થી રોકડ અને ઘરેણાની લૂંટ કરી ચલાવી હતી.આ બનાવવાની જાણ થતા જ એએસપી પ્રતિભા અને પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો. અને તપાસ નો ધમધમાટ શરૂ કર્યો છે.

ઉપરાંત આ સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે. આ બનાવે શેહેરભર માં ભારે ચર્ચા જગાવી છે. તો બીજી તરફ પોલીસ સામે પણ સવાલો ઊભા થયા છે. લૂંટના આ બનાવ અંગે પ્રફુલભાઈ લખમણભાઈ ભાડજાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યા મુજબ ગત રાત્રે પોતાના માતા ઘરમાં ફળિયામાં સુતા હતા ત્યારે કોઈ દરવાજો ખખડાવતા દરવાજો ખોલ્યો. ત્યારે બે તસ્કરો લૂંટારૂઓ એ પોતાની પાસેના હથિયાર વડે અને બેફામ માર મારીને પછાડી જઈને તેમણે કાનમાં પહેરેલા રૂપિયા રૂ. ૫૦ હજાર ની કિંમતના સોનાના બુટીયાની લૂંટ ચલાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી આદરી છે.

## જામજોધપુરના વનાણાં ગામે બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર પંથકના વનાણાં ગામે રહેતા ૪૦ વર્ષીય યુવાને ગળેફાંસો ખાય જીવન લીલા સંકેલી લીધી છે. અંતિમ પગલું ભરી લેતા પરિવારજનોમાં અરેરાટી મચી ગઈ છે.

વનાણાં ગામના મહેશ કારૂભાઈ ચનુરા નામના ૪૦ વર્ષના યુવાને પોતાના ઘેર પંખાના હુકમાં દોરી બાંધી ગળાફાંસો દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. યુવાનને દારૂ પીવાની કુટેવ હોવાથી તેના કારણે તેને લીવરની બીમારી લાગુ પડી ગઈ હતી અને તેના પરિણામે દવા પણ ચાલતી હતી. જે બીમારીથી કંટાળી જઈ આ પગલું ભરી લીધાનું પોલીસ નિવેદનમાં જણાવ્યું છે.

## ટ્રકમાંથી સળિયા ઉતારતી વેળાએ વિજ આંચકો લાગતાં શ્રમિકનું મોત

**અબતક, જામનગર**

જામનગરમાં સરદાર આવાસમાં રહેતા અને ટીએમટી લોખંડના સળિયાનું ગોડાઉન ધરાવતા વિપુલભાઈ મોહનભાઈ વસોયા નામના પટેલ વેપારી દ્વારા સમર્પણ સર્કલ નજીક શિવધારા રેસિડેન્સી પાસે એક બાંધકામના સ્થળે ગઈકાલે ટ્રકમાંથી લોખંડના સળિયા ઉતારવાનું કામ ચાલી રહ્યું હતું, જ્યાં ચાર શ્રમિકો લોખંડના સળિયા ઉતારવાનું કામ કરી રહ્યા હતા.જે દરમિયાન દરેડ વિસ્તારમાં રહીને છૂટક મજૂરી કામ કરતો ૩૫ વર્ષની વયનો એક અજાણ્યો પુરુષ ત્યાં મજૂરી કામ કરવા આવ્યો હતો, અને ટ્રકમાંથી લોખંડનો સળિયા ઉતારી રહ્યો હતો. જે દરમિયાન અકસ્માતે ઉપરથી પસાર થઈ રહેલી ૬૬ કેવી ની હેવી વિજ લાઈનમાં લોખંડનો સળીયો અડી જતાં વિજ આંચકો લાગ્યો હતો, અને તેનું સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

## ભાવનગર નજીક ઈકોમાંથી રૂ.૫.૭૭ લાખના દારૂ સાથે ચાર ઝડપાયા

### વરતેજ પોલીસે દરોડો પાડી ૪૪૪ બોટલ દારૂ, વાહન અને મોબાઈલ મળી રૂ.૭.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**અબતક આનંદ રાણા, સિહોર**

ભાવનગર તાલુકાના સોડવદર ગામ નજીક ઈકો કારમાંથી રૂ.૫.૭૭ લાખની કિંમતના ૪૪૪ બોટલ વિદેશી દારૂ સાથે ચાર શખ્સોની ધરપકડ કરી રૂ.૭.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાશી છૂટેલા સુરતના શખ્સની શોધખોળ હાથધરી છે. વધુ વિગત મુજબ ગોહિલવાડમાં દારૂબંધી કડક અમલ કરવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે વરતેજ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એમ.સી.ચુડાસમા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે વરલ ગામનો અજય ગોપાલ ચૌહાણ, સોડવદર ગામનો વિક્રમ ભૂપત ચૌહાણ, ગોપાલ નટુ ચૌહાણ અને વિજય ભૂપત પરમાર નામના શખ્સો ઈકો કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યો હોવાની મળેલી બાતમીના આધારે સોડવદર ગામ પાસે વોંચ ગોઠવેલી ત્યારે શંકાસ્પદ હાલતમાં નીકળેલી ઈકો કારને અટકાવી તલાશી લેતા તેમાંથી રૂ.૫.૭૭ લાખની કિંમતના ૪૪૪ બોટલ વિદેશી દારૂ સાથે ચારેય શખ્સોની ધરપકડ કરી વાહન, મોબાઈલ અને રોકડ મળી ૭.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ દારૂનો જથ્થો સુરતના શખ્સે મોકલ્યો હોવાનું ખુલતા તેની શોધખોળ હાથધરી છે.

## વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિરમાં દાયકાઓથી સોમપુરા બ્રાહ્મણ સમાજના ભૂદેવોને પૂજા વિધિનો અધિકાર

### રાષ્ટ્રપતિના કાર્યક્રમમાં સોમપુરા ભૂદેવોની અવગણના અંગે આગેવાનોએ શાંત રજૂઆતના અવળા અર્થઘટનનો ભૂદેવોને વસવસો



**અબતક જયેશ પરમારસોમનાથ**

વિશ્વપ્રસિદ્ધ સોમનાથ પ્રભાસ પાટણ તીર્થ ના પુરોહિત સોમપુરા બ્રાહ્મણ સમાજના આગેવાનોએ તાજેતરમાં રાષ્ટ્રપતિ ની સોમનાથ મુલાકાતમાં સોમપુરા બ્રાહ્મણ સમાજ ની સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલીકથિત અવગણના નો વિરોધ કરી આગેવાનોએ ટ્રસ્ટ ને કરેલી શાંતિપૂર્વક ની રજૂઆત નું અવળું અધઘટન કરવાની ઘટનામાં સોમ પુરા બ્રાહ્મણ સમાજ ના આગેવાનોએ નારાજગી વ્યક્ત કરી છે. સોમપુરા બ્રાહ્મણ સમાજ પ્રભાસ પાટણના પ્રમુખ હેમલભાઈ ભટ્ટ ,ઉપપ્રમુખ જયવર્ધન જાની, ડો,વિક્રમ પાઠક અને રાકેશ પાઠકે નિવેદનમાં જણાવ્યું છે કે સોમનાથ પ્રભાસ પાટણ સોમનાથ મંદિરમાં દાયકાઓથી સોમપુરા બ્રાહ્મણ પૂજાનો અધિકાર ધરાવે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી સમાજની અવગણના થાય છે. રાષ્ટ્રપતિના કાર્યક્રમમાં સોમપુરા બ્રાહ્મણ સમાજને દૂર રાખવામાં આવતા સમાજના આગેવાનોએ સોમનાથના ટ્રસ્ટના મેનેજરને શાંતિથી રજૂઆત કરી હતી તેની સામે ટ્રસ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદીમાં સોમપુરા બ્રાહ્મણ સમાજ ના આગેવાનોએ ટોળાશાહી અને અસામાજિક ધોરણે રજૂઆત કરી હોવાનું જાહેર કરતા આ અંગે સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ અને ટ્રસ્ટી હેમલભાઈ ભટ્ટે નારાજગી વ્યકિત સોમનાથમાં દાયકાઓથી પૂજાનો અધિકાર ધરાવતા સોમપુરા બ્રાહ્મણ સમાજ એ રાષ્ટ્રપતિ ના કાર્યક્રમ ની અવગણના અંગે શાંતિપૂર્વક રજૂઆત કરી હોવાનું જણાવ્યું હતું.

(ત્રીજા પાનાનું ચાલું)

### આત્મનિર્ભર બનશે ભારત

ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. ઉદ્યોગ નિષ્ણાતોનું માનવું છે કે ચીનના રેર અર્થ મેગ્નેટની નિકાસ પરના પ્રતિબંધો હજુ પણ ચાલુ છે, જોકે તેમાં થોડી રાહતના સંકેતો જોવા મળ્યા છે. આ દરમિયાન, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના નવા નિકાસ નિયંત્રણોના જવાબમાં ચીનથી આયાત પર ૧૦૦% વધારાનો ટેરિફ લગાવવાની ધમકી આપી છે. નિષ્ણાતોનું કહેવું છે કે સ્ટોકપાઈલિંગ એ રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ્સ મિશનની સફળતા માટે મહત્વપૂર્ણ છે, પરંતુ ભારતની સ્થાનિક અનામતોમાંથી રેર અર્થ એલિમેન્ટ્સનું નિષ્કર્ષણ કરવાની મર્યાદિત તકનીકી ક્ષમતા એક મોટો પડકાર છે, કારણ કે હાલમાં મોટાભાગનો પુરવઠો આયાત દ્વારા જ પૂરો થાય છે. ભારત પાસે આંધ્ર પ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં દરિયાકાંઠે અને અંદરના વિસ્તારોમાં મળેલા ૧૩.૧૫ મિલિયન ટન મોનાઝાઈટમાં ૭.૨૩ મિલિયન ટન રેર અર્થ ઓક્સાઈડનો અંદાજિત અનામત છે. ખાણ મંત્રાલયે અત્યાર સુધીમાં ૫૫ ક્રિટિકલ અને સ્ટ્રેટેજિક ખનિજ બ્લોક્સની પાંચ તબક્કામાં હરાજી કરી છે, જેમાંથી ૩૪ બ્લોક્સ સફળતાપૂર્વક ફાળવવામાં આવ્યા છે. ગયા મહિને, સરકારે વધારાના બ્લોક્સ માટે છઠ્ઠા તબક્કાની હરાજી શરૂ કરી હતી.

### ભારતને રેર અર્થ દેવા ચીન તત્પર

હજુ સુધી આવી શરતોને મંજૂરી આપી નથી. ચીન રેર અર્થ મેગ્નેટ બનાવવાની ટેક્નોલોજીના નિકાસ પર પણ વધુ પ્રકારના મેગ્નેટ માટે પ્રતિબંધો લાદવાની યોજના બનાવી રહ્યું છે. આ નિયંત્રણો ચીનના યુએસ સાથેની વેપાર વાટાઘાટોમાં મહત્વનું હથિયાર બની રહ્યા છે. આ નિર્ણય યુએસના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દક્ષિણ કોરિયામાં થનારી મુલાકાત પહેલાં આવ્યો છે.

ભારતીય કંપનીઓએ એન્ડ-યુઝર સર્ટિફિકેટ્સ જમા કર્યા છે, જેમાં જણાવાયું છે કે રેર અર્થ મેગ્નેટનો ઉપયોગ સામૂહિક વિનાશના હથિયારો બનાવવા માટે નહીં થાય. ચીનએ વાસેનાર એરેન્જમેન્ટની લાઈન પર નિકાસ નિયંત્રણની ગેરંટી પણ માંગી છે. આ એરેન્જમેન્ટ, જેમાં ૪૨ સભ્ય દેશો આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ડ્યુઅલ-યુઝ ટેક્નોલોજી અને સામગ્રીના ટ્રાન્સફરમાં પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપે છે, તેનો ભારત સભ્ય છે, પરંતુ ચીન આ એરેન્જમેન્ટનું સભ્ય નથી.

### સોનું...

૧,૬૮,૦૦૦થી વધુ ડિપોઝિટર્સ હતા. સેન્કો ગોલ્ડનો લગભગ ૪૦% વ્યવસાય આવી યોજનાઓમાંથી આવે છે. કલ્યાણ જ્વેલર્સે સપ્ટેમ્બરમાં આવી જ યોજના માટે શેરહોલ્ડર્સની મંજૂરી માંગી હતી. આ યોજનાઓ કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને કંપનીઝ (એક્સેપ્ટન્સ ઓફ ડિપોઝિટ્સ) રૂલ્સ, ૨૦૧૪ હેઠળ સંચાલિત થાય છે. મુંબઈના ગોલ્ડ ટ્રેડ વિશ્લેષક ભાર્ગવ વૈદ્યના જણાવ્યા મુજબ, સોનાના ભાવમાં અસ્થિરતાને કારણે માસિક હપ્તા યોજનાઓનું આકર્ષણ ઘટી રહ્યું છે. ગ્રાહકોને નિયત તારીખે નિશ્ચિત રકમ જમા કરાવવી પડે છે, અને ભાવમાં સતત વધારો થતો હોય ત્યારે આ રકમ જમા કરાવવી મુશ્કેલ બની જાય છે. આના બદલે, ઘણા ગ્રાહકો હવે ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ડિજિટલ ગોલ્ડ ખરીદી રહ્યા છે, જેમાં સમય અને રકમની લવચીકતા મળે છે. ડિજિટલ ગોલ્ડ વેચીને નફો પણ મેળવી શકાય છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ ૪,૦૦૦ ડોલર પ્રતિ ઔંસને પાર કરી ગયો છે. આર્થિક અને ભૌગોલિક અનિશ્ચિતતા, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપની અપેક્ષા, સેન્ટ્રલ બેંકોની મજબૂત ખરીદી, ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સમાં રોકાણ અને નબળા ડોલરે સોનાના ભાવને વેગ આપ્યો છે. ફ્રાન્સ અને જાપાનમાં રાજકીય અસ્થિરતાએ પણ સોનાની માંગને વધારી છે.

ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે કે શુક્રવારે સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂ.૧.૨૨ લાખે પહોંચ્યો હતો, અને આ વર્ષે ભાવમાં વધુ વધારો થવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬માં પણ આવી યોજનાઓમાં નાણાંનો પ્રવાહ ઘટવાની શક્યતા છે. સેન્કો ગોલ્ડના મેનેજિંગ ડિરેક્ટર સુવંકર સેનના જણાવ્યા મુજબ, સોનાના ભાવમાં નોંધપાત્ર વધારાને કારણે આ વર્ષે ખરીદીનું પ્રમાણ ઘટ્યું છે. જોકે, ભાવ વધવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ભાગમાં મૂલ્યની દૃષ્ટિએ વધારો જોવા મળશે. ટાઈટનના નાણાકીય વર્ષ ૨૦૨૫ના વાર્ષિક અહેવાલ મુજબ, તનિષ્ક દ્વારા સોનાની જ્વેલરી ખરીદી માટે જમા થયેલા નાણાંમાં ૧૯% ઘટાડો થયો છે, જે ગત વર્ષની સરખામણીએ ₹૩,૪૫૮ કરોડ રહ્યો. રિલાયન્સ રિટેલના અહેવાલમાં જણાવાયું છે કે રિલાયન્સ જ્વેલ્સ સ્ટોર્સમાં આવી યોજનાઓમાં જમા થયેલા નાણાંમાં ૫% ઘટાડો થયો, જે રૂ.૩૩૩ કરોડ રહ્યો.

### ગોલ્ડ બોન્ડની ડિમાન્ડ

પ્રીમિયમ દર્શાવે છે. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન અનુસાર, તે દિવસે સોનાનો સ્પોટ ભાવ રૂ.૧૨,૦૮૫ પ્રતિ ગ્રામ હતો.

બ્રોકર્સનું કહેવું છે કે કેટલાક રિટેલ રોકાણકારો આ પ્રીમિયમ ચૂકવવા તૈયાર છે કારણ કે સોવરીન ગોલ્ડ બોન્ડ્સ ૨.૫% વાર્ષિક વ્યાજ આપે છે, મ્યુચ્યુઅલ ફંડની સરખામણીએ શૂન્ય એક્સપેન્સ રેશિયો ધરાવે છે, અને મેચ્યુરિટી પર કેપિટલ ગેઈન્સ ટેક્સ-ફ્રી છે, જે તેઓ માને છે કે ઊંચા ભાવની ભરપાઈ કરશે. વધુમાં, સરકારે નવા બોન્ડ જારી કરવાનું બંધ કર્યું છે. મર્યાદિત પુરવઠાને કારણે, મોટી ખરીદી હોય તો ઈમ્પેક્ટ કોસ્ટ વધે છે, જે ભાવને ઉંચકે છે, એમ પીએલ કેપિટલના સીઈઓ - રિટેલ બ્રોકિંગ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન, સંદીપ રાયચુરાએ જણાવ્યું. તેમણે ચેતવણી આપી કે જો સોના માટેનો હાલનો ઉન્માદ ઠંડો પડે, તો સેકન્ડરી માર્કેટમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે, અને પ્રીમિયમ ગાયબ થઈ શકે છે, જેનાથી નુકસાન થઈ શકે છે. બોન્ડની મુદત આઠ વર્ષની હોય છે, તે ૨.૫% વાર્ષિક વ્યાજ આપે છે, મેચ્યુરિટી પર ટેક્સ-ફ્રી છે, અને તેમાં કોઈ સ્ટોરેજ ખર્ચ કે એક્સપેન્સ રેશિયો નથી. એક યુનિટ એક ગ્રામ સોનાનું પ્રતિનિધિત્વ કરે છે. વેલ્થ મેનેજર્સનું કહેવું છે કે રોકાણકારોએ સેકન્ડરી માર્કેટમાં આ બોન્ડ્સ ખરીદતા પહેલા ગણતરી કાળજીપૂર્વક કરવી જોઈએ. તેમણે બાકી રહેલી મુદત, વ્યાજની ઉપજ, અને પ્રીમિયમને ધ્યાનમાં લેવું જોઈએ. રામાસ્વામીએ જણાવ્યું કે નિશ્ચિત મુદત અને આ ઈન્સ્ટ્રુમેન્ટ્સની ઓછી લિક્વિડિટીને ધ્યાનમાં લેતા હાલનું ઊંચું પ્રીમિયમ યોગ્ય નથી, અને ઊંચા પ્રીમિયમથી રિટર્ન ઘટી શકે છે.ગયા એક વર્ષમાં સોનાના ભાવમાં રૂપિયાની દૃષ્ટિએ ૬૦%નો ઉછાળો આવ્યો છે, જેના કારણે માંગમાં વધારો થયો છે. ખાસ કરીને ઉભરતા બજારોની સેન્ટ્રલ બેન્કોએ યુએસ ડોલરથી વિદેશી અનામતનું વૈવિધ્યકરણ કરવા માટે સોનાની ખરીદી કરી છે. રિટેલ રોકાણકારો પણ ભૌગોલિક રાજકીય જોખમો અને ટેરિફ-સંબંધિત અનિશ્ચિતતાને કારણે સોનાને હેજ તરીકે જોવે છે.

### તાલિબાન

અફઘાનિસ્તાનની તમામ સત્તાવાર અને વાસ્તવિક સરહદો પર પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. આ સરહદી તણાવ અગાઉ, અફઘાન અધિકારીઓએ પાકિસ્તાન પર રાજધાની કાબુલ અને દેશના પૂર્વ ભાગમાં આવેલા એક બજારમાં બોમ્બ વિસ્ફોટ કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, પાકિસ્તાને આ હુમલાઓની જવાબદારી સ્વીકારી નહોતી. ઈસ્લામાબાદ લાંબા સમયથી તાલિબાન વહીવટીતંત્ર પર પાકિસ્તાન પર હુમલો કરનારા આતંકવાદીઓને આશ્રય આપવાનો આરોપ લગાવતું આવ્યું છે, જે આરોપ કાબુલે સતત નકાર્યો છે, જેનાથી બંને દેશો વચ્ચે સરહદી તણાવ વધી રહ્યો છે.

ત્યારે સમગ્ર મામલે પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવીએ શનિવારે રાત્રે થયેલા ગોળીબાર બદલ અફઘાનિસ્તાનની નિંદા કરી હતી અને ભારતની જેમ જ ''યોગ્ય જવાબ'' આપવાની ચેતવણી આપી હતી. તેમના નિવેદનમાં ''ઓપરેશન સિંદૂર સંઘર્ષ'' નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે દરમિયાન પાકિસ્તાને ભારતીય સંરક્ષણ દળોને જાનહાનિ પહોંચાડવાના ખોટા દાવા કર્યા હતા. આ નિવેદન બંને દેશો વચ્ચેના વધતા તણાવ અને બદલાની કાર્યવાહીની ધમકીઓને રેખાંકિત કરે છે, જે ક્ષેત્રીય અસ્થિરતામાં વધુ વધારો કરી શકે છે.

### ભારત ફૂડ

નિરાકરણ જરૂરી છે. અધિકારીએ જણાવ્યું, ''ફક્ત નોંધાયેલ એકમો જ રશિયામાં ઝીંગા સપ્લાય કરી શકે છે, અને અમે આ મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. યુરોપિયન યુનિયને પણ અમારા ઘણા એકમોને નોંધણી આપી છે.''

આ ઉપરાંત, રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયનના ભાગરૂપે ભારત સાથે વેપાર કરારનું માળખું તૈયાર કરી રહ્યું છે. રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયનમાં રશિયા, બેલારૂસ, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન અને આર્મેનિયાનો સમાવેશ થાય છે. ભારત અને રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયને મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો શરૂ કરવાના નિયમો અને પ્રાથમિકતાઓ નક્કી કરી છે, જેનો હેતુ વેપાર અને રોકાણને વધારવાનો છે. અધિકારીએ જણાવ્યું, ''બિન-શુલ્ક અવરોધોનું વહેલું નિરાકરણ મહત્વપૂર્ણ છે, કારણ કે તે વેપાર કરારની વાટાઘાટો માટે પણ સારો આધાર પૂરો પાડશે, અને રશિયા રશિયા યુરેશિયન ઈકોનોમિક યુનિયનનું સૌથી મોટું સભ્ય છે.'' આ મુદ્દાનું નિરાકરણ ભારતની ઝીંગા નિકાસને વૈવિધ્યસભર બનાવવા માટે મહત્વનું છે, જેને અમેરિકાએ લાદેલા ૫૦%ના ઊંચા શુલ્કથી મોટો આંચકો લાગ્યો છે. ભારત રશિયામાં ફ્રોઝન માછલીનો માંસ, ફ્રોઝન રોક લોબસ્ટર, સી ક્રોફિશ, કટલફિશ અને સ્ક્વિડની નિકાસ વધારવાની તક જુએ છે, જ્યાં વિયેતનામ, ઈક્વાડોર અને ઈન્ડોનેશિયા મુખ્ય સપ્લાયર્સ છે. વેપાર ખાધ ઘટાડવા માટે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે ઉદ્યોગો સાથે કસ્ટમ્સ ક્લિયરન્સ, દસ્તાવેજીકરણ, રશિયા સુધી માલ પહોંચાડવામાં આવતી ફ્રેટ સમસ્યાઓ, બેન્કિંગ સંબંધિત મુશ્કેલીઓ, ખાસ કરીને ચુકવણી પદ્ધતિઓ, નિકાસ વિસ્તરણ માટેના મુખ્ય ઉત્પાદનો અને સંયુક્ત સાહસોની શક્યતાઓ અંગે ચર્ચા શરૂ કરી છે.

(૧૨માં પાનાનું ચાલુ)


### નમ્રમૂનિ

મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. એ સાથે જ, બરોડા પાવનધામના આંગણે ધર્મવત્સલા માતુશ્રી સંધ્યાબેન વિનોદભાઈ સંઘાણી પરિવારના સહયોગે અર્પણ કરવામાં આવેલી અર્હમ એનિમલ એમ્બ્યુલન્સ અર્પણતાના અવસરે કોર્પોરેટર નીતિનભાઈ ડોંગા તેમજ કોર્પોરેટર નરવીરસિંહ ચુડાસમા આદિ અનેક મહાનુભાવો અને ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપરાંતમાં આજના દિવસે સૌરાષ્ટ્ર અને કોલકાત્તાના અનેક જરૂરિયાતમંદ પરિવારોને જીવન જરૂરી વસ્તુઓની મોલમાંથી ખરીદી કરવા માટે રૂપિયા ૫,૦૦૦ના વાઉચર્સ, ભોજનની અર્પણતા અને મીઠાઈના બોક્સની અર્પણતા કરવામાં આવી હતી. વિશેષમાં, ૪૧૦૦થી વધુ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને પણ ઘાટકોપરના આંગણે ગ્રોસરી કીટ, ભોજન અને મીઠાઈની અર્પણતા કરીને એમની દીપાવલીમાં આનંદનો પ્રકાશ પ્રસરાવવાનો પારમાર્થિક પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### મંત્રી ભાનુબેન

## પડધરી: પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયાનું અવસાન, મુખ્યમંત્રીએ આપી શ્રદ્ધાંજલી

### સ્વ. બાવનજીભાઈની અંતિમ યાત્રામાં પૂર્વ મંત્રી મોહનભાઈ કુંડારીયા ધારાસભ્ય દુલભજીભાઈ દેથરીયા સહીત આગેવાનો રહ્યા ઉપસ્થિત



**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

સૌરાષ્ટ્રના જાહેર જીવનમાં જાણીતા પડધરી ટંકારાના પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ મેતલીયાના અવસાનના પગલે ભારે શોકની લાગણી છવાય હતી.

પડધરી ટંકારા પૂર્વ ધારાસભ્ય સ્વ. બાવનજીભાઈ મેતલીયા અંતિમ યાત્રામાં ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી મોહનભાઈ કુંડારીયા, પડધરી ટંકારા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, ઉમિયા ધામ સીદસરના પ્રમુખ જેરામભાઈ વાસજાળીયા, પડધરી તાલુકા પંચાયત પ્રમુખ રોહિતભાઈ ચાવડા તથા સદસ્યઓ, રાજકોટ જિલ્લા ભાજપ | બક્ષીપંચ મોરચાના પ્રમુખ નવીનપરી ગૌસ્વામી, પડધરી તાલુકા ભાજપ પ્રમુખ નિલેશભાઈ ડોડીયા મહામંત્રી છગનભાઈ વાસજાળીયા તથા સંગઠનના હોદ્દેદારો, રાજકોટ માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર હઠીસિંહ જાડેજા, રાજકોટ જિલ્લા પંચાયત પૂર્વ કારોબારી અધ્યક્ષ ધીરુભાઈ તળપદા તેમજ સામાજિક રાજકીય અને ઉદ્યોગપતિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્રીય મંત્રી ભારત સરકાર મનસુખભાઈ માંડવીયા દ્વારા ટેલીફોનિક શ્રદ્ધાંજલિ પાઠવી સંદેશા દ્વારા શોક વ્યક્ત કર્યો.

### બાબરીયા

સંકલ્પની નવી દિશા તરફ આગળ વધવા માટેનો અવસર છે.

આ અવસરે મંત્રી સહિત અન્ય મહાનુભાવોના હસ્તે ગામના ૧૫ જેટલાં લાભાર્થીઓને ફાળવાયેલા પ્લોટની સનદનું વિતરણ કરાયું હતુ. કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓએ સરકારની યોજનાથી મેળવેલ લાભોની પોતાની સાફલ્ય ગાથા રજૂ કરી હતી. આ તકે ગ્રામજનોએ વિકાસ રથના માધ્યમથી વિવિધ સરકારી યોજનાઓ વિષયક માહિતી મેળવી હતી. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત સૌએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે સમર્પિત ભાવ સાથે સંપૂર્ણ યોગદાન આપવા 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' લીધી હતી. તેમજ શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. સોનગઢની ગુરૂકુળ હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ રૈયાબેન મીયાણી, તાલુકા પંચાયત પ્રમુખ લીલાબેન મકવાણા, જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ રાઠોડ, સરપંચ અરવિંદભાઈ, ઉપ સરપંચ વિરેન્દ્રસિંહ ગોહિલ, જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત મેટ્રો રેલ

બેઝ્ડ ટ્રેન કન્ટ્રોલસિસ્ટમ, ફાયર અલાર્મ, સર્વેલન્સ કેમેરા અને ટનલ વેન્ટિલેશન જેવી અદ્યતન તકનીકો તૈયાર કરાઈ છે. ગુજરાતની આ ગતિ અહીં અટકતી નથી. ડાયમંડ સિટી સુરતના ભવિષ્યને નવી દિશા આપવા માટે ૪૦.૩૫ કિમી લાંબી મેટ્રો લાઈનનું નિર્માણ થઈ રહ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### એમબીએ...

ગણતરીની અને નામાંકિત ગણાતી કોલેજોમાં મેરિટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવ્યા બાદ ખાલી પડતી બેઠકો નોન સીમેટ વિદ્યાર્થીઓ માટે આપવામાં આવતી હોય છે. આશ્ચર્યની વાત એ કે, સીમેટ ન આપનારા તમામ વિદ્યાર્થીઓને પણ એમબીએ-એમસીએમાં પ્રવેશ મળતો હોવાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સીમેટ સાથે પ્રવેશના બે રાઉન્ડ પુરા થાય તેની રાહ જોઈને નોન સીમેટની પ્રક્રિયા શરૂ થાય ત્યારે પ્રવેશ મેળવી લેતાં હોય છે. આમ, એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે સીમેટ આપનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો હોવાનું બહાર આવ્યું છે.

### બોટાદ...

કપાસ ખેતીપ્રધાન વિસ્તારમાં આવે છે, અહીં આપ સમર્થિત ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પંચાયતમાં એપીએમસીમાં કપાસના ભાવમાં પાછળથી કરવામાં આવતી કટોતરી (કડદા) નો વિરોધ નોંધાવવાનો હતો. ખેડૂતોનું કહેવું છે કે, આ કડદાથી તેમની આવકમાં ૧૦-૧૫%નું નુકસાન થાય છે, જે તેમની આર્થિક સ્થિતિને બગાડે છે. પરંતુ, મહાપંચાયતને વહીવટી મંજૂરી ન મળતાં ગ્રામજનો ભડકી ઉઠ્યા અને પંચાયત પૂર્વે જ બબાલ શરૂ થઈ ગઈ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. સ્થાનિક આપ નેતા રાજુ કરપડાએ કહ્યું, ''આપણો વિરોધ શાંતિપૂર્વક હતો, પણ વહીવટે મંજૂરી ન આપી અને પોલીસ તૈનાત કરી હતી. કેટલાક અસામાજિક તત્વોએ આને તક બનાવીને અશાંતિ ભડકાવી હતી.'' પરંતુ, પોલીસ અનુસાર, કેટલાક લોકોએ પથ્થરમારો કર્યો, જેનાથી ઘર્ષણ વધ્યું હતું. ઘર્ષણ દરમિયાન કેટલાક લોકોએ પોલીસ પર મોટીમાત્રામાં પથ્થરમારો કર્યો હતો. જેમાં ડીવાયએસપી મહર્ષિ રાવલને પગમાં ફ્રેક્ચર થયું અને તેમને તરત જ સારવાર માટે ખસેડવામાં આવ્યા. તે જ રીતે એલસીબી પીઆઈ એ. જી. સોલંકીને માથાના ભાગે ગંભીર ઈજા થઈ જેમાં ૭ ટાંકા લેવા પડ્યા હતા. બંને અધિકારીઓને સોનાવાલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, અને તેમની સ્થિતિ સ્થિર છે. પરિસ્થિતિ વણસતા પોલીસે ટીયરગેસના સેલ છોડવા પડ્યા જેનાથી વિસ્તારમાં ધુમ્મસ ફેલાયો હતો. આ ઉપરાંત, કેટલાક લોકોએ પોલીસની બે-ત્રણ વાહનોના કાચ તોડી નાખ્યા, જેનાથી પોલીસને વધુ ફોર્સ તૈનાત કરવી પડી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, ''શાંતિપૂર્વક વિરોધમાં કોના ઈશારે પથ્થરમારો થયો તેની તપાસ ચાલુ છે. શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા તત્વોને ઓળખીને કડક કાર્યવાહી કરવામાં આવશે. અમે ખેડૂતોના મુદ્દાઓ સાંભળીશું, પણ હિંસાને કોઈ સ્થાન નથી.'' આ ઘટનામાં કોઈ ગ્રામજનને ગંભીર ઈજા નથી થઈ, પણ ૪-૫ લોકોને સામાન્ય ઈજાઓ થઈ છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** ગં.સ્વ. શુશીલાબેન તે સ્વ. કૃષ્ણકુમાર જમનાદાસ રાયચુરા (કુમારભાઈ)ના પત્ની જીજ્ઞાબેન ભૂષણકુમાર કોટક, જલ્પાબેન પાર્થકુમાર જોષીના માતા, અમૃતલાલ કરસનજી પાવાગઢીના દીકરી, નવીનભાઈ, દિલીપભાઈ, પ્રવીણભાઈના ભાભીનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩ ને સોમવારે સાંજે ૪ થી ૫ પિયર પક્ષની સાદડી સાથે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર કાલાવડ રોડ, નિલકંઠ હોલ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સોની જશવંતીબેન હસમુખરાય પારેખ (રીબડા વાળા) (ઉ.વ.૭૯) તે ગો.વા. હસમુખરાય દુર્લભજીભાઈ પારેખના પત્ની પ્રતિભાબેન દિપકકુમાર સ્વદાસ, રશ્મીબેન ધીરેનકુમાર આડેસરા, હીનાબેન સંજયકુમાર આડેસરા, ઉર્વીબેન પ્રતિકકુમાર કોંઢીયાના માતા, સ્વ. લીલાધરભાઈ લવજીભાઈ કાત્રોડીયા (વાંકાનેર વાળા)ના દીકરીનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ધ્રાંગધ્રાઃ ગેરકાયદે બેલા ભરેલા બે ટ્રેક્ટર સહીત ૨૦ લાખનો મુદ્દામાલ સીઝ

## મામલતદારની ટીમ દ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી અંગે ચેકિંગ હાથ ધરતા ફફડાટ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

સુરેન્દ્રનગર જિલ્લામાં ભૂમાફિયાઓ દ્વારા મોટાપાયે ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું ખનન અને વહન થતું હોવાની ફરિયાદોને ધ્યાને લઈને ધ્રાંગધ્રા મામલતદાર ટીમ દ્વારા રેઈડ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર કલ્પના ચોકડી પાસે ટીમ દ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી અંગે ચેકિંગ હાથ ધરતા બેલા ભરેલા બે ટ્રેક્ટરને ગેરકાયદેસર રીતે પાસ પરમિટ વગર વહન કરતા હોવાનું જણાઈ આવ્યું હતું આથી બંને ટ્રેક્ટર સહિત અંદાજે રૂપિયા ૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### સહકારી અને બેકીંગ ક્ષેત્રમાં ભારે ઉંચી શાખ ધરાવતી

# જૂનાગઢ કો. કો. બેંકનું આઝાદ ચોકમાં અદ્યતન ભવનમાં પ્રસ્થાન

## સહકારી આગેવાન ડોલરભાઈ કોટેચાના માર્ગદર્શનથી કો.કો. બેંક બની વટવૃક્ષ મહાનુભાવોએ આપ્યા અભિનંદન

**અબતક, રાજકોટ**

ગુજરાતની સહકારી અને બેકીંગ ક્ષેત્રમાં એક આગવી ઓળખ બનેલ જુનાગઢની કો.કો. બેંક વર્ષોથી ૦ એનપીએ ગૌરવ વિશ્વસનીયતા અને નિરંતર વધતી બેંકની શાખાની સાથે સાથે રાષ્ટ્રીય કૃત બેંકો જેવી તમામ સુવિધાથી કો.કો. બેંક જાણીતી બની છે.

સહકારી ક્ષેત્રના માધાતા પીઢ આગેવન ડોલરભાઈ કોટેચાની રાહદારી હેઠળ વટવૃક્ષ બનેલી કો.કો. બેંકનું નવી બીલ્ડીંગમાં પ્રસ્થાન સમયે સામાજીક રાજકીય આગેવાનો એ હાજર રહી ડોલરભાઈ કોટેચાને શુભ કામના પાઠવી છે.





તારીખ ૧૧-૧૦-૨૫ અને શનિવારના પાવન દિવસે ધી જૂનાગઢ કોમર્શિયલ કો ઓપરેટિવ બેન્કની ચોકસી બજાર શાખાનું આઝાદ ચોક ખાતે નવ પ્રસ્થાન કરવામાં આવેલ, જૂનાગઢના હાર્દ સમા વિસ્તાર એવા આઝાદ ચોકની આ શાખા ઈ ગેલેરીના માધ્યમથી ૨૪ કલાક અવિરત બેન્કિંગ સેવાઓ પૂરી પાડશે સાથોસાથ આ આઝાદ ચોક શાખાનું ફૂલી કોમ્પ્યુટરાઈઝ, સેન્ટ્રલી એસી અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ એવા બિલ્ડિંગમાં નવ પ્રસ્થાન કરવામાં આવેલ, આ પ્રસંગે જૂનાગઢ ના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મેયર ધર્મેશભાઈ પોશીયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ, ગુજરાત હાઉસિંગ બોર્ડ ના ચેરમેન ડો. ડી. પી. ચીખલિયા, પૂર્વ મંત્રી અને ખેતીબેંક ના ડિરેક્ટર જશાભાઈ બારડ, ખેતી બેંકના વાઈસ ચેરમેન જીવણભાઈ આહીર, ખેતી બેંકના ડિરેક્ટર ગણ, કો. કો. બેન્ક ના પૂર્વ જનરલ મેનેજર તેમજ પૂર્વ ડિરેક્ટર જે. એમ. ભટ્ટ , સહકારી અગ્રણી જેઠાભાઈ પાનેરા, પૂર્વ ડેપ્યુટી મેયર ગિરીશભાઈ કોટેચા, બીજેપી અગ્રણી યોગીભાઈ પઢિયાર, પ્રદેશ બક્ષીપંચ મોરચાના અગ્રણી જે. કે. ચાવડા, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન હરેશભાઈ પરસાના, પૂર્વ મેયર ગીતાબેન પરમાર ઉપરાંત જૂનાગઢ શહેરના અનેક આગેવાનો, બેન્ક ના સભાસદો અને ગ્રાહકોએ બહોળી સંખ્યામાં

ઉપસ્થિત રહી બેન્ક ના પથ દર્શક ડોલરભાઈ કોટેચા તેમજ બેન્ક ના ચેરમેન સાગર કોટેચા, બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સી. ઈ. ઓ. રાજેશ મારડિયા અને સર્વે કર્મચારીગણ ને શુભેચ્છાઓ પાઠવેલ આ તકે ન્યૂ ગ્રેઈન માર્કેટ અને સી.એન. કંપની વતી મનીષભાઈ સાગલાણી તરફથી બેન્ક ને શુભેચ્છા પત્ર અર્પણ કરેલ તેમજ જૂનાગઢ ગ્રેઈન સીડસ એન્ડ સુગર મર્ચન્ટ એસોસિયેશન ના પ્રમુખ રાજુભાઈ જોબનપુત્રા તેમજ અન્ય હોદેદારો તરફથી બેન્ક ના પથદર્શક ડોલરભાઈ કોટેચા ને પ્રશસ્તિ પત્ર અર્પણ કરેલ.

# ગાંધીધામઃ દીનદયાળ પોર્ટ ઓથોરીટી દ્વારા જર્ની વિથ હાર્મની સેમીનાર યોજાયો

## બ્રહ્માકુમારીઝ દ્વારા કંડલા પોર્ટના અધિકારીઓને સકારાત્મ વિચારસરણી અંગે અપાયું માર્ગદર્શન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) , કંડલાએ બ્રહ્માકુમારીઓની શિપિંગ, એવિએશન અને ટુરિઝમ (એસએટી) વિંગના સહયોગથી, ગાંધીધામ સ્થિત વહીવટી કાર્યાલય ભવન સ્થિત દીક્ષા તાલીમ હોલ ખાતે ‘‘જર્ની વિથ હાર્મની‘‘ વિષય પર એક પ્રેરક સત્રનું આયોજન કર્યું હતું.

આ સત્રમાં મુંબઈના બી.કે. ઉજ્જવલા દીદી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્માકુમારી સંસ્થાના વરિષ્ઠ રાજયોગ શિક્ષિકા બી.કે. ઉજ્જવલા દીદીએ ઝડપી ગતિશીલ વિશ્વમાં આંતરિક શાંતિ, કાર્ય-જીવન સંતુલન અને સુમેળ પ્રાપ્ત કરવા અંગેના પોતાના સમજદાર વિચારો શેર કર્યા.

આ કાર્યક્રમની અધ્યક્ષતા દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ડેપ્યુટી ચેરમેન નીલાભ્ર દાસ ગુપ્તાએ કરી હતી અને તેમાં વિભાગોના વડાઓ અને ડીપીએના અધિકારીઓએ હાજરી આપી હતી.

સત્રમાં બધા સહભાગીઓને તેમના રોજિંદા જીવનમાં સકારાત્મક વિચારસરણી, માઈન્ડફુલનેસ અને ભાવનાત્મક સંતુલન અપનાવવા પ્રોત્સાહિત કરવામાં.

# ઉપલેટાઃ કોંગ્રેસ દ્વારા કરાયેલ સ્ટ્રીટલાઈટ ખરીદીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ પાયા વિહોણાઃ ચેરમેન જગદીશ વિરમગામા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષ દ્વારા સ્ટ્રીટ લાઈટ ખરીદીમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયેલ છે તેવા પાયા વિહોણા આક્ષેપોનુ ખંડન કરતાં સ્ટ્રીટ લાઈટ સમિતિના ચેરમેન જગદીશ વિરમગામા એ જણાવેલ કે કોંગ્રેસને દુખે છે પેટમાં અને કુટે છે માથું શહેરમાં દોઢ વર્ષ થયા નગરપાલિકામાં વહીવટદાર શાસન હોવાથી લોકોને સ્પર્શતા સામાન્ય પ્રશ્નો કોઈ ઉકેલ આવેલો નહતો જેમાં સૌથી જટિલ પ્રશ્ન શહેરના છેવાડાના વિસ્તારો તેમજ અન્ય વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ ન



હોવાને કારણે લોકો અંધારામાં રહેતા હતા આવી ફરિયાદો શહેરના મોટાભાગના વિસ્તારોમાંથી મળી હતી આથી નગરપાલિકાના સત્તાધીશો તેમજ તમામ સુધરાઈ સભ્યોએ સાથે મળી આગામી દિવાળી નો તહેવાર રોશની નો પર્વ ગણાય છે તેને ધ્યાનમાં રાખી શહેરના તમામ જગ્યાએથી અંધારાને દૂર કરી રોશની પ્રગટાવવા માટે સ્ટ્રીટ લાઈટની ખરીદી કરવામાં આવેલ છે જે કોંગ્રેસના લોકોને ન ગમતા ખરીદીમાં ભ્રષ્ટાચાર થયેલો છે તેવા પાયા વિહોણા આક્ષેપ કરી જનતાને ગુમરા કરી રહી છે કોંગ્રેસ હવે મૃત પાયે છે કોંગ્રેસ શહેરની જનતા દિવાળીના તહેવાર રોશની સાથે ઉજવે તે જોઈ શકતી નથી તેથી આવા પાયા વિહોણા અક્ષેપો કરી રહી છે વધુમાં સ્ટ્રીટ લાઈટ શાખાના ચેરમેન જગદીશ વિરમગામા એ જણાવેલ કે નગરપાલિકામાં સત્તાધીશો તેમજ તમામ નગર સેવકો સાથે ચર્ચા વિચારણા કરી આ ટ્રીટ લાઈટ ની નિયમ મુજબ ખરીદી કરવામાં આવેલ છે જે ટ્રીટ લાઈટ ખરીદી કરેલ છે તે તારી ગુણવત્તા અને ગેરેન્ટી યુક્ત છે અને જો કોંગ્રેસના મિત્રોને ભ્રષ્ટાચાર સાબિત કરી બતાવે તો હું જાહેર જીવન છોડી દેવા મારી તૈયારી છે નહિતર કોંગ્રેસના મિત્રોએ શહેરની જનતાની જાહેરમાં માફી માગવી જોઈએ કોંગ્રેસે પોતાના ૬૦ વર્ષમાં શાસનમાં શું કર્યું છે તે દેશ અને રાજ્યની જનતા સારી રીતે જાણે છે ખરીદીમાં ભ્રષ્ટાચાર ના પુરાવા કોંગ્રેસ પાસે પુરાવા હોય તો કેમ જાહેર કરતી નથી કોંગ્રેસ ભ્રષ્ટાચાર થયેલ હોય તો સાબિત કરી બતાવે તો હું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું.

# ઉપલેટાઃ પાનેલી ગામે જનકલ્યાણકારી યોજનાઓનાં લાભાર્થીઓને ધારાસભ્ય પાડલીયાના હસ્તે લાભોનું વિતરણ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૌપ્રથમ તારીખ ૭ ઓકટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળવામાં આવેલ, ત્યારથી ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી 'નાગરિક પ્રથમ અભિગમ સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલા લેવામાં આવી રહેલ છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૫ ઓકટોબર દરમિયાન



તસવીરઃ શહેઝાદ બાદશાહ

જનભાગીદારી સાથે વિકાસનો મહોત્સવ ‘‘વિકાસ સપ્તાહ - ૨૦૨૫‘‘ આયોજન કરેલ હોય જેમાં ઉપલેટા તાલુકાનાં પાનેલી મોટી ગામે વિકાસરથનાં આગમન ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાના અધ્યક્ષ સ્થાને વિકાસના ૮૯ કામો કે જેની રકમ રૂા. ૨,૩૬,૦૦,૦૦૦ કામોનું લોકાપર્ણ તથા રૂા. ૨,૩૬,૦૦,૦૦૦/-નાં કામોનું ખાતમુર્હત કરવામાં આવેલ. તથા સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનાં લાભાર્થીઓને સ્ટેજ પરથી પદાધિકારી તથા અધિકારીઓનાં હસ્તે લાભોનું વિતરણ કરવામાં આવેલ હતુ. જેમાં તાલુકા પંચાયતનાં પ્રમુખ પ્રવીણાબેન પી. હુંબલ, તાલુકા પંચાયતનો ઉપપ્રમુખ જયશ્રીબેન પ્રકાશભાઈ ભાલોડીયા તથા મીરાબેન જતીનભાઈ ભાલોડીયા, સદસ્ય જીલ્લા પંચાયત/ શારદાબેન ચંદુભાઈ જાદવ, સરપંચએ તથા અન્ય મહાનુભાવોએ હાજરી આપેલ હતી. તથા ઉત કાર્યક્રમમાં એન. એમ. તરખાલા, પ્રાંત અધિકારી, એન. એચ. મહેતા, મામલતદાર, આર. એમ. ત્રિવેદી, તાલુકા વિકાસ અધિકારી, ઉર્વશીબા જાડેજા, બાળ વિકાસ યોજના અધિકારી વિગેરે ઉપસ્થીત રહેલ હતા. જેમાં બહોળી સંખ્યામાં નાગરીકો ઉપસ્થીત રહેલ. તથા અધિકારીઓ તથા અધિકારીઓ તથા પદાધિકારીઓ અને નાગરીકોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધેલ હતી.

# ધાંગધ્રાઃ નગરપાલિકા આયોજિત કેમ્પમાં સફાઈ કર્મચારીઓના આરોગ્યની કરાઈ તપાસ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા શહેરની સ્વચ્છતા માટે દિવસ-રાત મહેનત કરનાર સફાઈ કર્મચારીઓના આરોગ્ય પ્રત્યે ચિંતા વ્યક્ત કરતાં ધાંગધ્રા નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, ચીફ ઓફિસર મન્ટીલ કુમાર પટેલ દ્વારા સરકારી હોસ્પિટલ ખાતે વિશેષ આરોગ્ય ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં સફાઈ કર્મચારીઓની ફિટનેસ અને સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવી હતી. કર્મચારીઓના બ્લડપ્રેશર, ડાયાબિટીસ, બીપી સહિતના વિવિધ આરોગ્ય ટેસ્ટ હાથ ધરાયા હતા. આરોગ્ય વિભાગના નિષ્ણાત ડોકટરોએ કર્મચારીઓને યોગ્ય આહાર અને દૈનિક જીવનશૈલી અંગે માર્ગદર્શન પણ આપ્યું હતુ કેમ્પ દરમિયાન મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓએ હાજરી આપી પોતાનો હેલ્થ ચેકઅપ કરાવ્યો હતો. નગરપાલિકાના સનિટેશન વિભાગના એએસઆઈ જયદીપસિંહ ઝાલા સહિતની ટીમ સમગ્ર આયોજન દરમિયાન સક્રિય રહી હતી.

# ઉપલેટાઃ આર.પી. ભલોડિયા મહિલા કોલેજમાં વિકાસ સપ્તાહ 'અંતર્ગત સ્વદેશી' યોજાયું માર્ગદર્શક વ્યાખ્યાન





**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.પી. ભાલોડીયા મહિલા કોલેજ ઉપલેટામાં ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાની ઉપસ્થિતિમાં સ્વદેશી વ્યાખ્યાનો કાર્યક્રમ આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.પી. ભલોડિયા મહિલા કોલેજમાં વિકાસ સપ્તાહ અંતર્ગત 'સ્વદેશી' વ્યાખ્યાનનો ઉત્તમ મુખ્ય મહેમાન ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના સાનિધ્યમાં યોજાયો તેઓએ-

વડાપ્રધાન મોદીના ગુજરાતના સી.એમ. થી લઈ દેશના પી.એમ. સુધી પોતાના વિકાસ સાથે દેશનો વિકાસ તેના માટે કરેલા પ્રયત્નો ખેડૂતો, યુવાધન, સ્ત્રીઓના વિકાસ માટે, આર્થિક પછાત માટે વિવિધ યોજનાઓ દેશના દરેક વર્ગ માટેની ઉપલબ્ધની ચર્ચા કરી વિશ્વમાં ભારતનું સ્થાન - વિકસિત ભારતની અસંખ્ય સિદ્ધિઓ વમુટમ વસુદેવ કુટુંમ્બકમ'ની ભાવનાનું ચિત્રણ સાથે જ હાલ અતિ આવશ્યક ‘‘સ્વદેશી અભિયાન‘‘ અંતર્ગત ઘર-ઘર સ્વદેશી‘‘ ના સુત્રો સાથે ઉદા. આપી હળવી શૈલીમાં વિદ્યાર્થીની બહેનોને સમજૂતી આપી દરેક સ્વદેશી ચીજ અપનાવવી જ તેવું સમજાવેલ.

કોલેજની બહેનોએ વડાપ્રધાન મોદીને ખરાહૃદયથી સ્વદેશી‘‘ અભિયાન સાથે જોડાશું. તેવા સર્વે બહેનોએ પોસ્ટકાર્ડ લખ્યા કાર્યકર્મના અંતે ધારાસભ્ય વિદ્યાર્થીની બહેનો, સ્ટાફ સમગ્ર કોલેજ પરિવારે ભારત વિકાસ અંતર્ગત પ્રતિજ્ઞા લીધેલ જેમાં રાષ્ટ્રભાવનાની અહ ગરિમા - માન - સ્વમાન અને ગૌરવ તેમજ દેશ ભકિતની ઉદાત-ભાવના જોવા મળી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ડો. મહેન્દ્રભાઈ કાલાવડીયા ઈન. પ્રિ. મધુબેન મેંદપરાએ કરેલ તેમજ સમગ્ર સ્ટાફના સહયોગથી કાર્યક્રમ પૂર્ણ થયેલ.

# ઉપલેટા વોર્ડ નં.૬માં એસ.એલ. માંડવીયા ફાઉન્ડેશનનો જનસેવા રથ પહોંચતા જનતાએ પુષ્પવર્ષા કરી કર્યું સ્વાગત

## જનસેવા રથ થકી લોકોને પોતાના ઘેર બેઠા સેવાનો લાભ મળશેઃ ધારાસભ્ય પાડલીયા

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

એસ.એલ. માંડવીયા ફાઉન્ડેશન દ્વારા લોકોને વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ પોતાના વિસ્તારમાં ઘેર બેઠા મળી શકે તે માટે જનસેવા રથ શરુ કરવામાં આવ્યો છે. આ રથ ઉપલેટા વોર્ડ નં. ૬ માં આવી પહોચતા ધારાસભ્ય તેમજ નગર સેવકો સહિત લોકોએ પુષ્પવર્ષાકરી સ્વાગત કર્યુ હતું.

સૌ પ્રથમ ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાની હાજરીમાં વોર્ડ નં. ૬ માં જાગૃત અને સેવા ભાવી નગર સેવક મનોજભાઈ નંદાણીયા દ્વારા વંદેમારતમ, જયશ્રીરામના નારા લગાવી રથ ઉપર પુષ્પ વર્ષા કરી સ્વાગત કરાયું હતું.

વોર્ડ નં. ૬ માં જનસેવા રથ આવકારતા ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવેલ કે એસ.એલ. માંડવીયા ફાઉન્ડેશન દ્વારા જનસેવા રથ થકી સરકારી યોજનાઓ હવે આપના દ્વારે મળે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ આયુષ્યમાન ભારત યોજના, રેશન કાર્ડ, વૃદ્ધ પેન્શન, ગંગાસ્વરુપ આર્થિક સહાય, સુ કન્યા સમૃધ્ધી યોજના, વ્હાલી દિકરી, પ્રધાનમંત્રી વિશ્વકર્મા, દિવ્યાંગ સહાય, કુવર બાઈનું મામેરા સહીત વિવિધ અન્ય યોજનાના લાભ આપને ઘર બેઠા મળી રહેશે. લોકો આ સેવાનો વધુમાં વધુ સારી રીતે અને સરળતાથી



લઈ શકે તે માટે માંડવીયા ફાઉન્ડેશન સક્રિય છે. આ તકે આર.ડી. સી બેન્કના ડિરેકટર નરસિંહભાઈ મુંગલપરા, પાલિકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, બાંધકામ સમીતીના ચેરમેન મનોજભાઈ નંદાણીયા સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, નગરપાલિકાના દંડક શૈલેષભાઈ સુવા વોર્ડ નં. ૬ ના નગર સેવકો દિપકભાઈ સુવા, નિમિતભાઈ પાનસરા, કેસુરભાઈ કરંગીયા, સમગ બ્રહ્મસમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, ભરતભાઈ રાણપરીયા, નગર સેવકો હરસુખભાઈ સોજીત્રા, સંજયભાઈ મુરાણી, મહેશભાઈ સુવા, અમિતભાઈ વસવેલિયા, વિક્રમસિંહ સોલંકી, કિશોરભાઈ ભાદરકા, અજયભાઈ જાગાણી સ્થાનીક સંગઠનના પરાગભાઈ સુતરિયા, જીજ્ઞેશભાઈ રાજભાઈ વાઢેર દલિત અગ્રણી બાલાભાઈ સાંડપા સહિત આગેવાનો હાજર રહ્યા હતા.

# ઉપલેટાઃ એનિમલ હોસ્પિટલ દ્વારા રખડતા ઢોરને પકડવાનું શરૂ કરતાં જનતાએ રાહતનો શ્વાસ લીધો

## શહેરના તમામ વિસ્તારમાં આ કામગીરી કરાશેઃ પ્રમુખ પિયુષભાઈ માકડિયા

**અબતક, કીરીટભાઈ રાણપરીયા, ઉપલેટા**

શહેરમાં છેલ્લા ઘણા સમય થયા રખડતા ઢોરનો ત્રાસ ખુબ જ વધતા વિવિધ જગ્યાએથી ઢોર પકડવાની માંગણી ઉઠતા એનિમલ હોસ્ટેલ દ્વારા છેલ્લા ત્રણ દિવસ થયા રખડતા પશુઓને પકડવાની કામગીરી હાથ ધરાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

શહેરમાં રખડતા ઢોરના ત્રાસમાંથી મુકત કરાવવા એનિમલ હોસ્ટેલ દ્વારા બીડુ ઝડપવામાં આવેલ હતું. શહેરના ભાદર નદીના કાંઠે ઘણા વર્ષોથી ગુજરાતમાં એકમાત્ર એનલમ હોસ્ટેલ બનાવામાં આવી હતી. પણ ખાટલે મોટી ખોટ એ હતી કે એનિમલ હોસ્ટેલ એનિમલ હોસ્ટેલખો ખર્ચ ભોગવે કોણ આવા અનેક ચડાવ ઉચાણ વચ્ચે ગૌ પ્રેમી વલ્લભબાપા માકડીયાએ સ્થાપેલ વડચોક ગૌ સેવા સમાજે ખર્ચ ઉપાડવાની જવાબદારી ઉઠાવતા શહેરના



લગભગ ૭૦૦ કરતા વધારે પશુઓને એનિમલ હોસ્ટેલમાં રાખવામાં આવેલ. સમયાંતરે ખર્ચ શહેરની વિવિધ સામાજીક સંસ્થાઓ દ્વારા ફંડ એકત્ર કરી ગૌ માતાનો નિભાવ ખર્ચ ઉપાડવામાં આવે છે.

શહેરના છેલ્લા ઘણા સમય થયા પશુઓની રજાડ વધી જતા શહેરની જનતા અવાર નવાર રખડતા પશુઓને પકડવા માંગ ઉઠાવી હતી પણ ચોમાસાને કારણે એનિમલ હોસ્ટેલમાં પશુઓ રહી શકે તેમ ન હોય તેથી પશુઓને પકડવામાં વિલબ થતો હતો. શહેરમાં છેલ્લા ત્રણ દિવસ થયા વિવિધ વિસ્તારોમાંથી પશુઓને પકડવાની કામગીરી હાથ ધરાતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ અંગે એનિમલ હોસ્ટેલના પ્રમુખ પિયુષભાઈ માકડીયાનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ કે, હાલ રખડતા પશુઓને પકડવાની કામગીરી પુરજોશમાં ચાલું છે. તે ૪૫ દિવસ સુધી ચાલુ રહેશે. વધુમાં પશુપાલકોને અપિલ પણ કરી છે કે તેમાં તમારા પશુઓને રોડ, રસ્તા ઉપર છુટા ન મુકછ જો આવા પશુઓ ઝડપી લેવામાં આવશે તો તેની સામે દંડ સહીતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# શિસ્તના અભાવે ટિમ મહિલા વર્લ્ડકપની બહાર ફેંકાઈ જશે?



**અબતક, નવી દિલ્હી**

મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫ ની ૧૩મી મેચમાં ભારતીય ટીમને ઑસ્ટ્રેલિયા સામે ૩ વિકેટથી પરાજય મળ્યો છે. ભારતે પ્રથમ બેટિંગ કરતાં ૩૩૦ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હોવા છતાં, ઑસ્ટ્રેલિયાએ ૬ બોલ બાકી રહેતાં જ આ લક્ષ્ય હાંસલ કરી લીધું. ભારતે છેલ્લા ૩૬ રનમાં જ છ વિકેટો ગુમાવી દીધી અને બાદમાં બોલિંગમાં પણ નિરાશાજનક પ્રદશન કરતા હવે પ્રશ્ન ઉભો થાય છે કે,શિસ્તના અભાવે ટિમ મહિલા વર્લ્ડકપની બહાર ફેંકાઈ જશે?

આ જીત સાથે ઑસ્ટ્રેલિયાએ મહિલા ઓડીઆઈ ક્રિકેટ ઈતિહાસમાં સૌથી સફળ રન ચેઝ નો નવો રેકોર્ડ બનાવ્યો છે. ઑસ્ટ્રેલિયન કેપ્ટન એલિસા હીલીએ (મિશેલ સ્ટાર્કની પત્ની) ૧૪૨ રનની યાદગાર સદી ફટકારીને ભારતની જીતની આશા તોડી નાખી. સ્મૃતિ મંધાનાના ૮૦ રન અને પ્રતિકા રાવલના ૭૬ રનના પ્રદર્શન છતાં, ભારતની આ સતત બીજી હાર છે, જેના કારણે સેમિફાઈનલમાં પહોંચવાનો રસ્તો મુશ્કેલ બન્યો છે.

મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૫ માં ભારતીય ટીમ માટે આ સપ્તાહ નિરાશાજનક રહ્યું છે. દક્ષિણ આફ્રિકા સામેની રોમાંચક હાર બાદ, હવે તેમને ઑસ્ટ્રેલિયા સામે પણ ૩ વિકેટથી પરાજયનો સામનો કરવો પડ્યો છે. આ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાનો આ સતત બીજો પરાજય છે.

વર્લ્ડ કપની આ મેચમાં, ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરીને ૩૩૦ રનનો મોટો સ્કોર ઊભો કર્યો હતો, જે સામાન્ય રીતે વન-ડે ફોર્મેટમાં જીત માટે પૂરતો ગણાય છે.

ભારત તરફથી સ્મૃતિ મંધાનાએ ૮૦ રન અને પ્રતિકા રાવલે ૭૬ રનની મજબૂત અર્ધસદી ફટકારી હતી. જોકે, ટીમ ઈન્ડિયાના બેટ્સમેનો વધુ મોટો સ્કોર બનાવી શક્યા હોત, પરંતુ તેમણે પોતાની છેલ્લી ૬ વિકેટો માત્ર ૩૬ રનમાં ગુમાવી દીધી હતી, જે કદાચ મેચનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો.

આ ઐતિહાસિક જીતનું મુખ્ય શ્રેય ઑસ્ટ્રેલિયન કેપ્ટન અને ઝડપી બોલર મિશેલ સ્ટાર્કની પત્ની એલિસા હીલીને જાય છે.

હીલીએ ૧૪૨ રનની વિસ્ફોટક અને યાદગાર ઈનિંગ રમીને ભારતીય બોલરોને કોઈ તક આપી નહોતી, જેના કારણે ભારતની જીત આંચકાઈ ગઈ.ભારતે અત્યાર સુધી વર્લ્ડ કપમાં ૨ મેચ જીતી છે અને હવે ૨ મેચ હારી ગયું છે. આ સતત હારને કારણે મહિલા વર્લ્ડ કપ સેમિફાઈનલમાં પહોંચવાનો ટીમ ઈન્ડિયાનો માર્ગ હવે મુશ્કેલ બની ગયો છે અને આગામી મેચોમાં વિજય મેળવવો અત્યંત જરૂરી છે.



### ઓસ્ટ્રેલિયાએ મહિલા વનડે ઈતિહાસનો હાઈએસ્ટ ટાર્ગેટ ચેઝ કર્યો

ઓસ્ટ્રેલિયાએ વુમન્સ વન-ડે ઈતિહાસનો સૌથી મોટો લક્ષ્યાંક ચેઝ કર્યો. ટીમે શ્રીલંકાનો રેકોર્ડ તોડ્યો, જેણે ૨૦૨૪માં સાઉથ આફ્રિકા સામે ૩૦૫ રન બનાવ્યા હતા. આ ભારત સામે કોઈપણ ટીમ દ્વારા કરવામાં આવેલો સૌથી મોટો રન ચેઝ પણ રહ્યો છે.

### મંધાનાની વન-ડેમાં ઝડપી ૫૦૦૦ રનની સિદ્ધિ

ભારતની સ્ટાર બેટર સ્મૃતિ મંધાનાએ ઓસ્ટ્રેલિયા સામેની વિમેન્સ વર્લ્ડ કપ વન-ડેમાં ૮૦ રનની ઈનિંગ્સ રમી હતી. ૨૯ વર્ષીય મંધાનાએ આ સાથે જ મહિલા વન-ડેમાં ઝડપી ૫૦૦૦ રન કરનાર ખેલાડીની સાથે સૌથી યુવા બેટર બનવાની બેવડી સિદ્ધિ હાંસલ કરી હતી. મંધાનાએ ૧૧૨ ઈનિંગ્સમાં ૫૦૦૦ રનનો માઈલસ્ટોન પાર કર્યો છે.

**બેટીંગ-બોલીંગમાં અશિસ્તના કારણે ૩૩૦ રન બનાવીને પણ ભારતની હાર,એલિસા હીલીની ધમાકેદાર સદીએ ભારતની જીત છીનવી લીધી**

# બીજી ટેસ્ટમાં વિન્ડિઝની વળતી લડત, ભારતને ફરી બેટીંગ કરવું પડશે



## કેમ્પબેલ અને હોપની જવાબદારી ભરી ઈનિંગથી વિન્ડીઝ ૨૦૦ને પાર પહોંચ્યું: કેમ્પબેલે ૫૦ ઈનિંગમાં પ્રથમ સદી ફટકારી, જાડેજાએ ચોથા દિવસે ભારતને પ્રથમ સફળતા અપાવી

**અબતક, નવી દિલ્હી**

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ટેસ્ટ મેચ દિલ્હીમાં રમાઈ રહી છે.ઓપનર જહોન કેમ્પબેલ અને અનુભવી શાઈ હોપે મળીને વળતી લડત આપતાં પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝે અપેક્ષા કરતાં વિરુદ્ધ રમત દાખવીને અહીં રમાતી બીજી ક્રિકેટ ટેસ્ટ ચોથા દિવસ પર લઈ જવામાં સફળતા હાંસલ કરી છે કેમ કે ભારત સામે ફોલોઓન થયા બાદ વેસ્ટ ઈન્ડિઝે આ બંનેની મજબૂત અને મક્કમ બેટિંગની મદદથી બીજી ઈનિંગ્સમાં વળતો પ્રતિકાર કર્યો હતો.

૫૮મી ઓવરમાં વિન્ડિઝના ઓપનર જોન કેમ્પબેલે કારકિર્દીની પહેલી ટેસ્ટ સદી પૂરી કરી. તેણે રવીન્દ્ર જાડેજાના પાંચમી બોલ પર છગ્ગો ફટકાર્યો અને સદી પૂરી કરી.જો કે બાદમાં જાડેજાએ જ કેમ્પબેલને અલબીડબ્લ્યુ આઉટ કરી ચોથા દિવસે ભારતને પ્રથમ સફળતા અપાવી.

વેસ્ટ ઈન્ડિઝે તેના બીજા દાવમાં ૨૦૦ રનનો આંકડો પાર કર્યો છે અને ૩૦૦+નો સ્કોર કરે તો નવાઈ નહિ.

અહીંના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાતી મેચના ત્રીજા દિવસે સવારે વેસ્ટ ઈન્ડિઝે ચાર વિકેટે ૧૪૦ રનના સ્કોરથી તેની પ્રથમ ઈનિંગ્સ આગળ ધપાવી હતી. તે વખતે પણ તેના પૂંછડિયા બેટર્સે લડત આપીને સ્કોર ૨૪૮ સુધી પહોંચાડ્યો હતો પરંતુ ભારતનો ૫૧૮ રનનો સ્કોર ઘણો તોતિંગ પુરવાર થયો હતો.

ભારતે ૨૭૦ રનની સરસાઈ હાંસલ કરીને પ્રવાસી ટીમને ફોલોઓન કર્યું હતું.જોકે ફોલોઓન બાદ વેસ્ટ ઈન્ડિઝે વળતો પ્રહાર કરીને ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં બે વિકેટે ૧૭૩ રન કરી દીધા હતા.

આમ વેસ્ટ ઈન્ડિઝ હાલમાં ૯૭ રન પાછળ છે અને તેની આઠ વિકેટ જમા છે અને તેમાં ય કેમ્પબેલ અને હોપ જે રીતે રમી રહ્યા છે તે જોતાં તેઓ ભારતને બીજી વાર બેટિંગમાં લાવવાનો પ્રયાસ કરી શકે છે.

# દિવાળીના પાવન પર્વમાં પુજન માટે ચોપડા ખરીદવાનું શુભ મુહૂર્ત

**બજારોમાં નવા ચોપડાં અને પૂજા સામગ્રીની ખરીદીનો માહોલ, લક્ષ્મી-ગણેશની આરાધના સાથે સમૃદ્ધિના દીવા પ્રગટાશે: નવા હિસાબ વર્ષની શુભ શરૂઆતની ધૂમ**



## ધનની દેવી લક્ષ્મી આગમનના વધામણા

**અબતક રાજકોટ**

દિવાળીના પાવન પર્વની રંગત સાથે વેપારીઓમાં ચોપડા પૂજનની ઉત્સાહભરી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. નવા વર્ષના આરંભને શુભ બનાવવા માટે વેપારીઓ પોતાના દુકાન-ઓફિસોમાં લક્ષ્મીજી અને ગણેશજીની આરાધના કરી ચોપડા પૂજન કરશે. દિવાળી એટલે ધનની દેવી લક્ષ્મીનું આગમન અને સમૃદ્ધિનો આરંભ, તેથી દરેક વેપારી, ઉદ્યોગકાર અને સંસ્થાઓ આ દિવસે નવા હિસાબના ચોપડાઓ, કમ્પ્યુટર, લેડર અને ફાઈલનું પૂજન કરી નવા વર્ષની શરૂઆત કરે છે.

શહેરના બજારોમાં નવા ચોપડાં, લેડર, કવર અને પૂજા સામગ્રીની ખરીદી માટે ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. ચોપડા પૂજન માટે ફૂલ, નારિયેળ, માખણિયા દીવા, ચાંદણી, રંગોળી, શુભ-લાભના ચિન્હો અને લક્ષ્મીજીના પાવલાંની ખરીદીમાં પણ તેજી જોવા મળી છે. દુકાનદારોએ પૂજન માટે વિશેષ આરતી અને લક્ષ્મી-ગણેશના ચિત્રો સાથે દુકાનોને ઝગમગતી લાઈટિંગથી સજાવી દીધી છે.

ચોપડા પૂજનનો શુભ સમય સાંજે પ્રદોષ કાળ દરમિયાન માનવામાં આવ્યો છે, જેમાં વેપારીઓ પોતાના પરિવાર અને કર્મચારીઓ સાથે વિધિવત્ પૂજન કરી ‘‘શ્રી ગણેશાય નમઃ‘‘ લખીને નવા હિસાબ વર્ષની શરૂઆત કરશે. આ પૂજન બાદ શહેરના વેપારી વર્ગ નવા વર્ષ માટે ધનપ્રાપ્તિ, સુખ અને સમૃદ્ધિની પ્રાર્થના કરશે. દિવાળીની રાત્રે આખું શહેર ઝગમગી ઉઠશે અને ચોપડા પૂજનથી નવા વર્ષના શુભ સંકલ્પો સાથે વ્યવસાયમાં નવી ઊર્જાનો સંચાર થશે.

જીવનમાં દરેક વ્યકિત પોતાના વ્યાપારમાં, ઘરમાં સ્થિર મહાલક્ષ્મીની કૃપા ઈચ્છે છે જે મહાલક્ષ્મી માતાજી ચોપડા પુજન, લક્ષ્મીપુજન, શારદાપુજનથી પૂર્ણ કરે છે. ચોપડા પુજનમાં ચોપડો સરસ્વતિ છે. કલમ (પેન) મહાકાળી છે, લક્ષ્મીજીનો સિક્કો છે તે લક્ષ્મીજી છે. આમ ત્રણેય માતાજીની કૃપા ચોપડા પુજનથી વ્યાપારમાં વરસે છે.

આપણે ત્યાં દરેક શુભ પ્રસંગોમાં ચોઘડીયા જોવાની પ્રથા છે. પરંતુ શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ વિચારતા ચોઘડીયા કરતા હોરા વિશેષ મહત્વ ધરાવે છે. તેથી આ પત્રિકામાં તા. ૨૦-૧૦-૨૦૨૫ ને સોમવારના શુભ હોરા તથા શુભ ચોઘડીયાના સમય આપેલ છે. જેમાં લક્ષ્મી, પુજન, શારદા પુજન કરવાથી પૂજકને ત્યાં દર્શાવેલ લક્ષ્મીની અમીદ્રષ્ટિ નિરંતર રહે છે. અહીં આપેલા ચોઘડિયા તથા હોરા રાજકોટના સમય પ્રમાણે સુર્યાદય મુજબ આપેલ છે.

આસો વદ-૩૦ ને સોમવાર તા. ૨૭-૧૦-૨૦૨૫ ના દિવસે બપોરે ૩-૪૬ થી અમાસ તીથી છે. આમ દિપાવલીનું મહત્વ રાત્રીના પ્રદોપ કાળનું ગણાતું હોવાથી સોમવારે પ્રદોપ કાળમાં અમાસ તીથી હોય દરેક પંચાંગ પ્રમાણે દિપાવલી સોમવારે છે. પ્રદોષકાળ વ્યાપીની મળતી હોવાથી આ દિવસે લક્ષ્મીપુજન કરવું શુભ છે.

રાજકોટના અક્ષાંશ, રેખાંશ પ્રમાણે સ્ટા. ટાઈમ સવારે ૬-૫૬ થી સૂર્યોદય થાય છે શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ હોરા તથા ચોઘડીયાનો પ્રારંભ સુર્યોદયથી થાય છે. **શાસ્ત્રી રાજદિપ ડી. જોષી**

**લાભ પાંચમ:** કારતક સુદ ૫ રવિવાર તા. ૨૬-૧૦-૨૦૨૫ ના રોજ લાભ પાંચમ છે.
સવારે ૧૦-૪૮ થી વીછુડો છે. આથી સવારે ૧૦-૪૮ પછી વ્યાપારની શરૂઆત કરવી.
લાભ, અમૃત ૧૦-૪૮ થી ૧૨-૩૧ છે. શુભ ૦૧-૫૬ થી ૩-૨૧
અભિજીત મુર્હુત બપોરે ૧૨-૦૮ થી ૧૨-૫૪

### ચોપડા ખરીદી દિન ગુરૂપુષ્યનમૃત યોગ

આસો વદ-૮ ને મંગળવાર તા. ૧૪-૧૦-૨૦૨૫ ના રોજ
પુષ્યનક્ષત્ર યોગ સવારે ૧૧-૫૩ થી છે
સવારના ચોઘડીયા : લાભ ૧૧-૦૫ થી ૧૨-૩૩, અમૃત ૧૨-૩૩ થી ૧-૫૯
બપોરના ચોપડીયા : શુભ ૩-૨૭ થી ૪-૫૪ સુધી
રાત્રીના ચોઘડીયા: લાભ ૭-૪૫ થી ૯-૨૭ સુધી, શુભ ૧૧-૦૦ થી ૧૨-૩૨
આસો વદ-૯ ને બુધવારે તા. ૧૫-૧૦-૨૦૨૫ ને બપોરે ૧૨ વાગ્યા સુધી પુષ્યનક્ષત્ર છે.
દિવસના શુભ ચોઘડીયા: લાભ, અમૃત ૬-૪૪ થી ૯-૩૮, શુભ ૧૧-૦૫ થી ૧૨
ચોપડા ખરીદવા ઓર્ડર આપવા માટે શુભ દિવસ છે.
સુર્વણ, રજત, શ્રીયંત્ર, કુબેર મંત્ર ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ છે.

### ધનતેરસ

આસો વદ-૧૨ શનિવાર તા. ૧૮-૧૦-૨૦૨૫ ના બપોરે ૧૨-૨૦ થી ધનતેરસ છે.
સવારના ચોઘડીયા : શુભ ૮-૧૨ થી ૯-૩૯
બપોરના ચોઘડીયા : ચલ, લાભ ૧૨-૩૨ થી ૩-૨૫
બપોરના ચોઘડીયા : અમૃત ૩-૨૫ થી ૪-૫૨
રાત્રીના ચોઘડીયા : ૬-૧૮ થી ૭-૫૨
શુભ, અમૃત ૯-૨૫ થી ૧૨-૩૨
પ્રદોપ કાળનો શુભ સમય રાત્રે ૬-૧૦ થી ૮-૪૮
ચોપડા ખરીદવા, ગાદી બિછાવવા અને લક્ષ્મીપુજન માટે શ્રેષ્ઠ સમય છે. ધંન્વતરી પૂજન સાયં કાળે રાત્રીના કરવું

**વિક્રમ સંવત ૨૦૮૧ આસો વદ ૧૪ ને સોમવાર તા. ૨૦-૧૦-૨૦૨૫ ના શુભ દિવસે દિવાળી છે.**

### કાળી ચૌદશ

પ્રદોષ કાળ: આસો વદ-૧૩ ને રવિવાર તા. ૧૯-૧૦-૨૦૨૫ ના દિવસે બપોરે ૧.૫૩ થી કાળી ચૌદશ છે. જે સોમવારે ૨૦-૧૦-૨૦૨૫ ના બપોરે ૩- ૪૫ સુધી છે. આ સમય દરમ્યાન નૈવેદ્ય ધરવા શુભ ગણાશે.

આથી પંચાંગના નિયમ પ્રમાણે આ દિવસે રાત્રીના હનુમંત પુજન, કાળભૈરવ પૂજન, બટુકવીર પૂજન, કાલીપૂજા, મશીનરીનું પુજન કરવું.

**ભાઈબીજ :** કારતક સુદ-૨ ને તા.૨૩-૧૦-૨૦૨૫, ગુરૂવાર ચંદ્રદર્શન, ભાઈબીજ, યમુનાસ્નાન છે.

### -:: નૂતન વર્ષાભિનંદન :-

કારતક સુદ ૧ બુધવાર તા. ૨૨-૧૦-૨૦૨૫ પીગલ નામ સંવત્સર, નૂતન વષારંભ થાય છે
સવારે લાભ, અમૃત ૦૬-૪૮ થી ૦૯-૩૭
શુભ ૧૧-૦૫ થી ૧૨-૩૧
અભિજીત મુહુર્ત બપોરે : ૧૨-૩૮ થી ૧૨-૫૪ સુધી
ચલ, લાભ ૦૩-૨૩ થી ૦૬-૧૫

### દિપાવલીનો પ્રદોષકાળ પૂજન માટેનો શ્રેષ્ઠ સમય

પ્રદોષકાળ: વિક્રમ સંવત ૨૦૮૧ આસો વદ ૧૪ ને સોમવાર તા. ૨૦-૧૦-૨૦૨૫ રાત્રે ૬-૧૭ થી ૮-૪૭ સુધીનો છે.
વૃષભ સ્થીર લગ્ન રાત્રે ૮-૦૦ થી ૮-૧૨ કલાક સુધી, કુંભ સ્થિરનવમાંશ ૮-૩૯ થી ૮-૫૧
નિશીથ કાળ: રાત્રે ૧૨-૦૬ થી ૧૨-૫૬ સુધી છે તેમાં પણ પુજન કરવું શ્રેષ્ઠ ગણાય.

### દિવસના શુભ હોરા

| ક્રમ | હોરા | સમય |
|---|---|---|
| ૧ | ચંદ્ર | ૦૬-૪૬ થી ૦૭-૪૪ |
| ૨ | ગુરૂ | ૦૮-૪૧ થી ૦૯-૩૯ |
| ૩ | શુક્ર | ૧૧-૩૪ થી ૧૨-૩૧ |
| ૪ | બુધ | ૧૨-૩૧ થી ૦૧-૨૯ |
| ૫ | ચંદ્ર | ૦૧-૨૯ થી ૦૨-૨૬ |
| ૬ | ગુરૂ | ૦૩-૨૪ થી ૦૪-૨૧ |

### રાત્રીના શુભ હોરા

| ક્રમ | હોરા | સમય |
|---|---|---|
| ૧ | શુક્ર | ૦૬-૧૭ થી ૦૭-૧૯ |
| ૨ | બુધ | ૦૭-૧૯ થી ૦૮-૨૨ |
| ૩ | ચંદ્ર | ૮-૨૨ થી ૯-૨૪ |
| ૪ | ગુરૂ | ૧૦-૨૭ થી ૧૧-૨૯ |
| ૫ | શુક્ર | ૦૧-૩૪ થી ૦૨-૩૭ |
| ૬ | બુધ | ૦૨-૩૭ થી ૦૩-૩૯ |
| ૭ | ચંદ્ર | ૦૩-૩૯ થી ૦૪-૪૨ |
| ૮ | ગુરૂ | ૦૫-૪૪ થી ૬-૪૭ |

### હોરા કથન મુજબ બધી જ ચંદ્ર, બુધ, ગુરૂ અને શુક્રની

હોરા શુભ છે. નોંધ:- ચોપડાનો ઓર્ડર નોંધાવતા તેમજ ચોપડા ખરીદવા તથા નોંધાયેલ ચોપડા લાવવા ઘેરથી કંસાર જમીને અગર મુખમિષ્ટિ કરીને નિકળવું શ્રેષ્ઠ છે.

### દિવસના શ્રેષ્ઠ ચોઘડીયા

| ક્રમ | ચોઘડીયા | સમય |
|---|---|---|
| ૧ | અમૃત | ૦૬-૪૬ થી ૦૮-૧૩ |
| ૨ | શુભ | ૦૯-૩૯ થી ૧૧-૦૫ |
| ૩ | ચલ | ૦૧-૫૮ થી ૦૩-૨૪ |
| ૪ | લાભ | ૦૩-૨૪ થી ૦૪-૫૦ |
| ૫ | અમૃત | ૦૪-૫૦ થી ૦૬-૧૭ |

### રાત્રીના શ્રેષ્ઠ ચોઘડીયા

| ક્રમ | ચોઘડીયા | સમય |
|---|---|---|
| ૧ | ચલ | ૦૬-૧૭ થી ૦૭-૫૦ |
| ૨ | લાભ | ૧૦-૫૮ થી ૧૨-૩૨ |
| ૩ | શુભ | ૦૨-૦૬ થી ૦૩-૩૯ |
| ૪ | અમૃત | ૦૩-૩૯ થી ૦૫-૧૩ |
| ૫ | ચલ | ૦૫-૧૩ થી ૦૬-૪૭ |

# દરેડ જીઆઈડીસી એસો. ચૂંટણીમાં હિતકારી પેનલનો ભવ્ય વિજય

## બ્રાસ ઉદ્યોગના કેન્દ્રમાં નવી લહેરઃ કારોબારીની તમામ ૨૧ બેઠકો પર વિજય મેળવ્યો



જામનગર દરેડ જીઆઈડીસી એસોસિએશનની ચૂંટણીમાં મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. સાથે જ આ ચુંટણીમાં નવો ઈતિહાસ રચાયો છે. કુલ ૧૬૪૯ સભ્યાએ મત આપ્યો હોવાથી ૯૦ ટકા વિક્રમી મતદાન થયું છે. જેનું પરિણામ આવ્યું છે. જેમાં ઉદ્યોગિક હિતકારી પેનલનો ભવ્ય વિજય થયો છે.

જામનગરના બ્રાસ ઉદ્યોગના કેન્દ્ર સમા દરેડ જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશનની ૨૧ કારોબારી બેઠકો માટેનો ચૂંટણીજંગનું વિક્રમી મતદાન સાથે પૂર્ણ થયો છે. આ ચૂંટણીમાં ઉદ્યોગકારોએ જબરજસ્ત ઉત્સાહ દર્શાવતા, કુલ ૧૮૪૬ મતદારો પૈકી ૧૬૪૯ સભ્યોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે, જે ૯૦% જેટલું રેકોર્ડબ્રેક મતદાન છે અને જીઆઈડીસીના ઈતિહાસમાં સૌથી વધુ નોંધાયેલું મતદાન છે.

મતદાન પૂર્ણ થતાં જ ગણતરીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આજના મતદાનને કારણે ઉદ્યોગકારોમાં જબરદસ્ત જાગૃતિ અને પરિવર્તન પ્રત્યેની ઉત્સુકતા જોવા મળી છે.

જેમાં ઉદ્યોગિક હિતકારી પેનલના સભ્યોની ઐતિહાસિક જીત થઈ હતી. જેને વધાવવામાં આવી હતી

ઉદ્યોગિક હિતકારી પેનલ' (પ્રતીકઃ ત્રિશૂળ)નો શકિતશાળી અને ઝળહળતો વિજય થયો છે. આજે યોજાયેલા રેકોર્ડબ્રેક ૯૦ ટકાથી વધુ મતદાનમાં ઉદ્યોગકારોએ સાત વર્ષના વર્તમાન 'પ્રગતિશીલ પેનલ' (પ્રતીકઃ સૂર્ય)ના શાસન સામેના અસંતોષને સ્પષ્ટપણે મત દ્વારા વ્યક્ત કર્યો છે, જેના પરિણામે વિષ્ણુભાઈ પટેલ જેવા યુવા અને શિક્ષિત આગેવાનોના સમૂહવાળી 'ઉદ્યોગિક હિતકારી પેનલ'એ કારોબારીની તમામ ૨૧ બેઠકો પર વિજય મેળવ્યો છે સાથે જ સત્તાધારી પેનલને ધૂળ ચાટતી કરી દીધી છે.

# સૌરાષ્ટ્રના સૌથી લાંબા ઓવરબ્રિજની મજબૂતીની પરીક્ષા

## સ્પાન લોડ ટેસ્ટ ચાર દિવસ સુધી ચાલશે. ટેકનિકલ નિષ્ણાતોની ટીમ દ્વારા રાઉન્ડ ધ ક્લોક મોનિટરિંગઃ ઓવરબ્રિજ પૂર્ણતાના આરેઃદિવાળી પહેલા લોકાર્પણની તૈયારી તેજ





જામનગર શહેરના વિકાસનું નવું અધ્યાય લખનાર સૌરાષ્ટ્રનો સૌથી મોટો ઓવરબ્રિજ હવે પૂર્ણતાના આરે પહોંચી ગયો છે. શહેરના મધાયમાં આવેલા સાત રસ્તા સર્કલથી સુભાષ બ્રિજ સુધી આશરે ૩.૫ કિલોમીટર લાંબો આ ઓવરબ્રિજ છેલ્લા ચાર વર્ષના સમયગાળામાં રૂ. ૨૨૭ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.

શહેરને દિવાળીના તહેવાર પર વિકાસની અનોખી ભેટ રૂપે આ ઓવરબ્રિજ સમર્પિત થઈ શકે છે.

સ્થાનિક તંત્ર, ઈજનેરી વિભાગો અને કોન્ટ્રાક્ટર કંપનીઓ દ્વારા અંતિમ તબક્કાની કામગીરી, સફાઈ અને સુશોભનનું કામ પૂરજોશમાં ચાલુ છે. દિવાળીએ શહેરને નવા ઓવરબ્રિજ રૂપે વિકાસની ભેટ મળશે.

હાલમાં ઓવરબ્રિજના અંતિમ તબક્કા તરીકે સ્પાન લોડ ટેસ્ટ શરૂ કરવામાં આવ્યો છે, જે ચાર દિવસ સુધી ચાલશે. ટેકનિકલ નિષ્ણાતોની ટીમ દ્વારા રાઉન્ડ ધ ક્લોક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી ઓવરબ્રિજની દ્રઢતા અને ક્ષમતા અંગે સંપૂર્ણ ખાતરી મેળવી શકાય. ચકાસણી પ્રક્રિયા અંતર્ગત સીંગલ સાઈડમાં ૬ અને ફુલ લેનમાં ૮ ભરેલા ટ્રકો રાખીને ઓવરબ્રિજની વજન સહનશકિતની કસોટી કરવામાં આવી રહી છે. દરેક ટ્રકમાં વજન ભરવામાં આવ્યું છે અને તે એક જ સ્થાન પર ૨૪ કલાક માટે રાખી ટેકનિકલ ટીમ દ્વારા સતત રીડિંગ નોંધવામાં આવી રહી છે. જામનગરના આ બ્રિજની મજબુતાઈ અને ક્વોલિટી ટેકનિકલ ટીમ દ્વારા ઓવરબ્રિજ ઉપર લોડેડ ટ્રક મૂકીને ભાર પરીક્ષણ લોડ ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે, ટેકનિકલ ટીમ મધરાત્રે પણ સ્થળ પર હાજર રહીને સતત ચકાસણી કરી રહી છે, જેથી સમયસર તમામ કામગીરી પૂર્ણ થઈ શકે. આ માટે રાઉન્ડ ધ ક્લોક મોડ પર કામગીરી ચાલી રહી છે. તમામ કામગીરી પૂર્ણ થયા બાદ તંત્ર દ્વારા આ બ્રિજની લોકર્પણની જાહેરાત કરવામાં આવશે.

# સારસ્વત બ્રાહ્મણ મહાપરિષદના પ્રમુખ પદે રાજકોટના અલ્પેશ જોષીની વરણી



જામનગર મુકામે જામનગર જ્ઞાતિ ના પ્રમુખ બળવંત ભાઈ પસાના અધ્યક્ષ સ્થાને સમગ્ર ગુજરાત ના પ્રમુખો મંત્રી તથા કારોબારી સમિતિ ની દ્વિતીય મોટી બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું તમામ મહાસ્થાન એક થઈ મોટું ફેડરેશન બનાવે અને સમાજ ના તમામ લોકો સુધી પહોંચી શકે એ હેતુ પૂર્ણ કરવા *સારસ્વત બ્રાહ્મણ મહાપરીષદ ગુજરાતની સ્થાપના કરવામાં આવી હતી.

ચેરિટી કચેરી મા કાયદેસર નોંધણી કરી અને સમાજ ના તમામ લોકોને હરેક પ્રકારની મદદ મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું અને કમિટી ની રચના કરવામાં આવી જેમાં અલ્પેશ ભાઈ જોષી (રાજકોટ)ની પ્રમુખ પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી આ ઉપરાંત ઉપપ્રમુખ પદે જતીનભાઈ બોડા (ભાવનગર), અને પોરબંદરના મુકેશભાઈ લહેરૂ સહિત મંત્રી, નાણામંત્રી, સભ્યોની વરણી કરવામાં આવી હતી.

# બાળા ગામના યુવાનોને માટીના દિવડાએ આપી રોજગારી અને આશાનો ઉજાસ

## મોરબીથી માટી મંગાવી બનાવાઈ છે ખાસ દિવડા ૧૧ જેટલા કુશળ કલાકારો કરે છે વર્ષભર મહેનત






દિવાળીનું પર્વ હવે આંગણે ટકોરો મારી રહ્યો છે અને જેના વગર દિવાળીની ઉજવણી અધૂરી છે તેવા દીવડાની માંગ પણ બજારમાં જોવા મળી રહે છે ત્યારે જામનગર તાલુકાના બાળા ગામમાં વર્ષોથી પરંપરાગત કળાને જીવંત રાખી ગામના દિપક નાથા ઈડરીયા અને તેમની ટીમ દ્વારા દર વર્ષે મોટા પાયે માટીના દિવળા બનાવી રોજગારી અને પરંપરા સાથે પ્રકાશનું પર્વ ઉજવવામાં આવી રહી છે. કોડીયા અને દિવડાએ ગામના લોકોના ઘરમાં રોજગારી થકી પ્રકાશ પૂર્યો છે.

જામનગર જિલ્લાના બાળા ગામના હસ્તકલા કલાકારોએ પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખી રોજગારીનું સાધન બનાવ્યું છે. આ કાર્યમાં ૧૧ જેટલા કુશળ કલાકારો વર્ષભર જોડાયેલા રહે છે અને બારેમાસ ૧૨ મહિનાની મહેનત કારીગરો કામ કરતા હોય છે. તેઓના જણાવ્યા અનુસાર માટીના દિવળા માટે વિશેષ પ્રકારની લાલ માટીની જરૂર હોવાથી વિશેષ લાલ માટી મોરબીમાંથી મંગાવવામાં આવે છે, ઉત્પાદન પ્રક્રિયામાં આધુનિક સાધનોનો ઉપયોગ થાય છે, જેમાં ૧૦ હેન્ડપ્રેસ મશીનો અને ૧ હાઈડ્રોલિક મશીનનો સમાવેશ થાય છે.

મોટી વાત તો એ છે કે કુશળ કારીગરો દ્વારા ચાર દિવસના સમયગાળામાં આશરે ૪૦ હજાર દિવળા તૈયાર કરવામાં આવે છે. તૈયાર થયેલા આ દિવડા માત્ર જામનગર અને આસપાસના વિસ્તારોમાં જ નહીં, પરંતુ સુરત, અમદાવાદ જેવા મેગા સીટી અને ગુજરાતના સીમાડા વટાવી એમ.પી., યુ.પી., મહારાષ્ટ્ર સહિતના રાજ્યમાં પણ વેંચવામાં આવે છે.

### મેડ ઈન જામનગર તરીકે બાળા ગામનુ નામ ભારતભરમાં પ્રખ્યાત થયુંઃ દિપક ઈડરીયા



અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે દિપક ઈડરીયા એ કહ્યું કે નવી પેઢી આ કળાને શીખી રહી છે. જેથી બાળા ગામની ઓળખ અને આ પરંપરા આવનારા વર્ષોમાં પણ અવિરત રહે.

આ હસ્તકલા સ્થાનિક સ્તરે રોજગારી પૂરું પાડે છે અને મેડ ઈન જામનગર તરીકે બાળા ગામનુ નામ ભારતભરમાં પ્રખ્યાત થયુ છે.દિવાળી તહેવારની ઉજવણીમાં પ્રકાશ ફેલાવતા આ માટીના દિવળા આજે બાળા ગામના કલાકારોની મહેનત, કળા અને સમર્પણનું પ્રતિબિંબ બન્યા છે.

# વિદેશ સ્થિત આધેડની જમીન વેંચી નાખવાના કૌભાંડમાં બેની ધરપકડ

## બોગસ દસ્તાવેજો બનાવી બારોબાર જમીન વેંચી નાખનાર ચાર સામે ફરીયાદ

**અબતક, જામનગર**



મૂળ જામનગર પંથકના વતની અને હાલ યુકે રહેતા આધેડની વસઈ ગામે જમીન આવેલ હોય જેના બોગસ દસ્તાવેજ ઊભા કરી વેંચી મારવામાં આવી હતી. કરોડો રૂપિયાની કિંમતની ૯ વીઘા જમીન હડપ કરી જવા ચાર શખ્સોએ બોગસ દસ્તાવેજ ઉભા કરી ખોટા માલિક અને સાક્ષી બની જમીન બારોબાર વેચી મારી હતી. જેમાંથી ૨ આરોપીઓને પોલીસે દબોચી લીધા છે. મૂળ જામનગરના અને હાલ યુકેમાં નોર્થવુડમાં રહી બિઝનેસ સાથે જોડાયેલા અમિતભાઈ દામજીભાઈ શાહની વસઈ ગામે ૯ વીઘા જમીન આવેલી છે. જેને વેંચી મારવા ભગવાનજીભાઈ હંસરાજભાઈ ગોરી રહે, જામનગર તથા ખોટુ નામ ધારણ કરનાર અમિત દામજીભાઈ શાહ (રહે. ડી ફોર અર્ચના કો.હાઉસીંગ સો.સા. નં.પાંચસો ઓગણસાઈઠ ચાર કોપ બસ ડેપોની સામે સેક્ટર નં પાંચ મુબઈ મહારાષ્ટ) તથા નવીન રામજી ગોરી (રહે. છસો ઓગણપચાસ શીવમ ટેનામેન્ટ હીરજી મિસ્ત્રી રોડ જામનગર) તથા યોગેશ કેશવજી શાહ (રહે.મુલુંડ મુબઈ ભીવંડી અક્ષય પાર્ક કામાધાર)એ કારસ્તાન રચ્યું હતું. બાદમાં તેમની કિમતી જમીનનો ખોટો દસ્તાવેજ બનાવી, બીજા અન્ય શખ્સોએ સબ રજીસ્ટ્રાર જામનગર બે ની કચેરીમા તા.૧૧ ૦૨ ૨૦૨૫ના રોજ રજુ કરી બનાવટી દસ્તાવેજને ખરા તરીકે રજુ કરી, ખોટી ઓળખ અને સાક્ષીઓ આપી દસ્તાવેજ નં.૧૬૮૧ ૨૦૨૫થી બોગસ અને બનાવટી રીતે દસ્તાવેજને રજીસ્ટર કરી લઇ, જમીનને રેવન્યુ રેકર્ડ પર આરોપી ભગવાનજીભાઈ ગોરીના નામે કરાવી લીધી હોવાનો આરોપ લગાવ્યો હતો.જે મામલે વિદેશમાં રહેતા મૂળ માલિકે જામનગર આવીને વિધિવત ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે આરોપી ભગવાનજી હંસરાજભાઈ ગોરી અને નવીન રામજી ગોરી ને દબોચી લીધા છે. જેને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરાયા હતા.

# તહેવાર પૂર્વે પોલીસ એકશન મોડમાં : સીટી એ ડિવિઝન દ્વારા નાઈટ કોમ્બિંગ

## એસપી ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ કાલાવડ નાકા, પાંચહાટડી, નૂરી ચોકડી સહિતના વિસ્તારોમાં ચુસ્ત ચેકિંગ





આગામી દિવસોમાં દિવાળી તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાઇ તે માટે જામનગર પોલીસ એલર્ટ બની છે. ત્યારે સીટી એ ડિવિજન પોલીસ દ્વારા જામનગરના વિવિધ વિસ્તારોમાં કોમ્બિંગ નાઈટ યોજાઈ હતી. જેમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીનો કોલ અપાયો હતો.

જામનગર જિલ્લામાં દિવાળી ના તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાય તે અંગે જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા તથા જામનગર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક રાજેન્દ્ર દેવધાની સુચનાથી શહેર-જીલ્લા ના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કોમ્બિંગ નાઈટ યોજાઈ હતી. જેના ભાગરૂપે ગત રાત્રે જામનગર શહેરના કાલાવડ નાકા બહાર પાંચહાટડી, મહાપ્રભુજી બેઠક, નૂરી ચોકી અને પવન ચક્કી વિસ્તારમાં સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ એન.એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એન. રાઠોડ સહિત સ્ટાફ દ્વારા ડ્રાઈવ યોજાઈ હતી.

આ વેળાએ ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ, વાહનોમાં બ્લેક કાચ, ગાડીઓના કાગળો, બાઈકમાં ત્રિપલ સવારી, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી, ધુમ સ્ટાઈલથી બાઈક ચલાવી રોમિયોગીરી કરતા વાહન ચાલકો અને ટ્રાફિક નિયમો ભંગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# જોડીયા પંથકમાં લુંટારૂ ગેંગનો આતંકઃ બે વૃદ્ધાને નિશાન બનાવ્યા

## બોડકા ગામે વૃદ્ધ મહિલાના હાથ-પગ બાંધી અને મોં દબાવી રૂ.૪૭,૦૦૦ની અને જીરાગઢ ગામે ૮૦ વર્ષીય માજીના ઘરમાં ઘૂસી મોંઢુ દબાવી સોનાના ઘરેણાંની લુંટ ચલાવી

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

તહેવારો પૂર્વે ચોરી, લુંટ સહિતના આર્થિક ગુનાઓના પ્રમાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે ત્યારે હાલારના જોડીયા પંથકમાં લુંટારૂ ગેંગે આતંક મચાવી બે વૃદ્ધાને નિશાન બનાવતા હાહાકાર મચી જવા પામ્યો છે. જેમાં બોડકા ગામ ખાતે વૃદ્ધાને નિશાન બનાવવામાં આવ્યા છે. વહેલી સવારે ઘરમાં સૂતેલી વૃદ્ધાને ચાર અજાણ્યા શખ્સોએ બાંધીને તેમના કાનમાંથી સોનાની બુટ્ટીઓ અને રોકડ રકમની લૂંટ ચલાવી હતી.

પોલીસ વિગતો મુજબ બોડકા ગામમાં સતીમાતાના મંદિરની બાજુમાં રહેતા જશવંતીબેન જગદીશભાઈ ગડારા (ઉં.વ. ૮૦) તા. ૧૧/૧૦/૨૦૨૫ ના રોજ રાત્રે આશરે ૧:૦૦ વાગ્યાની આસપાસ તેમના રહેણાંક મકાનના ફળિયામાં ખાટલો ઢાળીને સૂતા હતા.

આ સમયે, એક અજાણી સ્ત્રી અને ત્રણ અજાણ્યા પુરુષો (ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષ) મળી કુલ ચાર આરોપીઓ ત્યાં ધસી આવ્યા હતા. લૂંટારાઓ પૈકી એક પુરુષે વૃદ્ધાનું મોં દબાવી દીધું હતું, જ્યારે અન્ય બે શખ્સોએ તેમના હાથ-પગ પકડી રાખીને તેમને હલનચલન કરતા અટકાવ્યા હતા.

કુલ રૂ.૪૭,૦૦૦ ની લૂંટ આરોપીઓએ વૃદ્ધાએ કાનમાં પહેરેલી આશરે ૧૦ ગ્રામ વજનની સોનાની બુટ્ટીઓ (અંદાજિત કિંમત રૂ. ૪૦,૦૦૦/-) ખેંચી લીધી હતી. આ ઉપરાંત, તેમના બટવા (પાકીટ)માં રહેલા રૂ. ૭,૦૦૦/- રોકડા પણ લૂંટી લીધા હતા. આમ, લૂંટારાઓ કુલ રૂ. ૪૭,૦૦૦/- ની મત્તા લઈને નાસી છૂટ્યા હતા.

જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી જશવંતીબેન ગડારા તરફથી ભારતીય ન્યાય સંહિતા (ઈગજ)ની કલમ-૩૦૯(૬), ૫૪ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જોડીયા પો.ઈન્સ. આર.એસ. રાજપુતએ વધુ તપાસ હાથ ધરી છે


જ્યારે જીરાગઢ ગામે રહેતા ૮૦ વર્ષીય રંભાબેન પરબતભાઈ ચોટલીયા પોતાના મકાનમાં સૂતા હતા. તે દરમિયાન અંદાજે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના ત્રણ અજાણ્યા ઈસમો (બે પુરુષ અને એક સ્ત્રી) અચાનક તેમના ઘરનો દરવાજાને પાટુ મારી તોડીને અંદર ઘૂસી આવ્યા હતા. મોંઢુ દબાવીને કાનમાંથી બુટ્ટીની લૂંટ ઈસમોએ વૃદ્ધા રંભાબેનના હાથ-પગ પકડી રાખી તેમનું મોં દબાવી દીધું હતું. આ દરમિયાન અજાણી મહિલાએ રંભાબેનના કાનમાં પહેરેલી સોનાની બે બુટ્ટી (અંદાજે ૬ ગ્રામ વજન, કિંમત રૂ.૨૪,૦૦૦/-) ની લૂંટ કરી હતી. લૂંટ કર્યા બાદ ત્રણેય આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ બનાવથી જોડીયા પંથકના ગામોમાં ભયનો માહોલ ફેલાયો છે.

પોલીસે અજાણ્યા ત્રણ ઈસમો વિરૂધ્ધ લૂંટ સહિતની કલમ હેઠળ ગુનાઓ દાખલ કર્યા છે. પોલીસ ઈન્સ્પેકટર આર.એસ. રાજપૂત દ્વારા આ ગુનાની તપાસ હાથ ધરવામાં આવી છે, અને આરોપીઓને ઝડપી પાડવા માટે જુદી જુદી દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## બંને ઘટનામાં એક જ ગેંગ હોવાની આશંકાને પગલે પીઆઈ આર.એસ. રાજપૂત સહિતના સ્ટાફ દ્વારા લુંટારૂઓનું પગેરૂં સીસીટીવી ફૂટેજના આધારે દબાવ્યો

# 'મેરા દેશ પહલે' ને પ્રસ્તુતિએ ગુજરાતમાં જગાવી નવા ભારતની ભાવના

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર પ્રથમના ભાવને ઉજાગર





**અબતક રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો.

લેખક અને નિર્માતા મનોજ મુંતશિર લિખિત-નિર્મિત 'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ નરેન્દ્ર મોદીનો આ પ્રથમ પ્રયોગ નિહાળવા માટે યુવાશક્તિ ગિફ્ટ સિટીમાં ઉમટી પડી હતી. પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ નરેન્દ્ર મોદીની જીવન યાત્રાના અનેક પહેલુંઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી.જીવનયાત્રાનું રોમાંચક મંચન નરેન્દ્ર મોદીની જન્મભૂમિ વડનગરથી શરૂ થયેલી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા અને દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફરનું આ મંચન હતું. આ પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ નહીં, પણ રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી.આ મંચનમાં વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થીથી લઈને સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝીલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવાની ઘટનાનું દ્રશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વડાપ્રધાન તરીકે



દેશની સેનાને આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા અને રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું સચોટ સંચાલન મનોજ મુંતશિર દ્વારા કરવામાં આવ્યું.રાજકીય અને ઉદ્યોગ

### ગિફ્ટ સિટીમાં મનોજ મુંતશિર લિખિત-નિર્મિત 'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ નરેન્દ્ર મોદીનો પ્રથમ પ્રયોગ યોજાયો; અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ જીવનગાથા પ્રસ્તુત કરી

જગતના અગ્રણીઓ ઉપસ્થિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ પંકજ જોશી સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉદ્યોગ-વ્યાપાર જગતના અગ્રણીઓ જેવા કે પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓએ આ મંચન માણ્યું હતું.વિશાળ સંખ્યામાં યુવાશક્તિની હાજરીએ પુરવાર કર્યુ છે કે, 'મેરા દેશ પહલે' માત્ર કોઈ સામાન્ય શો નહીં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે. 'નેશન ફર્સ્ટ'ની ભાવના હવે ઐતિહાસિક સાંસ્કૃતિક આંદોલન બની ગઈ છે, જેમાં ગુજરાતના યુવાઓ સહિત સૌ કોઈ ઉત્સાહથી જોડાઈ રહ્યા છે.

# વિકાસ સાથે વિરાસતનું સંવર્ધન એ જ સાચો માર્ગ: મુખ્યમંત્રી

### વિસનગર ખાતે યોજાયેલી 'આજની ઘડી તે રળીયામણી' ભજન સંધ્યામાં મુખ્યમંત્રી,મંત્રી મુળુભાઈ બેરા, મંત્રી ઋષિકેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો સાથે ઉપસ્થિત રહ્યા





**અબતક, રાજકોટ**

વિસનગર ખાતે રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા 'આજની ઘડી તે રળીયામણી' ભજન સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંત્રી મુળુભાઈ બેરા, મંત્રી ઋષિકેશભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો સાથે ઉપસ્થિત રહ્યા હતા.મુખ્યમંત્રીએ આ અવસરે ભજન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ભજન મંડળીઓને પુરસ્કૃત કરીને સન્માનિત કર્યા હતા અને તેમને સંસ્કૃતિના સંરક્ષણ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભજન-ભક્તિ આપણી સદીઓ જૂની સાંસ્કૃતિક વિરાસત છે. તેને સાચવી રાખવી એ આપણું સંસ્કાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના 'વિકાસ ભી, વિરાસત ભી' ધ્યેયમંત્રને સાકાર કરવા માટે આપણે સૌએ સંસ્કૃતિ અને વિકાસ બંનેને સમાન મહત્વ આપવું જરૂરી છે.તેમણે સૌને 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના વિચારને આત્મસાત કરીને આત્મનિર્ભર ભારતથી વિકસિત ભારત બનાવવાની યાત્રામાં સહભાગી થવાનું આહ્વાન પણ કર્યું હતું.આ કાર્યક્રમમાં ભજન, ભક્તિ અને સંસ્કૃતિના સુમેળ સાથે શ્રોતાઓએ ભાવનાત્મક માહોલમાં કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

તેમણે સૌને 'હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી'ના વિચારને આત્મસાત કરવા અને આત્મનિર્ભર ભારત તરફના વિકાસ યાત્રામાં સહભાગી થવા માટે પ્રેરણા આપી. મુખ્યમંત્રીશ્રીએ ભજનના મહત્વની સાથે યુવા પેઢીને પણ આ પરંપરા જાળવવા અને આગળ લઈ જવાની મહત્વની ભૂમિકા નિભાવવાની સલાહ આપી.

કાર્યક્રમમાં ભજન, ભક્તિ અને સંસ્કૃતિના સુમેળ સાથે દર્શકો માટે સંગીત અને નાટ્યાત્મક પ્રસ્તુતિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેને સૌએ ઉત્સાહભેર જોઈને પ્રશંસા આપી. કાર્યક્રમમાં બાળકો અને યુવાનોના ભાગ લેવામાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો, જેના કારણે ભજન સંધ્યાનો અનુભવ માત્ર સાંસ્કૃતિક જ નહીં, પરંતુ સમુદાય અને યુવા પેઢીને જોડતો કાર્યક્રમ પણ બની ગયો હતો.

# જીવમાત્રની સેવા તે જ જીવનની જીવંતતા: નમ્રમૂનિ

### મંત્રી કપિલજી મિશ્રા, બરોડાના કાર્પોરેટર નીતીનજી ડોંગા, નરવીરસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં ઘાયલ પશુઓ માટેની એમ્બ્યુલન્સ અર્પણતાનો સમારોહ યોજાયો



**અબતક,રાજકોટક**

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અંતરની કરુણા ભાવના ચાર પૈડાની લાઈફલાઈન બનીને મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, બેંગ્લોર જેવા અનેક ક્ષેત્રોમાં દિવસ અને રાત દોડીને હજારો ઘાયલ-બીમાર વેદનાગ્રસ્ત પશુ -પંખીઓને શાતા પમાડી રહી છે ત્યારે એવી જ બીજી બે લાઈફલાઈન અર્હમ એનિમલ એમ્બ્યુલન્સની અર્પણતા મહાનગર દિલ્હી અને બરોડાના હજારો અબોલ જીવો માટે કરવાનો સમારોહ બંને શહેરોમાં યોજાયો હતો.

ઉલ્લેખનીય છે કે ઘાયલ થયેલાં, લોહીથી લથપથ, બીમાર અને દર્દથી કણસતાં એવા અબોલ પશુ-પંખીને તાત્કાલિક સારવાર આપીને એમને વેદનામુક્ત કરવા માટે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણાથી છેલ્લાં બે વર્ષથી અનેક ક્ષેત્રોમાં દોડી રહેલી ૨૬થી વધુ અર્હમ એનિમલ એમ્બ્યુલન્સના માધ્યમે દરરોજના સેંકડો અને આજ સુધી ૧,૧૩,૦૦૦થી વધુ અબોલ જીવોની તાત્કાલિક સારવાર અને ઈલાજ કરીને એમને નવજીવન અને શાતા પમાડવામાં આવી છે ત્યારે દિલ્હી અને બરોડા શહેરના અબોલ જીવો માટે પણ આવી એક - એક એનિમલ એમ્બ્યુલન્સની અર્પણતાનો સમારોહ યોજાયો હતો.

અર્હમ યુવા સેવા ગ્રુપ દિલ્હીના ઉપક્રમે, હસુમતીબેન પોપટલાલ ધોળકિયા પરિવાર- દિલીપભાઈ ધોળકિયાના સહયોગે અર્પણ કરવામાં આવેલી આ એનિમલ એમ્બ્યુલન્સના ઈનોગરેશનનો અવસર દિલ્હી સરકારના મિનિસ્ટર કપિલજી મિશ્રા, દિલ્હી પ્રદેશ મંત્રી સારિકાજી જૈન, અશોકજી ગોયલ, રેનુજી અગ્રવાલ આદિ અનેક

(અનુ. આઠમા પાને)

# વિકાસ માટેના સંકલ્પથી નવી દિશા તરફ આગળ વધવા માટેનો અવસર: મંત્રી ભાનુબેન બાબરીયા



### વિકાસ સપ્તાહ અંતર્ગત સોનગઢ ખાતે મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે લાભાર્થીઓને સનદનું વિતરણ

**અબતક, આનંદ રાણા, સિહોર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સુશાસનના ૨૪ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતની સાથે ભાવનગર જિલ્લામાં 'વિકાસ સપ્તાહની' ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત આજે શિહોર તાલુકાના સોનગઢ ગામે જિલ્લાના પ્રભારી તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને 'વિકાસ સપ્તાહ'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમા મંત્રીના વરદહસ્તે શિહોર તાલુકાના ૫૬ જેટલાં વિવિધ ગામો માટે રૂ.૧૮૧.૫૬ લાખના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા. ૭ ઓક્ટોબર,૨૦૦૧ના દિવસે પ્રથમ વખત શપથ લીધાં હતા. તેમની લોકસેવાની યાત્રાને ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે એ અવસરે સમગ્ર ગુજરાતમાં વિકાસ સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ એક ઉજવણીનું પર્વ નથી પરંતુ આપણાં રાષ્ટ્ર અને રાજ્યના સર્વાંગી વિકાસ માટેના

(અનુ. આઠમા પાને)

# ગુજરાત મેટ્રો રેલ બની ગતિ અને પ્રગતિનું પ્રતિક: ૧૦ કરોડથી વધુ નાગરિકોએ કરી સફર

## અમદાવાદથી ગાંધીનગર સુધીનો ૬૮ કિ.મી.નો રૂટ ૫૪ સ્ટેશનો સાથે પૂર્ણ રૂ૫ થી રૂ ૪૦ સુધીના ભાડે રોજ ૧.૫ લાખથી વધુ મુસાફરોની આરામદાયક અને સુરક્ષિત અને સમયસર સફર

**અમદાવાદમાં દૈનિક સરેરાશ ૩૫ હજાર મુસાફરોથી શરૂ થયેલી સંખ્યા આજે વધીને ૧.૫ લાખ સુધી પહોંચી**

**અબતક, રાજકોટ**

આજનું ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસ માટે જ નહીં,પણ અદ્યતન માળખાગત સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ તરીકે ઊભરી રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ ગુજરાતની પ્રગતિની જીવંત સાબિતી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વમાં આ પ્રોજેક્ટ અમદાવાદ, ગાંધીનગર અને સુરત જેવા મહાનગરોમાં લાખો નાગરિકોના રોજિંદા જીવનને વધુ સરળ બનાવે છે.

સમયની સાથે કદમ મિલાવતું ગુજરાત, વિકસિત ભારતના સંકલ્પનું સાકાર સ્વરૂપ બનીને ઊભરી રહ્યું છે. ગુજરાત હવે માત્ર ઔદ્યોગિક વિકાસ માટે જ નહીં, પરંતુ અદ્યતન માળખાગત સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ તરીકે ઓળખાય છે. આ પ્રગતિની જીવંત સાબિતી છે - ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ.

અમદાવાદ મેટ્રોની સફર વર્ષ ૨૦૨૫માં નવા આયામો સર કરી રહી છે. શરૂઆતમાં જ્યાં દિવસના સરેરાશ ૩૫ હજાર મુસાફરો મુસાફરી કરતા હતા, તે આંકડો આજે વધીને ૧.૫ લાખ સુધી પહોંચ્યો છે. અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ ૧૦.૩૮ કરોડ નાગરીકોએ મુસાફરી કરી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનએ ૯૯.૮૪ ટકા સમયસર સેવા આપીને મુસાફરોનો વિશ્વાસ જીત્યો છે.

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો નવેમ્બર ૨૦૧૪માં મંજૂર થયો હતો. માર્ચ ૨૦૧૯માં વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધી ૬.૫ કિમીનો પ્રથમ ભાગ શરૂ થતાં અમદાવાદના નગરજનોને નવી સફરની શરૂઆત મળી. વર્ષ ૨૦૨૨માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૩૨ કિમીની લાઈનનું લોકાર્પણ થતાં મેટ્રો અમદાવાદ શહેરના ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ ભાગને જોડતી લાઈન શરૂ થઈ હતી.

બીજા તબક્કામાં ગુજરાતના પાટનગર ગાંધીનગર અને આર્થિક પાટનગર અમદાવાદને જોડતો કુલ ૨૮.૨ કિમીનો રૂટ તૈયાર કરવામાં આવ્યો છે. મોટેરાથી સેક્ટર-૧ અને ગિફ્ટ સિટી સુધીનો ભાગ સપ્ટેમ્બર ૨૦૨૪માં શરૂ થયો જયારે સચિવાલય સુધીનો ભાગ એપ્રિલ ૨૦૨૫માં ખુલ્લો મુકાયો છે. ટૂંક સમયમાં અમદાવાદથી મહાત્મા મંદિર સુધીનો રૂટ સંપૂર્ણ કાર્યરત થતાં કુલ ૬૮ કિ.મી.ના રૂટ પરના ૫૪ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.

મેટ્રોનું ભાડું માત્ર ₹૦૫ થી ₹૪૦ સુધીનું રાખવામાં આવ્યું છે. દૈનિક મુસાફર માટે પ્રતિ કિલોમીટર સરેરાશ રૂ. ૧ ના ભાડે સફર કરાવતી મેટ્રો સામાન્ય માણસ માટે ખરેખર બજેટ-ફ્રેન્ડલી મુસાફરી બની ગઈ છે.

મેટ્રો સ્ટેશનો માત્ર મુસાફરીના સ્થળ નથી એ ગુજરાતની સંસ્કૃતિ અને વારસાનું જીવંત પ્રદર્શન છે. દિવાલો પરના ચિત્રો, આર્ટ ઈન્સ્ટોલેશન અને કલા-સજાવટ મુસાફરીને વધુ આનંદદાયક બનાવે છે. દરેક સ્ટેશન એક મિની આર્ટ ગેલેરીની અનુભૂતિ આપે છે.



દિવ્યાંગજન માટે ખાસ રેમ્પ, લિફ્ટ, ટેકટાઈલ ફ્લોરિંગ અને આરામદાયક મુસાફરીની વ્યવસ્થા કરીને મેટ્રો સમાવેશી વિકાસનું પ્રતિક બની છે.

મુસાફરોની સુરક્ષા માટે મેટ્રો ટ્રેનોમાં કમ્યુનીકેશન

(અનુ. આઠમા પાને)

# કોટડાસાંગાણીના રામોદ ગામે એગ્રો સેન્ટરમાંથી રૂ.૧.૪૧ લાખના રોકડની ચોરી: તસ્કર ટોળકી ઝબ્બે

## વૃદ્ધ વેપારી લઘુશંકા જતાં ગણતરીની મિનિટોમાં જ ગારિયાધાર પંથકની ગેંગએ ટેબલનો લોક તોડી ખેલ પાડી દીધો

## રૂરલ એલસીબી ટીમે સીસીટીવી ફૂટેજના આધારે ચાર શખ્સોને ઝડપી તમામ મુદ્દામાલ રિકવર કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામે એગ્રો સેન્ટરમાંથી રૂ. ૧.૪૧ લાખની રોકડની ચોરીનો બનાવ સામે આવ્યો છે. ખડ બાળવાની પડીકી લેવા આવેલા શખ્સ આણી ટોળકીએ ગણતરીની મિનિટોમાં જ ટેબલનો લોક તોડી ખેલ નાખી દઈ ફરાર થઈ ગઈ હતી. બનાવને પગલે એલસીબી ટીમે ગણતરીની કલાકોમાં જ ગારિયાધાર પંથકની તસ્કર ટોળકીને દબોચી લઈ ચોરીમાં ગયેલ તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો હતો.

બનાવ અંગે કોટડાસાંગાણી તાલુકાના રામોદ ગામે રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ વેપારી કીશોરભાઈ હરીભાઈ ઉકાણીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું એગ્રીબીજનેસ સેન્ટર નામની દુકાન ધરાવી વેપાર કરું છું. ગત તા. ૧૧-૧૦-૨૦૨૫ ના રોજ બપોરના પોણા બારેક વાગ્યાની આસપાસ હું તથા અમારા ગામના મનોજભાઈ કરમશીભાઈ શેખડા, અમીતભાઈ ધીરૂભાઈ ઉધાડ, મુકેશભાઈ બાવાભાઈ પડાળીયા રામોદ ગામે સરકારી મંડળી ચોકમાં આવેલ મારી એગ્રીબીજનેસ સેન્ટર નામની દુકાને બેઠેલ હતા. ત્યારે એક મજબુત બાંધાનો તથા આશરે પાંચક ફુટ જેટલી ઉંચાઈ ધરાવતો અજાણ્યો શખ્સ મારી દુકાને આવેલ અને કહેલ કે, ખેતરમાં ઉગેલ ખડ બાળવાની પડીકી હોય તો મને આપો. જેથી મેં એક પડીકી આપેલ જેના બદલામાં તેણે મને રૂ. ૫૦૦ આપેલ હતા. જેથી મેં રૂ.૪૫૦ પરત આપી દીધેલ હતા. બાદમાં તેણે વધુ એક પડીકી માંગતા મે તેણે ખડ બાળવાની વધુ એક પડીકી આપેલ હતી અને તે પડીકી લઈને રૂપિયા આપી અજાણ્યો શખ્સ ચાલ્યો ગયો હતો. બાદમાં



મનોજભાઈ, અમીતભાઈ તથા મુકેશભાઈ થોડીવાર મારી દુકાને બેઠા પછી પોતાના ઘરે જતા રહેલ હતા. બપોરના સવા બાર વાગ્યાની આસપાસ હું મારી દુકાન ખુલ્લી મુકીને ગ્રામ પંચાયતના ખાચામાં બાથરૂમ કરવા ગયેલ હતો. બાથરૂમ કરીને દુકાને પરત આવતા પંદર મિનિટ પૂર્વે ખડ બાળવાની પડીકી લેવા આવેલ શખ્સ ફરી પાછો મારી દુકાન અંદર આવીને ઉભો હતો. જેથી મેં કહેલ કે, તું શું ફરીથી પાછુ લેવા આવ્યો છો? તો અજાણ્યા શખ્સે પોતાના મોબાઈલ ફોનમાં એક દવાનો ફોટો બતાવી પૂછેલુ કે, આ દવા તમારી દુકાને છે? તો મેં મોબાઈલમાં ફોટો જોઈને કહેલ કે, આ દવા મારી પાસે નથી, તું બાજુની એગ્રોની દુકાનમાં તપાસ કરી લે. જેથી અજાણ્યો શખ્સ દુકાનેથી ઝડપથી જતો રહેલ હતો. બાદ હું દુકાન બંધ કરીને ઘરે જમવા માટે જવા નીકળ્યો હતો. ત્યારે મે મારી દુકાનમાં ગુજરાત રાજ્ય બીજ નિગમ સબસીડીથી જીરૂ અને ચણાના બિયારણના વિતરણના વેચાણના આવેલ રોકડ રૂપીયા મારી દુકાનના ટેબલના ખાનામાં મુકેલ હતા. તે રૂપીયા લેવા જતા ટેબલનું ખાનું ખોલતા ટેબલના ખાનાના લોક તુટેલી હાલતમાં જોવા મળ્યો હતો. બાદ ખાનામાં તપાસ કરતા રોકડ રૂ.૧,૪૧,૬૦૦ મળી આવ્યા ન હતા. બાદમાં વૃદ્ધે આજુબાજુમાં પડીકી લેવા આવેલ અજાણ્યા શખ્સની તપાસ કરતા તે મળી નહિ આવતા અંતે કોટડાસાંગાણી પોલિસ મથકમાં રોકડ ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. બનાવને પગલે કોટડા સાંગાણી પોલીસ મથક તથા એલસીબીની ટીમો દ્વારા તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. દરમિયાન એલસીબી પીઆઈ વી વી ઓડેદરા અને પીએસઆઈ એચ સી ગોહિલની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે ગણતરીની કલાકોમાં જ તસ્કર ટોળકીને ઝડપી પાડ્યા હતા. એલસીબીની ટીમે વીકી વેલસી સેખલીયા, મહેશ ઉર્ફે મયલો મગન સોલંકી, વિજય મનુ સોલંકી અને સાગર મધુ સોલંકી (તમામ રહે. આબધા ગામ, ગારીયાધાર, ભાવનગર)ને પકડી પાડી ચોરીમાં ગયેલ રૂ. ૧,૪૧,૬૦૦ ની રોકડ ઉપરાંત સ્વીફ્ટ કાર સહિતનો મુદ્દામાલ કબજે કરી કોટડા સાંગાણી પોલીસના હવાલે કર્યા હતા.

# સામખીયાળી ટોલ પ્લાઝા પર કારમાંથી રૂ.૬.૧૪ લાખનો દારૂ સાથે એક પકડાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ બાજુથી આવતી કારમાં દારૂ હોવાની પૂર્વ બાતમીના આધારે સામખિયાળી પોલીસે સામખિયાળી ટોલ પ્લાઝા ઉપર વોચ ગોઠવી હતી, તેવામાં બાતમીવાળી કાર આવતાં આડશ મૂકી આ વાહનને રોકાવી તેની તલાશી લેવામાં આવી હતી. કારમાં વચ્ચે તથા ડિક્કીમાંથી દારૂ નીકળતાં ચાલક પ્રેમ પ્રકાશ ગિરધારીરામ જાટ (ભાંભુ)ને પકડી લેવાયો હતો, તેને આ દારૂ રાજસ્થાનના ગણેશ ચેતનરામ મેઘવાળે વરસામેડી એરપોર્ટ ચોકડીથી ૧૦ કિ.મી. આગળ આપી ગયો હતો અને દારૂ



જામનગર પહોંચાડવાનો હતો તેમજ ત્યાં પહોંચ્યા બાદ કોને આપવો તે માટે ગણેશને ફોન કરવાનો હતો, પરંતુ તે પહેલાં તેને પોલીસે પકડી પાડયો હતો. આ એક્સયુવી કાર જીજે-૨૭-સીએમ-૪૫૬૨માંથી રોયલ સ્ટેગ ૭૫૦ મિલીની ૧૦૮, રોયલ ચેલેન્જની ૭૫૦ મિલીની ૬૦, ૮પીએમ રેરની ૭૫૦ મિલીની ૧૨૦ બોટલ તથા ૮પીએમ રેરના ૧૮૦ એમએલના ૯૬૦ ક્વાર્ટરિયા એમ કુલ રૂા. ૬,૧૪,૪૦૦નો દારૂ, કાર અને મોબાઈલ સહિત કુલ ૧૨,૧૯,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

# થાન: વૃદ્ધ વેપારી અને ભત્રીજા પર હુમલો

## જમીનના મામલે તલવાર, પાઈપ સહિતના હથિયારો વડે આઠ શખ્સોએ મારમાર્યો: ફાયરિંગની ચર્ચાઓ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન શહેરી વિસ્તારમાં મોડી રાત્રે રહેણાંક વિસ્તારમાં રહેતાં વેપારી કાકા અને ભત્રીજા પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલાનો બનાવ બન્યો હતો જેમાં વૃદ્ધ વેપારીને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



આ અંગે સૂત્રો પાસે થી મળતી માહિતી મુજબ થાન ધોળેશ્વર શાળા નંબર ૦૨ સામે દરબારગઢ શેરીમાં મોડી રાત્રે ૦૮ થી ૧૦ અસામાજીક તત્વો તલવાર, લોખંડના પાઈપ સહિતના હથિયારો વડે દોડી આવ્યા હતા અને આધેડ વેપારી ધીરજલાલ હરિભાઈ ભરાડ, ઉંમર વર્ષ ૭૮ પર જીવલેણ હુમલો કર્યો હતો તેમજ એક થી બે રાઉન્ડ ફાયરિંગ પણ કર્યા હોવાનું પણ સામે આવ્યું હતું. જેમાં વૃદ્ધ વેપારી ધીરજલાલ ભરાડને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે પ્રથમ થાન અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે વેપારીના ભત્રીજા દીપેન ચંદ્રકાંતભાઈ ભરાડ, ઉંમર વર્ષ ૨૮ વાળાને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ બનાવને પગલે મુતા, થાન પીઆઈ, પીએસઆઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જ્યારે પ્રાથમિક તપાસમાં જમીન બાબતના મનદુઃખમાં જીવલેણ હુમલો કર્યો હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. આ બનાવ અંગે થાન પોલીસે ફરિયાદની તજવીજ હાથ ધરી છે.


# લખતર: મફતિયાપરામાં અવાર નવાર ચોરીના બનાવથી લતાવાસીઓ ત્રસ્ત

## તસ્કરોને ઝડપી પાડવા તેમજ પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ સાથે તંત્રને રજૂઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતરના મફતિયાપરા વિસ્તારમાં ત્રણ દિવસ પહેલા ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો. જે મામલે પોલીસ દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા સ્થાનિકોએ રેલી યોજી પોલીસ મથકે ઉગ્ર રજૂઆત કરી હતી અને પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી હતી.

લખતરના મફતિયાપરા વિસ્તારમાં પરિવારો વસવાટ કરે છે અને મોટાભાગના લોકો વહેલી સવારે મજૂરી કામ માટે ઘરે થી નીકળી જાય છે ત્યારે આ સમયગાળા દરમિયાન આ વિસ્તારમાં લોકોની અવર જવર ઓછી રહે છે અને બાળકો પણ સ્કૂલે હોય છે ત્યારે આ તકનો લાભ લઈ તસ્કરો બંધ મકાનને ટાર્ગેટ બનાવી રહ્યા છે. જેમા થોડા દિવસો પહેલા આ વિસ્તારના એક બંધ મકાનમાં તસ્કરો દ્વારા ચોરીનો બનાવ બન્યો હતો અને રોકડ સહિત મકાનમાં રહેલ દાગીનાની ચોરી કરી નાશી છુટયા હતા. જે મામલે સ્થાનિક પોલીસ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં નહી આવતા સ્થાનિક મહિલાઓ અને રહીશો પોલીસ મથકે ઉમટી પડ્યા હતા



અને આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ હાથ ધરવા તેમજ નવો પોલીસ પોઈન્ટ ફાળવવા રેલી યોજી ઉગ્ર રજૂઆત કરી હતી તેમજ તસ્કરોને પણ ઝડપી પાડવાની માંગ કરી હતી.

# સુરેન્દ્રનગર: બીલવગરના ૧૧૦ મોબાઈલ સાથે યુવક ઝડપાયો

## પોલીસે રૂ. ૯૭૨૦૦નો મુદામાલ કબ્જે કરી તપાસ આદરી

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર અને વઢવાણ સહિતના શહેરી વિસ્તારોમાં આવેલ અમુક મોબાઈલની દુકાનોમાં બીલ વગરના તેમજ અલગ અલગ કંપનીના ડુપ્લીકેટ મોબાઈલ રાખી તેનું ગ્રાહકોને ગેરકાયદેસર વેચાણ કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ અંગે પોલીસ સુત્રો પાસે થી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન બાતમીના આધારે શહેરની મધ્યમાં આવેલ વૈધના ઉતારા પાસે આવેલ કે.કે. મોબાઈલ નામની દુકાનમાં રેઈડ કરી કિર્તનભાઈ રાજેન્દ્રકુમાર સંઘવી, ઉંમર વર્ષ ૪૦ રહે. ૮૦ ફૂટ રોડ વઢવાણ વાળાને અલગ અલગ કંપનીના બીલ વગરના તેમજ ડુપ્લીકેટ મોબાઈલ નંગ ૧૧૦,



કિંમત રૂ.૯૭,૨૦૦ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. જ્યારે ઝડપાયેલ શખ્સની વધુ પુછપરછ કરતા ઝડપાયેલ મોબાઈલના આધાર પુરાવા કે બીલ રજૂ કર્યા નહોતા. આથી તમામ મોબાઈલ ચોરીના હોવાનું જણાઈ આવતા શખ્સની અટકાયત કરી ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલ શખ્સની પુછપરછ દરમિયાન વધુ મોબાઈલ ચોરીની પોલીસને શક્યતાઓ સેવાઈ રહી છે. જ્યારે શહેરી વિસ્તારમાંથી શંકાસ્પદ મોબાઈલ સાથે એક શખ્સ ઝડપાતા અન્ય મોબાઈલના દુકાનદારો સહિત મોબાઈલની લે વેચ કરતા શખ્સોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# ધ્રાંગધ્રાના સોલડી ગામે યુવાનની હત્યામાં આરોપીને આજીવન કેદ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામે વર્ષ ૨૦૨૩માં ૧૯ વર્ષીય યુવાનની છરીના ઘા ઝીંકીને હત્યા કર્યાનો બનાવ બન્યો હતો. આ કેસમાં ધ્રાંગધ્રા એડીશનલ સેશન્સ કોર્ટે આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી ન્યાય કર્યો છે.ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ગામે રહેતા મહેશભાઈ ધીરૂભાઈ ઉપસરીયા વર્ષ ૨૦૨૩માં સોલડી ગામે રહેતા અને ખેતમજુરી કરતા હતા તેમના નાના ભાઈ મેહુલને સાથે લઈને તા.૧૩-૬-૨૩ના રોજ સાંજે તેઓ સોલડી ગામે ખરીદી કરવા ગયા હતા મેહુલને અગાઉ સોલડીના લગધીર ઉર્ફે ગડી લખમણભાઈ ગોહિલે અપશબ્દો કહ્યા હતા આ વાતનું મનદુઃખ રાખીને મહેશભાઈ દુકાને ખરીદી કરવા ગયા હતા અને મેહુલ બાઈક પાસે ઉભો હતો ત્યારે લગધીરે આવી મેહુલના કપાળે, પેટના ભાગે અને પડખાના ભાગે છરીના ઘા ઝીંકયા હતા આ સમયે મહેશભાઈ દોડીને વચ્ચે પડતા લગધીર છરી લઈને તેઓને પણ મારવા દોડતા મહેશભાઈ શેરીઓમાં નાસ્યા હતા આ બનાવમાં લોહીલુહાણ હાલતમાં મેહુલભાઈને સારવાર માટે ધ્રાંગધ્રાની શ્રીજી હોસ્પિટલ લઈ જવાતા તબીબોએ તેઓને મૃત જાહેર કર્યા હતા આથી પોલીસે લાશને ધ્રાંગધ્રા સરકારી દવાખાને પીએમ માટે મોકલી વધુ કાર્યવાહી હાથ ધરી હતી જેમાં મૃતકના ભાઈ મહેશભાઈએ તા. ૧૫-૬-૨૩ના રોજ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે લગધીર ગોહીલ, ભરત ઉર્ફે ભગો તળશીભાઈ રહેવર અને એક અજાણ્યા શખ્સ સામે હત્યાની ફરિયાદ નોંધાવી હતી. આ કેસની પોલીસ તપાસમાં બનાવ સમયે ભરત રહેવર હાજર હતો નહીં અને તે કામ અર્થે બહારગામ ગયો હતો જે કોલ ડિટેઈલ અને સાહેદોના નિવેદન પરથી ફલીત થતા લગધીર ગોહીલ સામે ચાર્જશીટ કોર્ટમાં ફાઈલ થઈ હતી આ અંગેનો કેસ તા. ૯-૧૦-૨૫ના રોજ ધ્રાંગધ્રા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો જેમાં સરકારી વકીલ વી.એચ.ભટ્ટ, પી.બી. મકવાણાની દલીલો અને પુરાવાને ધ્યાને રાખી જજ એમ.પી.ચૌધરીએ આરોપી લગધીર ગોહીલને આજીવન કારાવાસની સજા ફટકારી ન્યાય કર્યો છે.

## ચોટીલા સાંગડી ગામ પાસે આધેડનું શંકાસ્પદ હાલતમાં મોત

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લામાં દિવસે અને દિવસે અકસ્માતે મોતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે ચોટીલા સાંગડી ગામ પાસે અજાણ્યા પુરુષ નું બેભાન હાલતમાં પડેલ જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અજાણ્યા પુરુષની લાશની ઓળખ અને મૃત્યુનું કારણ જાણવા પોલીસે તપાસ હાથધરી છે આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના સાંગડી ગામ પાસે અજાણ્યો પુરુષ ઉંમર વર્ષ આશરે ૫૦ વર્ષીય આધેડ બેભાન હાલતમાં પડેલો હોય ૧૦૮ મારફતે પ્રથમ સારવાર ચોટીલા સિવિલ હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેમાં સારવાર મળે તે પહેલાં તબીબોએ અજાણ્યા આધેડને મૃત જાહેર કર્યો હતો.

# ધ્રાંગધ્રાના રામપરા ગામેથી દેશી દારૂની ભઠ્ઠી પકડાઇ

## કુલ ૭૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત: બુટલેગર ફરાર

**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રામપરા ગામની સીમમાં જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)એ દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો પડી આ કાર્યવાહીમાં કુલ ૭૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. એલસીબી સ્ટાફ ધ્રાંગધ્રા તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન, રામપરાથી લીયા ગામ તરફ જતા માર્ગે આવેલી મયૂરસિંહ અખુભા ઝાલાની વાડીમાં દેશી દારૂની ભઠ્ઠી ચાલતી હોવાની બાતમી મળી હતી બાતમીના આધારે, એલસીબી ટીમના પ્રતાપસિંહ રાઠોડ અને અસલમખાન મલેક સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો દરોડા દરમિયાન, પોલીસે ૧૫૦૦ લિટર દેશી દારૂ બનાવવાનો આથો (કિંમત રૂ.૩૭,૫૦૦) અને ૧૬૫ લિટર દેશી દારૂ (કિંમત રૂ.૩૩,૦૦૦) જપ્ત કર્યો હતો આ ઉપરાંત, બે ભઠ્ઠીઓ (કિંમત રૂ.૨,૦૦૦), બે ફુકણીઓ (કિંમત રૂ.૧,૦૦૦), એક બેટરી (કિંમત રૂ.૩,૦૦૦) અને એક ઈલેક્ટ્રિક મોટર (કિંમત રૂ.૨,૦૦૦) પણ જપ્ત કરવામાં



આવી હતી. જપ્ત કરાયેલા કુલ મુદ્દામાલની કિંમત રૂ.૭૮,૫૦૦ આંકવામાં આવી છે. દરોડા સમયે મયૂરસિંહ અખુભા ઝાલા (રહે. રામપરા) હાજર મળી આવ્યા ન હતા.

# ધ્રાંગધ્રા: રિક્ષામાંથી શંકાસ્પદ તેલના જથ્થા સાથે બે ઝડપાયા

## પચ્ચીસ તેલના કેરબા અને વાહન મળી રૂ.૧.૨૫ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા હાઈવે કલ્પના ચોકડી પરથી શંકાસ્પદ તેલના જથ્થા સાથે બે શખ્સોને ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ઝડપી પાડ્યા હતા પોલીસે ૨૫ કેરબા શંકાસ્પદ સોયાબીન અને પામોલિન તેલ સહિત રૂ. ૧ લાખ ૨૫ હજાર ૭૫૦નો મુદ્દામાલ ઝડપી ને ઝડપી ને વધુ કાર્યવાહી હાથ ધરી હતી

ધ્રાંગધ્રા હાઈવે પર અગાઉ પણ લોખંડના સળિયા, કેમિકલ અને ડીઝલ સહિતની શંકાસ્પદ ચીજવસ્તુઓ ઝડપાઈ છે ત્યારે ધ્રાંગધ્રા ના કુડા ચોકડી નજીકથી બે ઈસમો રિક્ષામાં શંકાસ્પદ પ્રવાહીનો જથ્થો લઈને સુરેન્દ્રનગર જતા



હોવાની તાલુકા પોલીસને બાતમી મળી હતી જે બાદ પોલીસની ટીમે શંકાસ્પદ રીક્ષાને અટકાવીને તપાસ હાથ ધરી હતી. તપાસ કરતા પ્રવાહી ભરેલા ૨૫ કેરબા મળ્યા હતા જેમાં કેરબાની તપાસ કરતા અંદર સોયાબિન અને પામોલિન તેલ ભરેલું હતું, પોલીસે આશરે ૫૦૦ લિટર શંકાસ્પદ તેલનો જથ્થો જપ્ત કર્યો છે રિક્ષા સહિત ૧,૨૫,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે પોલીસે અમજદભાઈ ભથાણીયા અને મુકેશભાઈ મહેશ્વરીને ઝડપીને ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ઉના: વૃધ્ધા પર શેઢા પાડોશીનો હુમલો

## ઘાસચારો ખેતરમાં ન નાખવાના મામલે ચાર શખ્સોએ મારમાર્યો

**અબતક, ઉના**

ઊના શહેરમાં ભાવનગર રોડ ઉપર હરભોલે હોટલ પાછળ વાડી વિસ્તારમાં ખેતરમાં રહેતા શાંતાબેન અરજણભાઈ મૂળજીભાઈ વાઘેલા ઉ. વ. ૭૮ રે. ઊના વાળા ખેતર માં કામ કરતા હતા ત્યારે તેની બાજુ માં એક શેઢે આવેલ ખેતર માં રહેતા પ્રવીણ ભાઈ લક્ષ્મણ ભાઈ વાઘેલા, તેનો પુત્ર અક્ષય પ્રવીણ. પત્ની શિલ્પા બેન પ્રવીણ, દીકરી કાજલ પ્રવીણ રે. ઊના વાળા પોતાના ખેતર માંથી ખડ વાઢી ખડ માજી ના ખેતર માં નાખતા હોય તેમણે ખડ નાખવાની ના પાડી ખડ લઈ લેવા કહેતા આરોપી ઓ ઉશ્કેરાઈ જઈ ભૂંડી ગાળો આપી ઢીકા પાટુ નો માર મારી આરોપી ૧એ દાતરડા ના હાથા વડે મહિલા ના હાથ ઉપર હુમલો કરી આરોપી ૨એ લાકડી વડે માર મારી ઈજાઓ કરી આરોપી ૩અને ૪ ઢીકાપાટું નો માર મારી નાસી ગયા હતા અને મહિલા ને હાથ ના કાંડા માં ફ્રેકચર અને પગ માં મુંઢ ઈજાઓ આવતા હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં ચાર આરોપી ઓ સામે ઊના પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ઉના: બોલેરોની હડફેટે રાહદારીનું મોત

**અબતક, ઉના**

ઊના શહેર નેશનલ હાઈવે રોડ ઉપર આવેલ મછુન્દ્રિના પુલ ઉપર મૂળ ઊનાના વતની અને હાલ દિલ્હી મંડી બજારમાં છૂટક કપડાની ફેરી કરતા કાન્તિભાઈ નરશીભાઈ પરમાર ઉ.વ.૫૦ સુરત રહેતા તેમના પત્ની અને દીકરાને મળી ઊના સવારે આવેલા અને પગ પાળા ચાલીને ચાચકવડ ગામે રહેતા બહેન અને બનેવી નાનજી ભાઈ અરજણ ભાઈના ઘરે મળવા જતા હતા ત્યારે મછુન્દ્રિના પુલ ઉપર પહોંચેલ ત્યારે એક બોલેરો ગાડી નંબર GJ 32 T 8550 ના ચાલકે પુર ઝડપે ચલાવી કાન્તિ ભાઈ ને પાછળ થી હડફેટે રોડ ઉપર પછાડી ગંભીર ઈજાઓને કારણે બેભાન થઈ ગયેલ બોલેરો ચાલક નાસી છૂટ્યો હતો અને તેમના સમાજ ના લોકો ભેગા થઈ ગયા હતા અને ઊના સરકારી હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. પોલીસે ને જાણ કરતા પોલીસે ગુનો નોંધી આરોપી ને પકડવા તજવીજ શરૂ કરી છે. સુરત તેમના પત્ની અને દીકરાને પણ જાણ કરી હતી તે ઊના આવવા નીકળી ગયા છે . તેમના પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

# ઉના: વોન્ટેડ હત્યારો હૈદરાબાદથી પકડાયો

**અબતક, ઉના**

મૂળ ઊના શહેરમાં રહેતો નિલેશ અનિલભાઈ ખોરાસી ઉ. વ. ૩૬ સામે ભાવનગર જીલ્લા ના મહુવા પોલીસ સ્ટેશન મા ખૂન ના ગુનો ૨૦૨૪ માં દાખલ થયેલ હતો. પોલીસે તેની ધરપકડ કરી ભાવનગર જીલ્લા જેલ માં મોકલી આપેલ ત્યાંથી નિલેશ એ વચ ગાળા ના જામીન મેળવી પેરોલ ઉપર છૂટેલ હતો. પેરોલ ની મુદત પૂરી થઈ ગયા પછી જેલ માં હાજર ના



થતા પેરોલ જંપ થયેલ હોય જેની તપાસ ચાલુ હતી. જેમાં ગીર સોમનાથ જિલ્લા ની લોકલ ક્રાઈમ બ્રાન્ચના પી. આઈ. એમ. વી. પટેલ અને પીએસઆઈ. એ. સી. સિંધવ અને પેરોલ ફલો સ્કવોર્ડના હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરી, રવિરાજ સિંહ બારડ ને બાતમી મળી હતી કે ફરાર ખૂનના ગુનાનો આરોપી હૈદરાબાદ હોય તુરંત તેનું લોકેશન મેળવી પોલીસ હૈદરાબાદ પહોંચી ત્યાંથી નિલેશને પકડી ભાવનગર જીલ્લા જેલ માં મોકલી આપી કામગીરી કરી હતી.


### સંઘમ શરણમ ગચ્છામિ..

# શતાબ્દી ઉજવણી અને સંગઠનને લઇ કાલથી ભાગવતની મુલાકાત રાજકારણમાં ગરમાવો લાવી દેશે

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નવા પ્રદેશ પ્રમુખ વિશ્વકર્માને પણ મળશે

**અબતક, અમદાવાદ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘચાલક મોહન ભાગવત કાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવવાના છે. બે દિવસ ગુજરાતની મુલાકાતમાં અમદાવાદ ખાતે આવેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે. ગાંધીનગરના કોબા ખાતે આવેલા પ્રેક્ષા વિશ્વ ભારતી ધ્યાન કેન્દ્ર ખાતે આચાર્ય મહાશ્રમણજી સાથે પણ મુલાકાત કરશે. કોબા ખાતે જાહેર કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની નિમણૂક અને દિવાળી પહેલા સરસંઘચાલક મોહન ભાગવતની ગુજરાત મુલાકાત ખૂબ જ સૂચક માનવામાં આવી રહી



છે.શતાબ્દી ઉજવણી અને સંગઠનને લઇ કાલથી ભાગવતની મુલાકાત રાજકારણમાં ગરમાવો લાવી દેશે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસ સંઘચાલકની બે દિવસ ગુજરાત મુલાકાતમાં ૧૪ ઓક્ટોબરે બપોરે તેઓ અમદાવાદ આવી પહોંચશે. એરપોર્ટથી સીધા તેઓ અમદાવાદના સંઘ કાર્યાલય ડો. હેડગેવાર ભવન ખાતે પહોંચશે. તાજેતરમાં જ ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની નિમણૂક કરવામાં આવી છે. ભાજપમાં આગામી દિવસોમાં ખૂબ મોટા ફેરફાર થઈ શકે છે ત્યારે દિવાળી પહેલા ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક આવી રહ્યા છે અને બે દિવસ સતત બેઠકોનો દોર કરવાના છે ત્યારે ખૂબ ગુજરાતના રાજકારણમાં સંઘનું યોગદાન સૂચક માનવામાં આવી રહ્યું છે. બે દિવસ મોહન ભાગવત ગુજરાતમાં છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નવનિયુક્ત ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ પણ મુલાકાત લેશે.

ભાગવત આ ઉપરાંત એક જાહેર કાર્યક્રમમાં પણ હાજર રહેનાર છે. ખાસ કરીને ગુજરાતમાં દિવાળી પુર્વેના રાજકીય એજન્ડા ભરપુર છે અને નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્મા પણ આજથી તેમના તા.૧૭ સુધીના રાજયના પ્રવાસે છે પણ તેઓ ખાસ ગાંધીનગર પરત આવીને ડો. ભાગવતને મળશે તેવા સંકેત છે. પ્રદેશ પ્રમુખ બન્યા બાદની તેમની આ પ્રથમ મુલાકાત છે.દિવાળી પુર્વે વિશ્વકર્મા તેમનું નવું સંગઠન જાહેર કરી શકે છે તો બીજી તરફ રાજયમાં મંત્રીમંડળમાં ફેરફાર વિસ્તારની પણ ચર્ચા છે અને ભાજપના ધારાસભ્યોમાં જેમને આશા છે.

### આચાર્ય મહા શ્રવણજી સાથે મુલાકાત કરી-પ્રવચન આપશે

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસ સંઘચાલકની બે દિવસ ગુજરાત મુલાકાતમાં ૧૪ ઓક્ટોબરે બપોરે તેઓ અમદાવાદ આવી પહોંચશે. એરપોર્ટથી સીધા તેઓ અમદાવાદના સંઘ કાર્યાલય ડો. હેડગેવાર ભવન ખાતે પહોંચશે. જ્યાં બપોરે સંઘના કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે. બીજા દિવસે સવારે સાડા નવ વાગ્યે ગાંધીનગરના કોબા ખાતે આવેલા પ્રેક્ષા વિશ્વભારતી ધ્યાન કેન્દ્ર ખાતે જશે. આચાર્ય મહા શ્રવણજી સાથે મુલાકાત કરી અને પ્રવચન આપશે. બાદમાં બપોરે અમદાવાદ સંઘ કાર્યાલય ખાતે પરત ફરશે. બપોરે સંઘ કાર્યાલય ખાતે તેઓ ફરી સંઘના ઉચ્ચ હોદેદારો અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરશે.

# કુવાડવામાં સાત વર્ષની માસુમ બાળકી પર જાતીય હુમલો: હેવાન સકંજામાં

## બાળકીના ગુપ્ત ભાગે કોઈક હથિયાર વડે ઈજા પહોંચાડી, શરીરે અડપલાં કર્યા : ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાળા સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ કુવાડવા પંથકમાં એક સાત વર્ષની બાળકી પર જાતીય હુમલાની ઘટનાએ ચકચાર મચાવી છે. નજીકમાં જ રહેતા હેવાને કરેલા કુકર્મથી સર્વત્રથી ફીટકાર વરસી રહ્યો છે. દુકાને ભાગ લેવાં ઘર બહાર ગયેલ બાળકીને પોતાના ઘરે લઈ જઈ ગુપ્ત ભાગે

### દુકાને ભાગ લેવા ગયેલી બાળાને પાડોશમાં રહેતો શખ્સ પોતાના ઘરે ઉઠાવી ગયા બાદ કુકર્મને અંજામ આપ્યો

કોઈ હથીયારથી ઈજા કરી શરીરે અડપલા કર્યા હતાં. બાળકીને ગંભીર ઈજા પહોંચતા સારવારમાં રાજકોટ જનાના હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને રાઉન્ડઅપ કર્યો હતો.

બનાવ અંગે કુવાડવા વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિપુલ પ્રેમજી ગોહેલ નામના શખ્સનું નામ આપતાં કુવાડવા રોડ પોલીસે બીએનએસ એકટ ૭૪, ૭૫(૨), ૭૬ અને પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી ઘરકામની સાથે નોકરી પણ કરે છે. તેઓને સંતાનમાં સાત વર્ષની એક બાળકી છે. ગઈકાલે તેમની સાત વર્ષની બાળકી ઘરેથી બજારમાં ભાગ લેવાં માટે ગઈ હતી. જે બાદ પુત્રી મોડે સુધી ઘરે ન પહોંચતા તેણીએ પુત્રીને શોધવા બજારમાં પહોંચી હતી. પરંતુ ત્યાં પણ ક્યાંય મળી ન આવતાં તે હાંફળી- ફાંફળી થઈ ગઈ હતી. દરમિયાન તેણીના ઘરથી થોડે દુર રહેતો આરોપી દોડતો બાળકીને લઈ આવ્યો હતો અને પુત્રીને મૂકીને તુરંત જ નાસી છૂટ્યો હતો.

જે બાદ તેઓની માસૂમ બાળકી રડવા લાગી હતી. જેથી તેની પૂછતાછ કરતાં જણાવ્યું હતુ કે, તે ભાગ લેવા બજારમાં લઈ ત્યારે પડોશમાં રહેતો આરોપી તેમને ફોસલાવીને તેના ઘરે લઈ ગયો હતો અને ત્યાં લઈ જઈ ધરરાથી તેણીના ગુપ્ત ભાગે કોઈ હથીયાર કે આંગળીથી ઈજા કરી હતી. ઉપરાંત ગળાના ભાગે તથા છાતીના ભાગે પણ અડપલા કરી ઈજા પહોંચાડી હતી. બાદમાં બાળકીને ગુપ્ત ભાગ સહિતના શરીરે ગંભીર ઈજા પહોંચી હોવાથી તેમને તુરંત જનાના હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. બનાવની જાણ થતાં કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બી. પી.રજીયા અને ટીમ હોસ્પિટલે દોડી આવ્યો હતો અને બાળકીની માતાની ફરીયાદ પરથી આરોપી સામે ગુનો નોંધી રાઉન્ડઅપ કરી વધું તપાસ યથાવત રાખી હતી. માસૂમ બાળકી સાથે આરોપીએ કરેલ દુષ્કૃત્યથી લોકોએ ફિટકાર વરસાવ્યો હતો.

**કુવાડવા રોડ પોલીસ મથકમાં પોક્સો એક્ટ સહીતની કલમો હેઠળ ગુનો : નરાધમને રાઉન્ડ અપ કરી પૂછપરછનો ધમધમાટ**

# વિકાસ રથ યાત્રા થકી રાજ્યમાં પાંચ દિવસમાં રૂ.૪૮૩ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

## ગામડે-ગામડે ફરતા વિકાસ રથ દ્વારા ૨૩,૬૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૪૪.૬૭ કરોડથી વધુ સહાય વિતરણ, ૧.૭૦ લાખથી વધુ નાગરિકોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી: રાજ્યના યુવાનો, મહિલાઓ અને ખેડૂતોએ યાત્રામાં જોડાઈ પ્રગતિમાં સહભાગી બન્યા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૪ વર્ષની જનસેવાનો ઉજવણી કરવા રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ વિકાસ સપ્તાહ અંતર્ગત ગુજરાતમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના દરેક જિલ્લામાં 'વિકાસ રથ' ચલાવી, ગ્રામ્ય વિસ્તારોમાં જઈ નાગરિકોને વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

છેલ્લા પાંચ દિવસમાં રાજ્યના ૩૪ વિકાસ રથોએ ગામડે-ગામડે મુલાકાત કરી, જેમાં રાજ્યમંત્રી, સાંસદ અને ધારાસભ્ય, તેમજ ૭,૨૦૦થી વધુ સ્થાનિક પદાધિકારીઓ-અધિકારીઓ સાથે ૧,૭૨,૦૦૦થી વધુ નાગરિકો જોડાયા હતા. આ સમયમાં ૪,૭૦૦ કરતા વધુ કામોનું લોકાર્પણ અને ૪,૫૫૪ કામોના ખાતમુહૂર્ત થયાં, જે કુલ રૂ. ૪૮૩ કરોડથી વધુનો વિકાસ દર્શાવે છે.

સાથે જ, વિકાસ રથ દ્વારા ૨૩,૬૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૪૪.૬૭ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવી. ૧.૭૦ લાખથી વધુ નાગરિકોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી અને રાજ્યના યુવા, મહિલાઓ, ખેડૂતો સહિત તમામ વર્ગોને વિકાસ યાત્રામાં જોડાયું.

ગુજરાત સરકારની આ યાત્રા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા માટે પ્રત્યેક નાગરિકને પ્રેરણા આપે છે, અને રાજ્યભરના નાગરિકોએ ભાગ લઈ વિકાસ અને સુવિધાઓને પોતાના જીવન સાથે જોડવાનો ઉત્સાહ દર્શાવ્યો છે.

# એમબીએ-એમસીએની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ છતાં છ હજાર બેઠકો ખાલી રહી!

## સીમેટ સાથે ૩૬૦૨, સીમેટ વગર ૧૩૪૭૦ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો

**અબતક, અમદાવાદ**

રાજ્યની એમબીએ કોલેજોની કુલ ૧૮૧૫૫ અને એમસીએ કોલેજની ૮૯૨૦ મળી કુલ ૨૭૦૭૫ બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. સમિતિ દ્વારા જાહેર કરાયેલી આંકડાકીય વિગતો પ્રમાણે એમબીએ-એમસીએમાં સીમેટ સાથે માત્ર ૩૬૦૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા છે, જેની સામે નોન સીમેટ ૧૩૪૭૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા છે. આમ,હાલની સ્થિતિમાં એમબીએ-એમસીએમાં અંદાજે ૮ હજારથી વધારે બેઠકો ખાલી પડી છે.એમબીએ-એમસીએમાં પ્રવેશ માટે સીમેટ એટલે કે કોમન મેનેજમેન્ટ એપ્ટીટયુટ ટેસ્ટ લેવામાં આવતી હોય છે. આ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને મેરિટના આધારે એમબીએ-એમસીએ કોલેજમાં પ્રવેશ માટે લાયક ગણવામાં આવે છે. ચાલુવર્ષે પ્રવેશના ત્રણ રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. એટલે કે હાલમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી દેવામાં આવી છે. છેલ્લી આંકડાકીય વિગતો પ્રમાણે ચાલુવર્ષે સીમેટ આપીને જુદી જુદી એમબીએ-એમસીએ કોલેજમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૩૬૦૨ છે. પ્રવેશ સમિતિ દ્વારા પહેલા બે રાઉન્ડમાં સીમેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. સીમેટ આપેલા તમામ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે પછી ખાલી પડનારી બેઠકો પર નોન સીમેટ એટલે કે સીમેટ આપી નથી તેવા વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવી છે. એટલે કે ત્રીજા રાઉન્ડથી નોન સીમેટ વિદ્યાર્થીઓ માટે કાર્યવાહી થતી હોય છે. દરવર્ષની જેમ ચાલુવર્ષે પણ સીમેટ કરતાં નોન સીમેટથી પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા અનેકગણી વધારે છે. નોન સીમેટ સાથે જુદી જુદી કોલેજોમાં ૧૩૪૭૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. આમ,નોન સીમેટ સાથે સૌથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. મહત્વની વાત એ કે, દરવર્ષે આ પ્રકારની સ્થિતિ ઉભી થતી હોવાછતાં સીમેટના માધ્યમથી પ્રવેશ આપવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે. સીમેટના કારણે

(અનુ. આઠમા પાને)

**બોટાદમાં કપાસનો 'કડદા' વિવાદ ઉગ્ર બન્યો**

# 'આપ' સમર્થિત પંચાયત પૂર્વે પથ્થરમારો : ડીવાયએસપી-પીઆઈ સહિતના કર્મચારીઓ ઈજાગ્રસ્ત

## પરિસ્થિતિ વણસતા પોલીસને ટીયરગેસના સેલ છોડવા પડ્યા : સરકારી વાહનોમાં તોડફોડ



**અબતક, રાજકોટ**

બોટાદના હડદડમાં થયેલા ગામલોકો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણમાં પોલીસ કર્મચારીઓને ખુબ જ મોટા પ્રમાણમાં ઈજા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પથ્થરમારામાં ડીવાયએસપીના પગમાં ફ્રેક્ચર થઈ ગયું છે તો પીઆઈને માથામાં પથ્થર વાગવાના કારણે સાત ટાંકા લેવા પડ્યા છે.

બોટાદ જિલ્લા એપીએમસીમાં કપાસના 'કડદા' (ભાવ કટોતરી) વિરુદ્ધ ચાલી રહેલા વિવાદે હડદડ ગામમાં મોટું ઘર્ષણ થયું હતું. આમ આદમી પાર્ટી (આપ) સમર્થિત ખેડૂત મહાપંચાયતને મંજૂરી ન મળતાં બબાલ ફાટી નીકળી હતી. જેમાં પોલીસ અને ગ્રામજનો વચ્ચે તીવ્ર ઘર્ષણ થયું હતું. કેટલાક લોકોએ પોલીસ પર મોટીમાત્રામાં પથ્થરમારો કર્યો હતો, જેના કારણે



### હડદડ ગામ પોલીસ છાવણીમાં ફેરવાયો: ચુસ્ત બંદોબસ્ત

હાલ હડદડ ગામમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. તેમજ હડદડ ગામમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલ છે. રેન્જ આઈજી સહિતના પોલીસ કાફલાએ મામલો થાળે પાડ્યો છે.

### મહાપંચાયતની મંજૂરી નહિ હોવાને કારણે પોલીસ કાફલો દોડી ગયો'તો

મહાપંચાયતને લઈને કોઈ મંજૂરી ન હોવાને કારણે હડદડ ગામે મોટી સંખ્યામાં પોલીસ કાફલો દોડી ગયો હતો, ત્યારે બોટાદના ડીએસપી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું હતું કે હડદડ ગામમાં ગેરકાયદેસર મહાપંચાયતનું આયોજન કર્યું હતું. તેથી પોલીસ ડીટેન કરવા માટે આવી હતી ત્યારે ગેરકાયદેસર લોકોએ મંડળી બનાવીને મહાપંચાયતનું આયોજન કર્યું હોય જેને ડીટેન કરવા આવતા કેટલાક લોકો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને પોલીસની ગાડીને પણ ઊંધી વાળી દેવામાં આવી હતી.

ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (ડીવાયએસપી) મહર્ષિ રાવલને પગમાં ફ્રેક્ચર થયું અને એલસીબી પીઆઈ એ. જી. સોલંકીને માથાના ભાગે ૭ ટાંકા લેવા પડ્યા છે. પરિસ્થિતિ વણસતા પોલીસે ટીયરગેસના સેલ છોડવા પડ્યા અને કેટલાક લોકોએ પોલીસ વાહનોના કાચ પણ તોડી નાખ્યા હતા. આ ઘટના શાંતિપૂર્વક વિરોધમાં કોણના ઈશારે પથ્થરમારો થયો અને અશાંતિ સર્જવાના તત્વો કોણ છે તેવા પ્રશ્નો ઉભા કરી દીધા છે.

હડદડ ગામ, જે બોટાદના

(અનુ. આઠમા પાને)

# ગુલાબી ઠંડીનો અહેસાસ: રાજકોટનું લઘુતમ તાપમાન ૧૯.૭ ડિગ્રી

## સવારે ઠંડી તો બપોરે ગરમીનો અહેસાસ, પવનોની દિશા બદલાતા બેવડી ઋતુની અસર પણ જોવા મળશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાંથી શુક્રવારે ચોમાસાની વિદાય સાથે શનિવારથી ઠંડીનો અનુભવ શરૂ થયો છે. રાજ્યના મુખ્ય ૧૭ શહેરો પૈકી ૧૨ શહેરોનું લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રીથી નીચું નોંધાયું હતું. રાજકોટ શહેરનું લઘુતમ તાપમાન ૧૯.૭ અને મહત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી નોંધાયું છે. જયારે હવામાં ભેજનું પ્રમાણ ૭૨ ટકા અને ૮ કિમી પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો હતો.

બીજી બાજુ ડીસા, ભૂજ, કંડલા અને રાજકોટમાં ઠંડીનો બે વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. જ્યારે અમદાવાદ, વડોદરા, ભાવનગર, ગાંધીનગર, નલીયા, અને સુરતમાં ગત વર્ષ કરતાં વધુ ઠંડી નોંધાઇ છે. સામાન્ય રીતે રાજ્યમાં ૨૫ ઓક્ટોબરની આસપાસથી ઠંડીની શરૂઆત થતી હોય છે. તેની સામે ચાલુ સાલે ૧૫ દિવસ વહેલાં ઠંડીની શરૂઆત થઇ છે. ઉલ્લેખનિય છે કે, રાજ્યના મુખ્ય ૧૭ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૭.૩ થી ૨૪.૯ ડિગ્રીની વચ્ચે રહ્યું હતું.

ચાલું વર્ષે એક બાજુ દેશમાંથી ચોમાસાની વિદાય અને બીજી બાજુ વેસ્ટર્ન ડિસ્ટબન્સના હિમાલયની પર્વતમાળામાં હિમવર્ષા શરૂ થઇ છે. સામાન્ય રીતે ચોમાસાની વિદાય બાદ રાજ્યમાં ધીમે ધીમે ઉત્તરના પવન શરૂ થતાં હોય છે, પરંતુ હાલ મોટાભાગે ઉત્તર-પૂર્વ અને ઉત્તર દિશાનો પવન ફૂંકાઇ રહ્યો છે. હિમવર્ષાના કારણે ઝડપી ઠંડી શરૂ થઇ છે.

ભાદરવાની ગરમી ખરીફ પાકોની પાકવાની અવસ્થાને મદદરૂપ થતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે ઓછી ગરમી રહી છે અને ઠંડીની શરૂઆત પણ થઇ છે. આ સ્થિતિમાં ઉતારો મોડો મળી શકે છે. બીજી કોઇ નુકશાન થવાની શક્યતા નથી. રવી વાવણીને કોઇ ખાસ અસર નહીં થાય. ઠંડીની વહેલી શરૂઆત થઇ છે એનો મતલબ એ નથી કે વહેલું વાવેતર કરવું જોઇએ. ખેડૂતોને સમયસર જ વાવેતર કરવું જોઇએ.